# DEEP ENERGY RESOURCES LIMITED

**(Formerly known as Deep Industries Limited)**
Regi Office Address : 12A & 14, Abhishree Corporate Park,
Ambli Bopal Road, Ambli, Ahmedabad – 380 058
E-Mail- info@deepenergy.ooo, Tel -02717-298510
CIN : L63090GJ1991PLC014833
Website: www.deepenergy.ooo

**August 20, 2021**

To,
Corporate Relations Department
**Bombay Stock Exchange Limited**
2nd Floor, P.J. Towers,
Dalal Street,
Mumbai – 400 001

To,
Corporate Relations Department
**National Stock Exchange of India Limited**
Exchange Plaza, Plot No. C/1, G-Block
Bandra Kurla Complex, Bandra (E),
Mumbai – 400 051

Company Code : 532760

Symbol: DEEPENR

Dear Sir/Madam,

**Sub.: Newspaper Advertisement – 31st Annual General Meeting of the Company**

Pursuant to regulation 30 & 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 we enclose copies of newspaper advertisement published in Jai hind (Gujarati) and Business Standard (English) in compliance with circular no. 20/2020 dated May 5, 2020 and circular no. 02/2021 dated January 13, 2021 issued by Ministry of Corporate Affairs (MCA Circular) intimating that 31st Annual General Meeting of the Members of the Company to be held on Friday, 17th September, 2021 at 11:00 a.m through Video Conferencing /Other Audio-Visual Means.

You are requested to consider the same for your reference and record.

Thanking You,

Yours faithfully,

**For Deep Energy Resources Limited**

**Dixita Soni**
**Company Secretary & Compliance Officer**

**Encl.: As Above**

‘ગુડ મોર્નિંગ

કટોકટી વચ્ચે પરિવારમાં હિત ઈચ્છનાર લોકોની કસૌટી થાય છે.’

# જય હિન્દ

પ્રકાશ ☒ પ્રગતિ ☒ પવિત્રતા

સ્થાપકઃ- બાબુભાઈ શાહ    તંત્રીઃ યશવંતભાઈ શાહ

આજનું હવામાન
અમદાવાદઃ૩૨/૨૬°C
સૂર્યોદય :૦૬-૧૭
સૂર્યાસ્તઃ ૭-૦૭

website: www.jaihinddaily.com પુસ્તક ૬૦ મું અંકઃ૨૦૪ સંવત ૨૦૭૭ શ્રાવણ સુદ-૧૩ શુક્રવાર, તા.૨૦-૮-૨૦૨૧, પાનાં ૧૬ કિંમત રૂા.૩.૫૦ @jaihinddaily @jaihinddaily

### તાલિબાનોએ ભારત સાથે આયાત-નિકાસ વ્યાપાર અટકાવી દીધો

# અફઘાનિસ્તાનમાં આઈએમએફે મદદ પર રોક લગાવી

(સં.સ.સેવા) કાબુલ,તા.૧૯

અફઘાનિસ્તાન પર કબજો કર્યા બાદ હવે તાલિબાનને ચારેય તરફથી ઝટકા મળવા લાગ્યાં છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડએ તાલિબાનના કબજા હેઠળના અફઘાનિસ્તાનને તેના સંસાધનોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. તમને જણાવી દઈએ કે અગાઉ અમેરિકાએ ૭૦૬ અબજ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી હતી. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ એટલે કે આઈએમએફના નિર્ણય બાદ તાલિબાનના કબજા હેઠળનું અફઘાનિસ્તાન હવે આઈએમએફના સંસાધનોનો ઉપયોગ કરી શકશે નહીં. એટલું જ નહીં હવે તેને કોઈ નવી મદદ મળશે નહીં.

## અફઘાનિસ્તાન હવે આઈએમએફના સંસાધનોનો ઉપયોગ નહીં કરી શકે

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડએ ૪૬ મિલિયન ડોલર એટલે કે લગભગ ૩૪૧૬.૪૩ કરોડ રૂપિયાના ઈમરજન્સી રિઝર્વમાં અફઘાનિસ્તાનની પહોંચને બ્લોક કરવાની જાહેરાત કરી છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ) સમક્ષ મંગળવારે અમેરિકાએ સેન્ટ્રલ બેંક ઓફ અફઘાનિસ્તાનની સંપત્તિ સ્થિર કરી દીધી હતી, જેની કિંમત આશરે ૯.૫ અબજ ડોલર અથવા આશરે ૭૦૬ અબજ રૂપિયા છે. એટલું જ નહીં, અમેરિકાએ અફઘાનિસ્તાનને રોકડનો પુરવઠો પણ બંધ કરી દીધો છે જેથી દેશના પૈસા તાલિબાનના હાથમાં ન જાય. આવી સ્થિતિમાં તાલિબાન ભલે બંદૂકના જોરે ૨૦ વર્ષ પછી અફઘાનિસ્તાનમાં પાછો ફર્યો હોય, પરંતુ આ હોવા છતાં તાલિબાન સાવ કંગાળ બનીને રહી જશે.

અફઘાનિસ્તાન પર કબ્જો જમાવી દેનારા તાલિબાનોએ હવે

**તાલિબાનના હાથમાં જાય તે પહેલા અમેરિકાએ સેન્ટ્રલ બેન્કની ૭૦૬ અબજની સંપત્તિ જપ્ત કરી**

ભારત સાથેની આયાત નિકાસ બંધ કરીને વ્યાપારીક સંબંધો પણ પડદો પાડી દીધો છે. તમામ માર્ગો પરથી વ્યાપાર થંભી ગયો હોવાનું બહાર આવ્યું છે.

ફેડરેશન ઓફ ઈન્ડીયા એક્ષપોર્ટ ઓર્ગેનાઇઝેશનના ડો. અજય સહાઇએ અફઘાનિસ્તાન સાથેના વેપાર બંધ થઇ ગયા હોવાની પૃષ્ટિ કરતા જણાવ્યું હતું કે આયાત નિકાસ બંધ થઇ ગયા છે. તાલિબાનોએ તમામ કાર્ગો મુવમેન્ટ અટકાવી દીધી છે. ભારત કાયમી ધોરણે પાકિસ્તાનના માર્ગે જ અફઘાનિસ્તાનમાં માલની સપ્લાય કરતું હતું પરંતુ હાલ તેને રોકી દેવામાં આવી છે. નિકાસ માલની માલની ફરી સપ્લાય શરૂ થાય છે કે કેમ તેના પર નજર છે પરંતુ અત્યારની સ્થિતિએ તો તાલિબાનોએ આયત નિકાસ અટકાવી દીધી છે. વેપાર મામલે ભારત અફઘાનિસ્તાનને સૌથી મોટું ભાગીદાર રાષ્ટ્ર છે. ૨૦૨૧માં ભારતે ૮૩.૫ કરોડ ડોલરની નિકાસ કરી હતી ત્યારે ૫૧ કરોડ ડોલરની આયાત કરી છે. ભારતીયો દ્વારા અફઘાનિસ્તાનમાં મોટા પાયે રોકાણ પણ કરાયું છે. ૪૦૦ જેટલી યોજનાઓમાં ૩ અબજ ડોલરનું રોકાણ છે. ભારત ચા, ખાંડ, કોફી, મસાલા સહિતની ચીજો નિકાસ કરે છે. ત્યારે ડ્રાયફ્રુટ, ડુંગળી જેવી ચીજો આયાત કરે છે. હવે વ્યાપાર બંધ થતા આ બધી ચીજવસ્તુઓના વેપારમાં સમસ્યા ઉભી થઇ શકે છે.

બીજી તરફ તાલિબાની પ્રવકતાએ એવું સ્પષ્ટ કહ્યું છે કે અફઘાનિસ્તાનમાં સરકારનું ગઠન થઇ ગયા બાદ વ્યાપાર સહિતના મુદાઓ પર ચિત્ર સ્પષ્ટ થઇ જશે.



આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીની સ્મૃતિના ભાગરૂપે ઈન્ડિયન એરફોર્સના દિલ્હી સ્ટેશનની તમામ મહિલાઓની બનેલી ટ્રી સવિસીસીસ પર્વતારોહી ટીમે હિમાચલ પ્રદેશના લાહૌલ સ્પિતી જિલ્લામાં આવેલ હિમાચલ પર્વતમાળાના રાજ્યમાં ૨૧.૬૨૫ સૌથી ઉંચા મનિરાંગ શિખર પર ગત ૧લી ઓગસ્ટે સફળ રોહણ કરી શિખર પર ઈન્ડિયન એરફોર્સના લોગો સાથે તિરંગો લહેરાવી રહેલી દશ્યમાન થાય છે.

### દેશમાં નવી સરકારની રચનાને લઈને વાટાઘાટો જારી

# અફઘાનમાં લોકશાહી નહી, શરિયા કાયદો લાગુ કરાશે

(સં.સ.સેવા) કાબુલ, તા.૧૯

જયાં સુધી તાલિબાન અફઘાનિસ્તાનમાં પોતાની નવી સરકારની રચના ન કરી લે ત્યાં સુધી એક કાઉન્સિલ દ્વારા આખા દેશને ચલાવવામાં આવશે. તાલિબાનીઓ હાલ અફઘાનિસ્તાનના નેતાઓ, સેનાના ઓફિસર્સ સાથે ચર્ચા ચાલુ રાખશે અને નવી સરકારના ફ્રેમવર્ક પર કામ કરવામાં આવશે. એક તાલિબાની નેતાએ જણાવ્યું કે, તાલિબાન તમામ નેતાઓ ઓફિસર્સ સાથે વાત કરી રહ્યું છે અને બધા સાથે વાત કર્યા બાદ નવી સરકારની રચના કરવામાં આવશે. જોકે હાલ કાઉન્સિલ જ અફઘાનિસ્તાનને ચલાવશે અને હૈબાતુલ્લાહ અખુંડઝાડા તેની આગેવાની કરી શકે છે. તાલિબાની કમાન્ડરના કહેવા પ્રમાણે તેમની નવી

**નવી સરકાર ના રચાય ત્યાં સુધી તાલિબાન નેતાઓની કાઉન્સિલ શાસન સંભાળશે**

સરકારને લઈ હજુ અનેક બાબતો સ્પષ્ટ કરવાની છે પરંતુ એક વસ્તુ નક્કી છે કે, અફઘાનિસ્તાનમાં લોકશાહી નહીં હોય. અમારા ત્યાં લોકશાહી સિસ્ટમનો બેઝ નથી માટે એ સ્પષ્ટ છે કે, મુલ્કમાં ફક્ત શરિયા કાયદો જ લાગુ કરવામાં આવશે. તાલિબાની નેતાઓએ થોડા દિવસ પહેલા અફઘાનિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ હામિદ કરજઈની મુલાકાત લીધી હતી. આગામી દિવસોમાં કતારના દોહા ખાતે યોજાનારી બેઠકમાં હામિદ કરજઈ પણ સામેલ થશે અને ત્યાં અફઘાનિસ્તાનમાં તાલિબાનની નવી સરકાર બનાવવાને લઈ ચર્ચા કરવામાં આવશે.

**કાબુલમાં તાલિબાનોનો અત્યાચાર શરૂ**

## કાબુલ એરપોર્ટ બહાર લોકો પર ફાયરિંગ, દંડા વરસાવ્યા

કાબુલ, તા.૧૯

કાબુલમાં તાલિબાને અત્યાચાર શરુ કરી દીધો છે અને એરપોર્ટ બહાર એકઠા થયેલા લોકો પર તાલિબાનોએ ફાયરિંગ કરી હોવાના અહેવાલો સામે આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે હાલમાં સિવિલિયન ફ્લાઈટસ બંધ છે.આમ છતા દેશ છોડવા માંગતા હજારો અફઘાનો રોજ કાબુલ એરપોર્ટ તરફ જઈ રહ્યા છે.એરપોર્ટની બહાર બુધવારે હજારો લોકો એકઠા થયા હતા અને તેમના પર તાલિબાન દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યુ હતુ અને ડંડા વડે માર મારવામાં આવ્યો હતો. અમેરિકાના એક અખબારના પત્રકાર માર્કસ યામે આ કાર્યવાહીમાં ઘાયલ થયેલા અફઘાની નાગરિકોની તસવીરો પણ બહાર પાડી છે.

નજરે જોનારા લોકોના કહેવા પ્રમાણે તાલિબાનો એરપોર્ટ પર પહોંચી રહેલા દરેક વ્યક્તિના કાગળીયા ચેક કરી રહ્યા હતા અને બહુ ઓછો લોકોને અંદર જવા દેતા હતા.ઘણા લોકો પાસે પાસપોર્ટ પણ નહોતા.એરપોર્ટનો ગેટ જ્યારે ખુલતો ત્યારે ભીડ અંદર ઘૂસવાની કોશીશ કરતી હતી.જેમને વિખેરવા માટે તાલિબાનોએ ફાયરિંગ કર્યુ હતુ.

**તાલિબાનના શાસન બાદ અફઘાનમાં ડરનો માહોલ**

## એરપોર્ટ પર વાડની બહાર બાળકોને ફેંકતી મહિલાઓ

કાબુલ, તા.૧૯

અફઘાનિસ્તામાં તાલિબાનનુ શાસન આવ્યા બાદ ડરનો માહોલ છે અને ખાસ કરીને અમેરિકાની સેનાને અગાઉ મદદ કરનારા લોકો અને મહિલાઓમાં ડર વધારે છે. આ સંજોગોમાં કોઈ પણ રીતે તાલિબાનથી બચવા માટે દેશ છોડવા મોટી સંખ્યામાં લોકો કાબુલ એરપોર્ટ પર પહોંચ્યા છે.એરપોર્ટની સુરક્ષા કરી રહેલા અમેરિકન અને બ્રિટિશ સૈનિકોએ એરપોર્ટની આસપાસ કાંટાળા તારની વાડ બનાવી છે. એરપોર્ટની સિક્યુરિટી કરી રહેલા ગાર્ડસનુ કહેવુ છે કે, મહિલાઓ એરપોર્ટમાં કોઈ પણ રીતે અંદર આવવા માટે મહિલાઓ કાંટાળા તારની વાડની પેલી તરફ પોતાના બાળકોને ફેંકી રહી છે અને સૈનિકોને બાળકોને પકડવા માટે અપીલ કરી રહી છે.

એક મીડિયા રિપોર્ટમાં સુરક્ષા કરી રહેલા જવાનોના અનુભવ વર્ણવામાં આવ્યા છે.જેમાં એક બ્રિટિશ અધિકારીએ કહ્યુ હતુ કે, મહિલાઓ જે રીતે બાળકોને ફેંકી રહી છે તે જોવુ દુખદ હતુ.કેટલાક બાળકો કાંટાળા તારની વાડમાં ફસાઈ ગયા હતા.

# સપ્ટેમ્બરમાં બાળકો માટે આવી શકે છે કોરોના વેક્સિન

(સં.સ.સેવા) નવી દિલ્હી, તા.૧૯

દેશમાં બાળકો માટે કોરોના વેક્સિન આગામી મહિને ઉપલબ્ધ થઈ શકે છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ-નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ વાયરોલોજીના ડાયરેક્ટર ડો. પ્રિયા અબ્રાહમે જણાવ્યું કે, બાળકો માટે કોરોના વેક્સિન આ વર્ષે સપ્ટેમ્બર કે ઓક્ટોબરમાં ઉપયોગ માટે ઉપલબ્ધ થઈ શકે છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગની એક ઓટીટી ચેનલ સાથે ઈન્ટરવ્યૂમાં અબ્રાહમે જણાવ્યું કે, હાલ ૨-૧૮ વર્ષના બાળકો માટે કોવેક્સિનના બીજા અને ત્રીજા તબક્કાની ટ્રાયલ ચાલી રહી છે. તેમણે કહ્યું કે આશા છે કે જલદી પરિણામ સામે આવી જશે. તેથી સપ્ટેમ્બર કે ત્યારબાદ આપણા બાળકો માટે કોવિડ-૧૯ની રસી ઉપલબ્ધ હશે.

તેમણે જણાવ્યું કે, કોવેક્સિન સિવાય ઝાયડસ કેડિલાની બાળકો

**દેશમાં ૫૬ કરોડથી વધુ વેક્સિનના ડોઝ અપાયા : હવે દેશમાં બાળકો માટે પાંચ વેક્સિન પર કામ ચાલી રહ્યું છે**

માટેની વેક્સિનની પણ ટ્રાયલ ચાલી રહી છે. ડો. પ્રિયા અબ્રાહમે કહ્યું- ઝાયડસ કેડિલાની રસી ઉપયોગ માટે ઉપલબ્ધ પ્રથમ ડીએનએ આધારિત રસી હશે. આ સિવાય જેનોવા બાયોફાર્માસ્યૂટિકલ્સ લિમિટેડની એમ-આરએનએ, બાયોલોજિકલ-ઈ વેક્સિન, સીરમની નોવાવેક્સ અને ભારત બાયોટેકની નેઝલ વેક્સિન પણ તૈયાર થઈ રહી છે.

ડેલ્ટા પ્લસ વેરિએન્ટ પર કોરોના વેક્સિન કેટલી પ્રભાવિત છે તે વિશે વાત કરતા ડો. અબ્રાહમે કહ્યું- ડેલ્ટા વેરિએન્ટની તુલનામાં ડેલ્ટા પ્લસના ફેલાવાની સંભાવના ઓછી છે. ડેલ્ટા વેરિએન્ટ ૧૩૦થી વધુ દેશોમાં છે. ફ્રૈંક માં અમે વેક્સીનેટેડ લોકોમાં બનેલી એન્ટીબોડી પર અભ્યાસ કર્યો અને આ વેરિએન્ટ વિરુદ્ધ તપાસ કરી. સ્ટડીમાં સામે આવ્યું કે ડેલ્ટા વેરિએન્ટ વિરુદ્ધ એન્ટીબોડીની અસરકારકતા બે-ત્રણ ગણી ઓછી થઈ જાય છે. છતાં રસી વેરિએન્ટ વિરુદ્ધ સુરક્ષાત્મક છે.

### મુંબઈમાં મંગળવાર રાતથી વરસાદ ચાલુ

# મહારાષ્ટ્રમાં આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી

(જી.એન.એસ.) મુંબઇ તા.૧૯

હવામાન ખાતાએ એવી માહિતી આપી હતી કે આજે લગભગ ૧૫ દિવસના ડ્રાય સ્પેલ(વરસાદ નહી વરસવો-કોરું આકાશ) બાદ મુંબઇ સહિત મહારાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં ફરીથી વરસાદી માહોલ સર્જાયો છે.

મુંબઈમાં મંગળવાર રાતથી જ વરસાદ વરસવાનું શરૂ થયું છે.આજે બુધવારે સવારથી આખા મુંબઈમાં મધ્યમથી ભારે વર્ષા થઇ હતી.પશ્ચિમનાં બોરીવલી, કાંદિવલી,મલાડથી લઈને સાંતાક્રૂઝ તથા દાદર, લોઅર પરેલ સુધી અને પૂર્વનાં પરાં ઘાટકોપર, પવઈ, વિક્રોલીમાં સંતોષકારક વર્ષા થઇ હતી. જોકે આજે સવારથી મુંબઇનું ગગન ગોરંભાયું હતું અને આકાશમાં કાળાં ડિબાંગ વરસાદી વાદળોનો જમઘટ જામ્યો હતો.પરિણામે દિવસે પણ ઘોર અંધકારનું વાતાવરણ સર્જાયું હતું. આજે મુંબઇના કોલાબામાં રાતના ૮-૩૦ સુધીમાં ૪૮.૪ મિલિમીટર જ્યારે

**મધ્ય મહારાષ્ટ્રમાં ચોમાસુ તીવ્ર બન્યુ**

સાંતાક્રૂઝમાં ૩૬.૬ મિલિમીટર વર્ષા નોંધાઈ છે.આજે બુધવાર સુધીમાં કોલાબામાં કુલ ૬૬.૨૯ ઈંચ જ્યારે સાંતાક્રૂઝમાં કુલ ૮૯.૪૩ ઈંચ વરસાદ નોંધાયો છે. બીજીબાજુ ઉત્તર કોંકણનાં થાણે-૧૯.૨, ડહાણુ (૨૪.૪), અલીબાગ(૨૫.૧), દક્ષિણ કોંકણનાં રત્નાગિરિ-૭.૯, હર્ણાઈ-૩૪.૦, મધ્ય મહારાષ્ટ્રનાં પુણે-૪.૦, અહમદનગર-૨.૬ અને માથેરાનમાં ૪૦.૦ મિલિમીટર વર્ષા નોંધાઈ હોવાના સમાચાર મળે છે.સાથોસાથ વિદર્ભનાં અકોલા, ચંદ્રપુર,નાગપુર, ભંડારા જિલ્લામાં પણ અમુક સ્થળોએ મુશળધાર વરસાદ વરસ્યો હોવાના સમાચાર મળે છે.હવામાન ખાતાએ એવી આગાહી કરી છે કે મુંબઈમાં આવતા ૪૮ કલાક દરમિયાન અમુક પરાંમાં મધ્યમથી ભારે વર્ષા થવાની શક્યતા છે. આવતા ૨૪ કલાક દરમિયાન પાલઘરમાં ભારે વર્ષા(યલો એલર્ટ) જ્યારે નંદુરબારમાં પણ આવતા ૨૪ કલાક દરમિયાન ભારે વરસાદ (યલો એલર્ટ) વરસે તેવી શકયતા છે.સાથોસાથ ૧૯,૨૦-ઓગસ્ટ દરમિયાન વિદર્ભનાં અકોલા,અમરાવતી,બુલઢાણા, નાગપુર અને વાશીમમાં પણ ભારે વર્ષા (યલો એલર્ટ) થાય તેવી સંભાવના છે.



રાજસ્થાનના જોધપુર સ્થિત ડીઆરડીઓની ડીફેન્સ લેબોરેટરી દ્વારા રડારમાં પણ વિમાન ના પકડી શકાય તેવી રડારને નિષ્ફળ બનાવતી નવી વિકસાવેલી એડવાન્સ ચાફ ટેકનોલોજીથી ભારતીય વાયુસેનાનું યુધ્ધ વિમાન સજ્જ થયેલું દશ્યમાન થાય છે.

# રાજૌરીમાં અથડામણમાં એક આતંકવાદી ઠાર, જવાન શહીદ

શ્રીનગર, તા.૧૯

જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. રાજૌરીના થન્ના મંડી વિસ્તારમાં આતંકીઓ સાથે ચાલી રહેલા એનકાઉન્ટરમાં સુરક્ષા દળોએ એક આતંકીને ઠાર કરી દીધો છે. પરંતુ આ દરમિયાન ભારતીય સેનાના જેસીઓ પણ શહીદ થઈ ગયા છે. સેના, સીઆરપીએફ અને જમ્મુ-કાશ્મીર પોલીસ મળીને જોઈન્ટ ઓપરેશન ચલાવી રહ્યાં છે અને વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. રાજૌરીમાં સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે અથડાણ ગુરૂવારે બપોરે શરૂ થઈ અને આ વિસ્તારમાં ત્રણ-ચાર આતંકીઓ છુપાયેલા હોવાની આશંકા છે.

### તાલિબાને કબજો કર્યા બાદ

# અમેરિકાએ અફઘાનિસ્તાન સાથેના તમામ શસ્ત્ર સોદા હાલ રદ કરી દીધા

વોશિંગ્ટન તા.૧૯

અફઘાનિસ્તાન સંકટ વચ્ચે અમેરિકી સરકારે એક મોટો નિર્ણય લીધો છે. આમા, બાઈડેન વહીવટી તંત્રે અફઘાન સરકાર સાથેના તમામ હથિયારોના સોદા અત્યારે રદ કર્યા છે. આ તાલિબાન દ્વારા અફઘાનિસ્તાન પર કબજો કર્યા બાદ કરવામાં આવ્યું છે. યુએસ સરકારે બુધવારે ગૃહમંત્રાલયના રાજકીય-લશ્કરી બાબતોના બ્યુરોએ નોટિસ મોકલી છે. તેમાં લખવામાં આવ્યું છે કે અફઘાનિસ્તાનમાં પરિસ્થિતિ ઝડપથી બદલાઇ રહી છે. ડિરેક્ટરોરેટ ઓફ ડિફેન્સ સેલ્સ હાલમાં તમામ પેન્ડીંગ અને જારી કરાયેલા એક્સપોર્ટ લાયસન્સની



તપાસ કરી રહ્યું છે. આગળ કહેવામાં આવ્યું છે કે, આવનારા દિવસોમાં જે પણ નવો આદેશ આપવામાં આવશે તેના વિશે સંરક્ષણ સાધનોના નિકાસકારોને માહિતી આપવામાં આવશે.

યુએસ પ્રમુખ જો બાઈડન અને યુકેના વડાપ્રધાન બોરિસ જોનસન અફઘાનિસ્તાનમાં ઝડપથી બદલાતા ઘટનાક્રમ પર નજર રાખી રહ્યા છે. બંને આગામી સપ્તાહે જી-૭ દેશોની ડિજિટલ બેઠક કરશે. બંનેએ અફઘાન મુદ્દે ફોન પર વાત કરી. બંને શરણાર્થીઓ અને અન્ય અફઘાન નાગરિકોને વૈશ્વીક સમુદાય કેવી રીતે માનવીય સહાય અને સહયોગ પુરી પાડી શકે તેની ચર્ચા કરશે.

**અફઘાનિસ્તાનમાં ઝડપથી બદલાતા ઘટનાક્રમ પર અમેરિકી પ્રમુખ અને બ્રિટીશ વડાપ્રધાનની નજર**

# વેક્સિન લીધા છતાં પીછો નથી છોડતો ડેલ્ટા; એન્ટીબોડીને પણ ત્રણ ગણી ઘટાડી નાખે છે

નવીદિલ્હી, તા.૧૯

કોરોના વાયરસની બીજી લહેરમાં કહેર વરસાવનારો 'ડેલ્ટા' વેરિયેન્ટ અત્યંત સંક્રમક છે. એક અભ્યાસ અનુસાર આ વેરિયેન્ટ વેક્સિન લઈ ચૂકેલા લોકોને પણ સંક્રમિત કરી રહ્યો છે. ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)એ ચેન્નાઈમાં આ અભ્યાસ કર્યો હતો. અભ્યાસ અનુસાર ડેલ્ટા વેરિયેન્ટ વેક્સિન લઈ ચૂકેલા અને વેક્સિન નથી લીધી તેવા લોકોને સંક્રમિત કરી રહ્યો છે. વેક્સિન લઈ ચૂકેલા લોકોમાં આ વેરિયેન્ટથી સંક્રમણ બાદ મોતનો ખતરો ઘણો વધી જાય છે. આ અભ્યાસ ૧૭ ઓગસ્ટે જર્નલ ઓફ ઈન્સ્પેક્શનમાં પ્રસિદ્ધ થયો છે.

અભ્યાસ બાદ ધ્યાન પર આવ્યું કે ડેલ્ટા અથવા બી.૧.૭.૬૧૭.૨ વેરિયેન્ટ વેક્સિનેટેડ અને નોન વેક્સિનેટેડ બન્ને ગ્રુપમાં જોવા મળ્યું છે. દુનિયાભરમાં આ જ સ્ટ્રેન સૌથી વધુ ફેલાયેલું છે અને ભારતમાં બીજી લહેર પાછળ એ જ જવાબદાર હતું. આઈસીએમઆરે પોતાના રિપોર્ટમાં



અન્ય અભ્યાસનો હવાલો પણ આપ્યો છે જેમાં ડેલ્ટા વેરિયેન્ટથી સંક્રમણ બાદ કોવિશીલ્ડ અને કોવેક્સિન લેનારા લોકોની એન્ટીબોડીઝની તાકાત ઘટવાની વાત કહેવામાં આવી છે. અભ્યાસ અનુસાર સંપૂર્ણ રીતે વેક્સિનેટેડ લોકોમાં બ્રેકથ્રૂ ઈન્ફેક્શન હોવા પાછળ આ જ કારણ હોઈ શકે છે.

ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડિસલ રિસર્ચ-નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજીના ડાયરેક્ટર ડો.પ્રિયા અબ્રાહમના જણાવ્યા મુજબ ડેલ્ટા ૧૩૦થી વધુ દેશોમાં ફેલાયો છે. તેમણે કહ્યું કે અમે નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ વાયરોલોજીમાં વેક્સિનેટેડ લોકોમાં બનેલી એન્ટીબોડી ઉપર અભ્યાસ કર્યો છે જે પછી અમને ખબર પડી છે કે ડેલ્ટા વિરુદ્ધ એન્ટીબોડીઝની અસરકારકતા બેથી ત્રણ ગણી ઘટી જાય છે આમ છતાં વેક્સિન વેરિયેન્ટ સામે સુરક્ષા જરૂર પૂરી પાડે છે.

અભ્યાસમાં ફરી એક વખત એ વાત સ્પષ્ટ થઈ છે કે વેક્સિન ભલે સંક્રમણથી ન બનાવી શકે પરંતુ જિંદગી જરૂર બચાવી શકે છે. ગંભીર બીમારી અને મૃત્યુનો ખતરો વેક્સિન લઈ લીધેલા લોકોમાં ઓછો જોવા મળ્યો છે. વેક્સિન લઈ ચૂકેલા ગ્રુપમાં એક પણ મોત જોવા મળ્યું નથી જ્યારે વેક્સિન નહીં લેનારા સાત લોકોના મોત થયા છે.

## આઈસીએમઆરનો રસપ્રદ અભ્યાસઃ જો કે વેક્સિન લીધા બાદ ડેલ્ટા જીવ નથી લઈ શકતો

મ.પ્ર.નો એક એવો વિસ્તાર જ્યાં વાયરસ ડોકાયો નથી

# મ.પ્રદેશના પાતાળલોકમાં કોરોનાનો એક પણ કેસ નથી

ભોપાલ, તા.૧૯

**ભારતમાં પાછલા દોઢ વર્ષથી વધુ સમયથી કોરોના ફેલાયેલો છે, આમ છતાં મધ્યપ્રદેશના છિંદવાડા જિલ્લામાં આવેલો રહસ્યમય પાતાળકોટના એક ડઝન ગામોમાં કોરોનાનો એક પણ કેસ નથી નોંધાયો. અહીં પર્વતની શીલાઓના લીધે લોકો સીધા તડકાથી બચી શકે છે. આ જગ્યા ધરતીથી ૩૦૦૦ ફૂટ નીચે આવેલી હોવાનું મનાય છે.**

## પર્વતની શીલાઓના લીધે લોકો સીધા તડકાથી બચી શકે છે, આ જગ્યા ધરતીથી ૩૦૦૦ ફૂટ નીચે આવેલી છે

આ ગામને લઈને હવે અનેક આશ્ચર્ય થઈ રહ્યા છે. ભોપાલથી ૨૫૦ કિલોમીટર દૂર આવેલા સાતપુડાની પર્વત માળા વચ્ચે આવેલા પાતાળકોટને ધુંધ અને મિથકની ભૂમિ તરીકે ઓળખવામાં આવે છે. એવી પણ માન્યતાછે કે આ એ જગ્યા છે જ્યાં સીતા પૃથ્વી પર ઉતર્યા હતા, જ્યારે કેટલાક લોકો કહે છે કે આ હનુમાન દાદાએ અને ભગવાન રામ અને લક્ષ્મણને બચાવવા માટે અહીંથી પ્રવેશ કર્યો હતો. આ પ્રકારના અન્ય માન્યતાઓ પણ અહીં ફેલાયેલી છે. આ માન્યતાઓના લીધે જ અહીં બપોરના સમયે પાતાળકોટમાં સાંજનો અહેસાસ થાય છે. વેલીની વચ્ચે આવેલા ગામમાં ઉગતી ઔષધીઓને ખજાનો માનવામાં આવે છે.

સરકારી આંકડા પ્રમાણે પાતાળકોટમાં ૨૧ ગામડા આવેલા છે, પરંતુ ડઝન જેટલા જ ગામ અહીં સારી રીતે વસેલા છે. અન્ય ગામોમાં ઝૂપડીઓ છે જ્યાં ભૂરિયા પ્રજાતીના લોકો રહે છે. અહીંથી ઔષીઓ પણ મળી આવે છે. જેની વચ્ચે લોકો જીવન જીવે છે. થોડા વર્ષો પહેલા આ લોકો વેલીમાંથી થોડા ઉપર આવ્યા છે, માટે ચારથી પાંચ કલાક સુધી તડકો આવે છે.

બ્લોક મેડિકલ ઓફિસર ડૉક્ટર નરેશ લોધીએ જણાવ્યું કે, પાતાળકોટના ગામોમાં કોઈ કોવિડ કેસ નથી નોંધાયો. અહીંથી અમે ૭૦૦ લોકોના સેમ્પલ લીધા છે. આની પાછળનું કારણ એ જણાય છે કે અહીં બહારના લોકોનું પહોંચવું મુશ્કેલ છે. થોડા વર્ષો પહેલા અહીંથી બહાર જવા અને અંદર આવવા માટે માત્ર દોરડું જ એકમાત્ર રસ્તો હતો. હવે ગામ સુધી પહોંચવા માટે રસ્તો બની ગયો છે. જોકે, ગામમાં પહોંચવું સરળ નથી, રસ્તો ઘણો કઠીન છે. આ ધરતી પર આવનારા લોકો પર સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા નજર રાખવામાં આવે છે. બહારના લોકો સાથે ગામવાળા સંપર્કમાં ના હોવાથી પાતાળકોટ નિવાસી વાયરસથી બચી શક્યા છે. ડૉક્ટર લોધી જણાવે છે કે, કોરોનાની પહેલી લહેર દરમિયાન અહીં બે કેસ નોંધાયા હતા, પરંતુ તેમની ટ્રાવેલ હિસ્ટ્રી હતી. તેઓ અન્ય જગ્યાએથી પરત આવ્યા હતા. પાતાળકોટમાં કોઈ વ્યક્તિ સંક્રમિત નથી થઈ.

ડૉ. લોધી કહે છે કે શરુઆતમાં તો ગ્રામજનો અમારી ટીમને પણ અહીં આવવાની મંજૂરી નહોતા આપતા, તેમના સેમ્પલ લેવા માટે પણ પગપાળા જવું પડ્યું હતું. જેને લઈને ઘણી અફવા પણ ઉડી અને વિરોધ પણ થયો હતો, પરંતુ અંતમાં લોકોને સમજાવવામાં આવ્યા હતા.

# ઓનલાઈન ઈફેક્ટઃ બાળકો લખવાનું ભુલવા લાગ્યા

નવી દિલ્હી તા.૧૯

**દેશમાં કોરોનાકાળમાં શિક્ષણ હજુ નોર્મલ થયુ નથી. મોટાભાગે ઓનલાઈન કલાસ જ ચાલી રહ્યા છે. પરિણામે બાળકો લખવાનું ભુલવા લાગ્યા હોવાના ચોંકાવનારા તથ્યો બહાર આવ્યા છે.**

## દેશના ૫૫ ટકા બાળકો લખવાનું ભુલી રહ્યાનો સર્વેમાં ચોંકાવનારો ખુલાસોઃ ૪૫ ટકા વિદ્યાર્થીઓનું લખાણ-અક્ષરો ખરાબ થઈ ગયા

રાષ્ટ્રીય પ્રશિક્ષણ પરિષદ (એનસીઈઆરટી) દ્વારા કરાવાયેલા રાષ્ટ્રવ્યાપી સર્વેમાં એવા તારણો નીકળ્યા છે કે ૫૫ ટકા બાળકો લખવાનું ભુલવા લાગ્યા છે જયારે ૪૫ ટકા બાળકોના લખાણ-અક્ષરો ખરાબ થઈ ગયા છે. ધો.૪થી ૧૦નાં વિદ્યાર્થીઓ પર કરાયેલો આ સર્વે માર્ચ ૨૦૨૦થી ફેબ્રુઆરી ૨૦૨૧ દરમ્યાન કરવામાં આવ્યો હતો. સરકારી તથા ખાનગી સ્કુલોના ૧૦૦૦૦ વિદ્યાર્થીને સર્વેમાં આવરી લેવાયા હતા.

સર્વે રીપોર્ટમાં એવો પણ ખુલાસો થયો છે કે જે વિદ્યાર્થીઓ



ઓનલાઈન અભ્યાસમાં પણ સામેલ નથી થતા તેના શિક્ષણ પર અસર વધુ ભયંકર છે. સરકારી સ્કુલોમાં ભણતા વિદ્યાર્થીઓના લખાણ પર વધુ અસર માલુમ પડી હતી.

સર્વેમાં સામેલ સભ્ય અરૂણકુમારે કહ્યું હતું કે દોઢ વર્ષથી સ્કુલો બંધ હોવાના કારણોસર શૈક્ષણિક માહોલ ખરાબ થયો છે. સૌથી વધુ અસર લખવાની આદત પર પડી છે. સર્વે મુજબ ૭૦ ટકા બાળકોએ સ્કુલ નોટબુક કબાટમાંથી બહાર જ કાઢી ન હતી. રાજયવાર સ્થિતિ ચકાસવામાં આવે તો સૌથી વધુ ખરાબ હાલત ઝારખંડમાં બિહારમાં ૬૫ ટકા બાળકો લખવાનુ ભુલી રહ્યાનું અને ૭૫ ટકાનું લેખન ખરાબ થયાનું માલુમ પડયુ છે. ઝારખંડમાં ૭૪ ટકા બાળકો લખવાનું ભુલી રહ્યા છે. દિલ્હીમાં ૪૫ ટકા, ઉતરપ્રદેશમાં ૫૫ ટકા તથા ઉતરાખંડમાં ૫૦ ટકા બાળકો લખવાનું ભુલી રહ્યા છે.

### વિદ્યાર્થીઓ કેમ લખવાનું ભુલે છે?

- ★ ઓનલાઈન શિક્ષણમાં શિક્ષકો પીડીએફ મોકલી દયે છે એટલે બાળકો તો લખવાને બદલે ગોખી લેવાનું પસંદ કરે છે.
- ★ લખાણ અથવા નોટનું શિક્ષણ જ ન અપાયું.
- ★ અભ્યાસ સામગ્રીની બાળકો ઝેરોકસ કરાવી લ્યે છે અને લખતા નથી.
- ★ સંખ્યાબંધ સ્કુલોમાં વિદ્યાર્થીઓ એક કે બે સપ્તાહમાં માંડ એકાદ વખત કાંઈક લખે છે એટલે લખવાનું ભુલી ગયા.

ભારતની રેટિંગ એજન્સી ઈન્ડિયા રેટિંગ્સ દ્વારા અનુમાન

# પુખ્તોને વેક્સિન લાગી જાય તો જીડીપી ૯.૬ ટકાએ પહોંચશે

નવી દિલ્હી, તા.૧૯

ભારતની રેટિંગ એજન્સી ઈન્ડિયા રેટિંગ્સ દ્વારા વર્તમાન નાણાકીય વર્ષમાં ભારતના આર્થિક ગ્રોટ રેટનુ અનુમાન ઘટાડવામાં આવ્યુ છે. એજન્સીનુ કહેવુ છે કે, કોરોનાની બીજી લહેર બાદ દેશમાં આર્થિક હિલચાલે વેગ પકડ્યો છે પણ કોરોનાની વેક્સીન આપવાના અભિયાન પર ઘણો આધાર છે.હાલની સ્થિતિ જોતા ૩૧



ડિસેમ્બર સુધી તમામ પુખ્ય વયના વ્યક્તિઓને દેશમાં કોરોના વેક્સીન મળે તેવુ લાગતુ નથી.આ ટાર્ગેટ હાંસલ કરવા માટે રોજ ૫૨ લાખ ડોઝ આપવા પડે તેમ છે.

એજન્સીનુ કહેવુ છે કે, દેશમાં જો ડિસેમ્બર સુધી પુખ્તવયના લોકોને વેક્સીન લાગી જશે તો વર્તમાન નાણાકીય વર્ષમાં જીડીપી ૯.૬ ટકા પહોંચી શકે છે અને એવુ નહીં થાય તો જીડીપી ૯.૧ ટકા રહેશે. રેટિંગ એજન્સીનુ કહેવુ છે કે, હાલની વેક્સિનેશનની ઝડપની જોતા લગભગ નક્કી છે કે, ૧૮ વર્ષથી વધારે વયના તમામ લોકોને વેક્સીન નહીં લગાવી શકાય.

જોકે કેટલાક સંકેતો એવા છે કે, જેના કારણે અર્થતંત્ર વેગ પકડી રહ્યુ હોય તેમ લાગે છે.જેમ કે વાવણીમાં તેજી આવી છે અને એક્સપોર્ટ પણ વધી રહી છે.બીજી પણ કેટલીક રેટિંગ એજન્સીઓએ પણ ઈકોનોમિક ગ્રોથમાં રિકવરી માટે વેક્સીનેશનમાં ઝડપ કરવા માટે સરકારને અપીલ કરી છે.

# ભૂતપૂર્વ ગૃહપ્રધાન દેશમુખની સામે લૂક આઉટ નોટીસ બહાર પાડવામાં આવે એવી શકયતા

મુંબઈ તા.૧૯

મહારાષ્ટ્રના માજી ગૃહપ્રધાન એન્ફોર્સમેન્ટ વિભાગે પૂછપરછ માટે સમન્સ મોકલ્યા છતાં આજે હાજર રહ્યા નહોતા. ઈડીએ પાંચમી વખત દેશમુખને સમન્સ આપ્યા હતા.બીજીતરફ ઈડીને ઓફિસમાં અરજી લઈને આવેલા વકીલે પૂછપરછ માટે દેશમુખના હાજર ન રહેવા બદલ માહિતી આપી હતી. મની લોન્ડરિંગ કેસમાં ઈડી દ્વારા દેશમુખની ધરપકડની શકયતા છે.

આર્થિક ગેરવ્યવહારના પ્રકરણમાં દેશમુખની સામે ઈડી અને સીબીઆઈ તપાસ હાથધરી છે. આ મામલામાં અગાઉ ચાર વખત ઈડીએ દેશમુખને સમન્સ આપ્યા હતા. પણ દેશમુખ, તેમની પત્ની, પુત્ર હાજર થયા નહોતા. તેમને ઈડી દ્વારા ફરી સમન્સ મોકલી આજે બોલાવવામાં આવ્યા હતા. આમ છતાં આજે પણ દેશમુખ ઈડીની ઓફિસમાં હાજર થયા નહોતા પણ દેશમુખના વકીલ ઈંદરપાલ સિંહ અરજી દાખલ કરવા ઈડીની ઓફિસમાં આવ્યા હતા. દરમિયાન વકીલે જણાવ્યું હતું કે અમે ઈડીને થો ડા સમય માટે રાહ જોવાનુ કહ્યું છે.આ મામલે સુપ્રીમ કોર્ટમાં અમે અરજી કરી છે.

સુપ્રીમ કોર્ટના ચુકાદો આવે ત્યાં સુધી કાર્યવાહી રોકવામાં આવે. અમારી ભૂમિકા બાબતે ઈડીને પત્ર આપ્યો છે. અમે તપાસમાં પૂર્ણ સહયોગ આપી રહ્યા છીએ. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ પૂછપરછ માટે જરૂરી હાજર રહીશુ.

# શીના બોરા હત્યા કેસમાં આરોપી ઈન્દ્રાણીએ લીગલ ટીમ બદલાવી

મુંબઈ તા.૧૯

શીના બોરા હત્યા કેસમાં છ વર્ષ બાદ સીબીઆઈએ વિશેષ કોર્ટને વિધિવત જાણ કરી છે કે તેઓ અ કેસમાં વધુ તપાસ કરશે નહીં. ૨૦૧૨માં બહાર આવેલી કથિત હત્યાની ઘટનામાં સીબીઆઈએ તપાસ બંધ કરવામાં અવાતી હોવાની જાણકારી આપીહોવાનું વિશેષ કોર્ટે નોંધ્યું હતું.

કેસના આરોપી ઈન્દ્રાણી મુખરજી અનપે પૂર્વ પતિ પીટર મુખરજી અનપે સંજીવ ખન્ના સામે પુરક આરોપનામું નોંધાવકી વખતે તપાસ ખુલી રાખવામાં આવીહતી.આરોપી ડ્રાઈવર શ્યામવર રાય તાજનો સાક્ષી બનીને સરકારી વતી સાક્ષીદાર બન્યો હતો. મુખરજીએ પોતાના નવા વકિલ મારફત પત્ર મોકલાવ્યો હતો કે તે અગાઉની બચાવ ટીમને છૂટી કરીરહી છે.




# પુખ્ત લોકો કરતા બાળકોમાં ૫૦ ટકા વધુ કેલેરી બળે છે

દિલ્હી તા.૧૯

એક નવા અભ્યાસ મુજબ એક વર્ષનું બાળક પુખ્ત વયના લોકો કરતા ૫૦ ટકા ઝડપથી તેના શરીરની કેલેરી બર્ન કરે છે. ડયુક વિશ્વ વિદ્યાલયના એક અભ્યાસમાં કહ્યું કે સમય જતા આપણા શરીરની કેલરી બર્ન કરવાની ક્ષમતા ઘટી જાય છે. તારણોથી જાણવા મળે છે કે શરુઆતમાં આપણા શરીરની કેલેરી બાળવાની ક્ષમતા વર્ષોથી સર્વોચ્ચ છે જે આપણી ઉંમર પ્રમાણે ઘટતી જાય છે.

આપણે જેમ જેમ મોટા થતા જાય તેમ આપણા શરીરમાં ફેરફાર આવે છે. પરંતુ આપણું મેટાબોલીઝમ નો સમય બદલાવ સાથે મેળ ખાતો નથી. એવું કહેવામાં આવે છે કે કિશોરાવસ્થા અથવા ૨૦ વર્ષમાં વ્યક્તિ સૌથી વધુ કેલેરી બર્ન કરે છે. પરંતુ અભ્યાસ મુજબ એવું નથી. વજનના હિસાબે જોવા જઈએ તો બાળકોમાં મેટાબોલીઝમની માત્રા સૌથી વધુ હોય છે. પોન્ટેઝરે વિશ્વના ૨૯ દેશોના ૬૬૦૦ લોકો પર અભ્યાસ કર્યો છે. જેમાં એક અઠવાડીયાથી લઈ ૯૫ વર્ષના વૃદ્ધોનો સમાવેશ થાય છે.

## અમૃત બિંદુ



શ્રી સ્વામિનારાયણ મંદિર - કુમકુમ

દુર્જન અને સજ્જનમાં ફરક શું ? દુર્જન માણસ પોતાને મળેલી બુદ્ધિથી અભિમાન કરે છે, સંપત્તિથી અભિમાન કરે છે, શક્તિથી બીજાને હેરાન કરે છે. જ્યારે સજ્જન માણસ બુદ્ધિથી જ્ઞાન મેળવે છે, સંપત્તિથી દાન કરે છે, અને શક્તિથી બીજાની રક્ષા કરે છે. માટે આપણે હંમેશા આપણને જે કાંઈ મળ્યું હોય તેનાથી બીજાને મદદ રૂપ થવાય તેવી રીતે સદ્ઉપયોગ કરવો જોઈએ.

# 'લઘુતામાં પ્રભુતા વસે'

એક ગામમાં કોઇ વ્યક્તિ ગયેલ અને તેણે પૂછયું કે આ ગામમાં કોઇ મોટી વ્યક્તિનો જન્મ થયો છે. તો ત્યાં ના લોકોએ કહ્યું કે કોઈપણ વ્યક્તિ મોટી થઈને નથી જન્મ લેતી. જન્મ લે છે ત્યારે તે વ્યક્તિ નાની જ હોય છે પણ પોતાની શક્તિથી-કાર્યથી વ્યક્તિ મોટી બને છે.

શ્રાવણ શુકલા દ્વાદશીના જેમનો જન્મ થયો છે. એવા પ્રવર્તિની પૂજય સાધ્વીવર્યા વાચંયમાશ્રીજી મ.સા. (બેન મ.સા.) નું વ્યક્તિત્વ અજબ-ગજબનું છે. તેઓશ્રી પોતાની શક્તિથી વિશ્વમાં વિખ્યાત છે.

તેઓશ્રી પરમ પ્રકૃષ્ટ પુણ્યના સ્વામિની છે તેની પાછળનું રહસ્ય વિચારતાં એ જ ખ્યાલ આવે છે કે તેઓ કોઇના પણ દુઃખને જોઇ નથી શકતા તેમનું દિલ દ્રવી ઉઠે છે અને તેમના દુઃખને દૂર કરવા માટે તે આત્માને પ્રભુભક્તિ જાપ-જીવદયાના કાર્યમાં જોડીને તે આત્માનું દુઃખ દૂર કરવા પ્રયત્નશીલ રહે છે.

તેમના જીવનમાં પ્રભુભક્તિ-ગુરુભક્તિ-અને જીવભક્તિ રહેલી છે. તેમની સાથે પૂજન કરવાનો અવસર મળે ત્યારે જે સંવેદનાત્મક ભાવનાઓમાં ઓતપ્રોત કરી દે કે જેનાથી અષ્ટપ્રકારી પૂજા વિગેરે કરતા કંઈક વિશિષ્ટ ભાવોમાં લઈ જાય છે. તે રીતે પોતે અને અન્યને પ્રભુભક્તિ માં જોડતાં રહે છે.

ગુરૂભક્તિના કારણે 'લબ્ધિ-વિક્રમ-રાજયશ'ગુરૂની પરંપરાની નિરંતર સેવામાં રત રહ્યા છે ત્રણ-ત્રણ પેઢીથી આવતી ગુરુપરંપરામાં એજ સેવા-સમર્પણથી ગુરુના હૃદયને જીતી શકયા છે. જીવભક્તિમાં આમ જુઓ તો સમસ્ત જનતાની મનોવ્યથા સાંભળે છે. ખૂબ જ ઉંડાણથી સમજીને તેમના વિચારોને બદલવાનો પ્રયત્ન કરીને પ્રભુના જાપમાં જોડીને તેના કષ્ટોને દૂર કરવા કટિબદ્ધ રહે છે આ રીતે એમનું વ્યક્તિત્વ તો વિશ્વવ્યાપી બનતું ગયું. કોઈ પણ ફીલ્ડમાં એવું નથી બન્યું કે તેમનું તેમણે જ્ઞાન ન

### કોઈપણ વ્યક્તિ મોટી થઈને નથી જન્મ લેતી

હોય અર્થાત્ બહુધા પ્રત્યેક વિષયનું જ્ઞાન છે. તેમના માતૃશ્રી અને પોતે પણ બેનો એમ ચારેય જણા પરિવારમાંથી દિક્ષિત થયા છે ચારેય જણાએ જિનશાસન અને સમુદાયના ગૌરવ વૃદ્ધિ માટે જે ભોગ આપ્યો છે તે ઐતિહાસિક છે.

તેઓશ્રીના વચને લોકોએ વ્યસનો છોડી દીધા છે કેટલાંય આત્માઓ ધર્મમાં જોડાયા છે. તેમની પ્રેરણાએ પરિવારના કલેશો દૂર થયા છે. તેમની પ્રેરણાએ લોકો લાખો નહીં પણ કરોડો રૂપિયા ખર્ચ કરી પોતાને કૃતકૃત્ય માને છે. કેટલાય લોકો ગુપ્તદાન કરે છે. પરમગુરુ ભક્તોએ તીર્થનું નિર્માણ કરેલ છે. આ બધાની પાછળ-તેમની સાધના-ઉપાસના અને આરાધનાની પ્રબળતા છે.

તેઓશ્રીને લોકપ્રિયતા-કાર્યશક્તિ-વચનસિદ્ધિ- સેવા સમર્પણ આદિ અનેક સદગુણોને જોઇ ગીતાર્થ ગચ્છાધિપતિ ગુરુદેવ



જૈન જગત

- રાજયશસૂરિશ્વરજી મ.સા.

રાજયશશૂરિશ્વરજી મહારાજાએ તેમની યોગ્યતા જોઇને પ્રવર્તિની પદ પ્રદાન કરવાનો નિર્ણય કરેલ. અને શાશ્વતતીર્થે પાલીતાણામાં તેમને પ્રવર્તિની પદ પ્રદાન કરેલ.તેમનું વિરલ વ્યક્તિત્વ સૌના જીવન માટે આદર્શસ્વરુપ છે. અને અનુકરણીય છે.

તેમની લેખનશૈલી પણ વિશિષ્ટ છે. તેઓશ્રીએ દશવૈકાલિક સૂત્ર ચિંતનિકા-ઉત્તરાધ્યયન સૂત્ર ચિંતનિકા-આચારાંગ સૂત્ર ચિંતનિકા-પ્રતિક્રમણ સૂત્ર ચિંતનિકા-આશીર્વાદ ચિંતનિકા આદી પુસ્તિકા આલેખિત કરી છે.

વર્તમાનમાં પણ પ્રતિદિન કાંઇ ન કાંઇ લેખનકાર્યમાં રત રહે છે. વાંચન-લેખનમાં સદૈવ તત્પર રહે છે. આયોજનશક્તિ-અનોખી છે. સૌથી અગત્યની વિશેષતાએ છે કે આટલા સમર્થ અને શક્તિ સંપન્ન હોવા છતાં તેઓ પૂજ્યશ્રીની આજ્ઞામાં સદૈવ રત રહે છે.તેમની આજ્ઞા વિના કોઈપણ કાર્યમાં આગળ વધતાં નથી આજ તેમની લઘુતા છે.

'લઘુતામાં પ્રભુતા વસે' એ એમના જીવનમાં ચરિતાર્થ થતું દેખાય છે. આટલી બધી શક્તિ હોવા છતાં જે એમની નમ્રતા છે તે અજબ-ગજબની છે.

બસ, અંતમાં જીવનમાં એમનું આલંબન લઈને એમના સદગુણો-આપણામાં લાવવાનો પ્રયત્ન કરીએ. એમનો ચોર્યાશી વર્ષમાં પ્રવેશ નિમિત્તે શ્રી પાર્શ્વ-પદ્માવતી પૂજન બપોરે બેનોમાં સમૂહ સામાયિક તથા સાંસ્કૃતિક કાર્યક્રમો થયેલ. આજના દિવસે શુભેચ્છા પાઠવવા વિશેષ ભક્તગણો ઉમટી પડેલ. તેમના દીર્ઘાયુષ્યની આરોગ્યની શુભકામના કરીએ.

# ઈડરના જૈનધર્મી સ્વ.મહેન્દ્રભાઈ મહેતાને આ.રાજ્યશસૂરિ દ્વારા ભાવભીની અંજલિ

કયારેક કોઇ વ્યક્તિ વિશેષ આ જીવનમાંથી વિદાય લે છે ત્યારે લોકો કહે છે કે એક તેજસ્વી તારો ખરી ગયો. પણ આજે કદાચ લોકો કહી ઉઠયા છે કે એક ચંદ્ર અસ્ત થયો. એક સૂર્ય અસ્ત થયો. આવા વ્યક્તિ વિશેષ હતા.

એક ઈડરના નીડર લીડર સમા શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ વેણીચંદ મહેતાએ કર્મવીર હતા, ધર્મવીર હતા અને શૂરવીર-દાનવીર અને ભડવીર હતા. છેલ્લા ત્રણ દિવસથી તેમને જાણે સતત હોસ્પીટલમાં ડાયલેસીસ પર રખાયા હતા. તેમના સુપુત્ર શ્રી કલ્પેશભાઈ અને લઘુબંધુ જિજ્ઞેશભાઈ પરિવાર સતત સતર્ક રહીને સેવા કરતો હતો. આઈ.સી.વી.માં પણ રોજ મારૂં માંગલિક સાંભળી પ્રસન્નતા અનુભવતા હતા. સ્વજનો નજીક જાય કંઇ કહે તો એક જ કહેતા- 'મારે બસ સીમંધર સ્વામી પાસે જવું છે.' દેવલોકની કોઇ વાત કરે તો કહે એ પાછો મને સંસારમાં કયાં નાંખશો ? સીમંધર દાદા પાસે મહાવિદેહમાં જવા દો. સદાકાળ આ દેહમાંથી મુક્તિ અપાવો.

On Behalf of **Jaihind Publication:** Yashwant Narottamdas Shah - Publisher, Printer, Editor • **Place of Publication :** Jaihind Press Building, Ashram Road Navrangpura, Ahmedabad-380009
**Phone:** 079-26587052/53 **Fax:** 079-26581051 • **Email Address:** info@jaihinddaily.com

## આરબીઆઈએ બેન્ક લોકર્સને લઈને માર્ગદર્શિકામાં સુધારા કર્યા

# લોકર પર બેન્કની જવાબદારી, માત્ર ભાડાનું ૧૦૦ ગણું વળતર

મુંબઈ તા.૧૯

ભારતીય રિઝર્વ બેન્કે બેન્ક લોકર ભાડે લેવા સંબંધી દિશાનિર્દેશમાં સુધારા કર્યા છે. નવા દિશા નિર્દેશો મુજબ આગ લાગવાની ઘટના, ચોરી, ઈમારત ઢળી પડવી કે બેન્ક કર્મચારી દ્વારા છેતરપીંડીના કિસ્સામાં લોકરને લઈને બેન્કની જવાબદારી વાર્ષિક ભાડાનું ૧૦૦ ગણુ વળતર ચૂકવવાની રહેશે.

લોકરોના બારામાં સંશોધીત દિશા નિર્દેશ એક જાન્યુઆરી ૨૦૨૨માં લાગુ થશે. બેન્કોએ લોકર કરારમાં એક જોગવાઈ સામેલ કરવી પડશે જે અંતર્ગત લોકર ભાડા પર લેનાર વ્યક્તિ તેમાં કોઈપણ ગેરકાનુની કે ખતરનાક સામાન નહીં રાખી શકે. રિઝર્વ બેન્કે જણાવ્યું હતું કે બેન્કિંગ અને ટેકનીકલ ક્ષેત્રોમાં વિભિન્ન ઘટનાક્રમો, ગ્રાહક ફરિયાદની પ્રકૃતિ અને બેન્કો અને ઈન્ડિયન બેન્કસ એસોસીએશન (આઈબીએ) તરફથી ઉપલબ્ધ કરાયેલ જાણકારીના આધાર પર બેન્કો દ્વારા પ્રદાન કરવામાં આવનાર જમા લોકર/સુરક્ષિત રક્ષા સામાન સુવિધાની સમીક્ષા કરી છે.

આ સિવાય ઉચ્ચતમ ન્યાયાલયમાં અમિતાભ દાસગુપ્તા વિરુધ્ધ યુનાઈટેડ બેન્ક ઓફ ઈન્ડિયાના કેસના આધારે બહાર આવેલા સિધ્ધાંતોના અનુરૂપ પણ તેની સમીક્ષા કરાઈ છે.

આરબીઆઈએ જણાવ્યું હતું કે સંશોધીત નિર્દેશ નવા અને મોજૂદ સુરક્ષિત જમા લોકરો તથા સુરક્ષિત સામાન સુરક્ષા સુવિધા માટે લાગુ થશે. આ સિવાય બેન્કોએ આઈબીએ દ્વારા તૈયાર કરવામાં આવનાર આદર્શ મોડેલ કરારને પણ અપનાવવા પડશે.

### બેન્કોએ લોકરની શાખા મુજબ યાદી બનાવવી પડશે

રિઝર્વ બેન્કે જણાવ્યું છે કે બેન્કોએ શાખાવાર ખાલી લોકરોની યાદી બનાવવી પડશે. સાથે સાથે તેમણે લોકરોની ફાળવણીના ઉદેશથી વેઈટીંગ લિસ્ટની જાણકારી કોર બેન્કીંગ પ્રણાલી કે સાઈબર સુરક્ષા માળખાના પાલન વાળી કોઈ અન્ય કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમમાં નાખવી પડશે. બેન્કોએ લોકરોની ફાળવણીમાં પારદર્શિતા નિશ્ચિત કરવી પડશે. નિર્દેશમાં કહેવામાં આવ્યું છે કે બેન્કોએ લોકર ફાળવણીના બધા આવેદનો માટે પાવતી કે રિસીપ્ટ આપવી પડશે. જો લોકર ઉપલબ્ધ નથી તો બેન્કોએ ગ્રાહકોને વેઈટીંગ લિસ્ટનો નંબર આપવો પડશે.

**નવી માર્ગદર્શિકા મુજબ આગ લાગવી, ચોરી, ઈમારત ધસી પડવી, બેન્ક કર્મીઓ દ્વારા છેતરપીંડી કેસમાં લોકરને લઈને વળતર નકકી થયા**



અફઘાનિસ્તાનમાંથી અમેરિકન સેના હટી જતાં તાલિબાનોની હકુમત હેઠળ સમગ્ર દેશ અરાજકતામાં ધકેલાઈ ગયો છે, આ સ્થિતિમાં ભારતમાં પાટનગર નવી દિલ્હી સ્થિત અમેરિકી એમ્બેસી બહાર અફઘાની લોકો એકત્ર થઈ દેખાવો કરી રહ્યા છે.

# અર્થતંત્રમાં પ્રાણ ફુંકાવા લાગ્યા: જુલાઈમાં લોન ડીફોલ્ટના કેસ ઘટ્યા

દિલ્હી,તા.૧૯

કોરોનાની બીજી લહેરમાંથી બહાર નીકળી હવે ભારતીય અર્થતંત્ર ઝડપથી પાટા પર ફરી આવી રહયું છે. આનો સંકેત જુલાઈ મહિનામાં હપ્તા ડિફોલ્ટના કેસોમાં ઘટાડા દ્વારા મળી શકે છે.ભારતીય રાષ્ટ્રીય ભુગતાન નીગમ દ્વારા સંચાલિત નેશનલ ઓટોમેટેડ કિલ્યરીંગ હાઉસના આંકડાઓ મુજબ જુલાઈ મહિનામાં ઓટો ડેબિટ નિષ્ફળતાઓની સંખ્યા ઘટી છે. જુલાઈમાં ૮૬૪ લાખ વ્યવહારો શરૂ કરવામાં આવ્યા હતા. જયારે ૫૭૭ લાખ સફળ રહયા. બીજી બાજુ જુનની સરખામણીએ તે બાઉન્સ રેટમાં નોંધપાત્ર સુધારો છે. જુન મહિનામાં કુલ ૮૭૮ લાખ વ્યવહારો શરૂ કરવામાં આવ્યા હતા. જેમાંથી ૩૬.૫ ટકાથી વધુ અથવા ૩૨૦ લાખ અસફળ રહયા હતા.એપ્રિલમાં એક દિવસમાં ૫૬૩ લાખમાં ૩૫૪ લાખ ઓટો ડેબિટ લેવડ દેવડ સફળ રહી હતી. જયારે ૨૯૦.૮ લાખ સફળ રહી.

માર્ચ એપ્રિલ અને મે ના મધ્યમમાં ઝડપથી ફેલાયેલી બીજી લહેર ઘણા કલેકશન એજન્ટો અને બેંક કર્મચારીઓ બીમાર પડયા પછી ઘણી બેંક ડોર ટુ ડોર કલેકશન બંધ કરવાની ફરજ પડી. આ સાથે લોકડાઉન લાદવાના કારણે ઘણા લોકોએ તેમની નોકરી ગુમાવવી પડી હતી.અને વેપારીઓને ભારે નુકસાની થઈ હતી. કોવિડ-૧૯ની મહામારીની બીજી લહેરની શરૂઆત પહેલા માર્ચમાં માત્ર ૩૨.૭ ટકા ઓટો ડેબિટ વ્યવહારો નિષ્ફળ રહયા બાદ ડિસે.માં ફરી અસફળ ઓટો ડેબિટ રિકવેસ્ટમાં સતત ઘટાડો થયો હતો. અને તે ૪૦ ટકાથી નીચે રહયો છે. માર્ચમાં ૩૨.૭ ટકાના નીચલા સ્તરને સ્પર્શ્યા બાદ તે બીજી લહેરને કારણે મે અને જુનમાં તીવ્ર વધારો થયો હતો. પરંતુ જુલાઈમાં ક્રમિક ઘટાડા સાથે નીચે આવ્યો છે. નિષ્ફળ ઓટો ડેબિટ વ્યવહારો ગયા વર્ષે જુન મહિનામાં ટોચ પર પહોંચ્યા હતા. જયારે ફેલીયર દર ૪૫ ટકાથી વધુ હતો.



બ્લુ ફલેગ હેઠળ સેવા આપતા પોતાના જીવની આહુતિ આપનાર યુએન પીસ કીપર્સ (શાંતિ જાળવનારા)ના ન્યુયોર્ક સ્થિત સ્મારક સ્થળ ખાતે યોજાયેલી શ્રધ્ધાંજલિ આપાવના કાર્યક્રમમાં ડાબેથી ભારતના વિદેશમંત્રી એસ. જયશંકર, યુએનના સેક્રેટરી જનરલ એન્ટોનિઓગુટેરેસ અને ઈસ્ટોનિયાના વિદેશમંત્રી અવા મારિયા લિમેટસ સાથે ભાગ લઈ રહ્યા છે.

## અફઘાન લોકો સાથે ભારતના સબંધો ઐતિહાસિક : એસ જયશંકર

નવી દિલ્હી તા.૧૯

અફઘાનિસ્તાનમાં તાલિબાનનુ શાસન આવ્યા બાદ હવે ભારત સરકારે ત્યાં શરુ કરેલા હજારો કરોડો રુપિયાના પ્રોજેક્ટ પર જોખમ સર્જાયુ છે.ચીન અને પાકિસ્તાન તો તાલિબાન સરકારને માન્યતા આપી ચુકયા છે ત્યારે ભારત શું વલણ અપનાવશે તેના સવાલના જવાબમાં ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યુ હતુ કે, અફગાન લોકો સાથે ભારતના સબંધો ઐતિહાસિક છે અને તે ચાલુ જ છે.અત્યારે શરુઆતના દિવસો છે અને અમારુ ધ્યાન તમામ ભારતીય નાગરિકોની સુરક્ષા પર છે.અમે કાબુલમાં બદલાઈ રહેલી સ્થિતિ પર નજર રાખી રહ્યા છે.તાલિબાન અને તેના પ્રતિનિધિઓ કાબુલમાં છે ત્યારે તેમની સાથે વાત કરવી પડશે. જોકે ભારત , અમેરિકા અને ચીન સહિતના ૧૨ દેશો પહેલા જ જાહેર કરી ચુક્યા છે કે, અફઘાનિસ્તાનમાં બળપૂવર્ક સત્તા મેળવવા માંગતી સરકારને માન્યતા આપવામાં નહીં આવે.આ પહેલા પણ ભારતે તાલિબાનની મુલ્લા ઉમરના નેતૃત્વવાળી સરકારને માન્યતા આપવામાં આવી નથી.જોકે આ વખતે જાણકારોનો એક વર્ગ એવુ માની રહ્યો છે કે, ભારત પોતાના આ પ્રકારના વલણ પર ફરી વિચારણા કરી શકે છે.દુનિયાના ઘણા દેશોને એ વાતનો ડર લાગી રહ્યો છે કે, અફઘાનિસ્તાનમાં તાલિબાનના શાસનના કારણે આ દેશ ફરી આતંકી સંગઠનોનો અડ્ડો બની જશે.

# બંગાળમાં મમતા સરકારને ઝટકો: ચૂંટણી પછીની હિંસાની તપાસ સીબીઆઈને સોંપતી હાઈકોર્ટ

કોલકતા તા.૧૯

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી પરિણામો બાદ થયેલી હિંસાની તપાસ સીબીઆઈને સોંપવાનો કોલકતા હાઈકોર્ટે આદેશ કર્યો છે. ઉપરાંત હિંસાપીડીતોને વળતર આપવાનો પણ આદેશ આપ્યો છે.

કોલકતા હાઈકોર્ટની પાંચ જજોની બેંચ દ્વારા ચૂંટણી પછીના હિંસાના કેસોની સુનાવણી દરમ્યાન આ આદેશ આપ્યો હતો. આ સિવાયના અન્ય કેસોની સુનાવણી અદાલતની દેખરેખ હેઠળ સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ કરશે.

રાજયની મમતા બેનર્જીની સરકાર માટે આંચકારૂપ આ ચુકાદાને ભાજપે આવકાર્યો છે. પ્રદેશ પ્રમુખ દિલીપ ઘોષે કહ્યું કે કોર્ટના ચુકાદાથી હવે દોષિતોને સજા મળી શકશે. બીજી તરફ આ ચુકાદાને મમતા સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવે તેવી શકયતા છે.

કોલકતા હાઈકોર્ટે ચુકાદામાં કહ્યું કે હિંસાની ઘટનાઓની તપાસ કોર્ટની દેખરેખ હેઠળ સીબીઆઈ કરશે જયારે અન્ય કેસોની તપાસ સીટ કરશે. 'સીટ'માં કોલકતા પોલીસ વડા સહિત ત્રણ સીનીયર અધિકારીઓને સામેલ કરાયા છે. લુંટ, આગજની જેવા બનાવોની તપાસ સીટ કરશે.હિંસક ઘટનાઓમાં અકુદરતી મોત, હત્યા તથા બળાત્કાર જેવા બનાવોની તપાસ સીબીઆઈ હસ્તક રહેશે. તપાસ એજન્સી હાઈકોર્ટને રીપોર્ટ કરશે.

**મમતા સરકાર આદેશને સુપ્રીમકોર્ટમાં પડકારે તેવી શકયતા**

અત્રે ઉલ્લેખનીય છે કે ચૂંટણી હિંસા મામલે હાઈકોર્ટમાં અનેક અરજી થઈ હતી. ૧૮મી જુને માનવ અધિકાર આયોગને આરોપીની સત્યતા ચકાસવા સમીતી બનાવવા નિર્દેશ કર્યો હતો. આયોગે ગત જુલાઈમાં રીપોર્ટ સોંપ્યો હતો તેમાં રાજય સરકાર, પોલીસ તથા વહીવટીતંત્રની આકરી ટીકા કરી હતી. રાજય સરકારે રીપોર્ટને પક્ષપાતી ગણાવીને ફગાવી દીધો હતો.

## ડીમાર્ટના શેર્સના ભાવમાં સતત વધારો

# દુનિયાના ૧૦૦ ધનિકોમાં ડીમાર્ટના રાધાકિશન સામેલ





મુંબઈ, તા.૧૯

ડીમાર્ટના પ્રમોટર રાધાકિશન દામાણીએ દુનિયાના ૧૦૦ ટોચના ધનિકોમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. ડીમાર્ટના શેર્સના ભાવમાં સતત થઈ રહેલા વધારાથી દામાણીની નેટવર્થ ૧૯.૨ અબજ ડોલર એટલે કે ૧.૪ લાખ કરોડ રુપિયા પર પહોંચી ગઈ છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સમાં તેઓ હાલ ૯૮મા સ્થાન પર છે. ગત વર્ષે માર્ચમાં તેમની નેટવર્થ ૧૨ બિલિયન ડોલર હતી, જેમાં ૧૮ મહિનામાં ૭ અબજ ડોલર એટલે કે ૫૦ હજાર કરોડનો જંગી વધારો થયો છે.

**દામાણીની નેટવર્થ ૧૯.૨ અબજ ડોલર એટલે કે ૧.૪ લાખ કરોડ રુપિયા પર પહોંચી ગઈ, ૯૮મા સ્થાન પર**

દામાણી હાલ ડીમાર્ટમાં ૭૪.૯ ટકા હિસ્સો ધરાવે છે. નિયમો અનુસાર, કોઈપણ લિસ્ટેડ કંપનીમાં પ્રમોટરનો હિસ્સો ૭૫ ટકાથી વધુ ના હોવો જોઈએ. આ નિયમનો ભંગ ના થાય તે રીતે દામાણીએ તેમાં ૭૪.૯ ટકા હિસ્સો રાખ્યો છે. આ સિવાય દામાણી ઈન્ડિયા સિમેન્ટ્સમાં ૧૧.૩ ટકા, વીએસટી ઈન્ડસ્ટ્રીઝમાં ૨૬ ટકા, સુંદરમ ફાઈનાન્સમાં ૨.૪ ટકા તેમજ અન્ય કંપનીઓમાં પણ હિસ્સો ધરાવે છે.

છેલ્લા ૧૮ મહિનામાં ડીમાર્ટનું સંચાનલ કરતી એવેન્યુ સુપરમાર્ટના શેરમાં ૬૪ ટકાનો ઉછાળો આવ્યો છે. બુધવારે માર્કેટ બંધ થયું ત્યારે આ શેર ૩,૬૫૨ રુપિયાની સપાટી પર હતો. ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં માર્ચ ૨૦૨૦માં જે કડાકો બોલાયો હતો, તે દરમિયાન આ શેર ૧૮૦૦ રુપિયા પર આવી ગયો હતો. ત્યારથી અત્યારસુધી તેમાં ૧૦૦ ટકાથી વધુ ઉછાળો નોંધાઈ ચૂક્યો છે. વળી, ડીમાર્ટના બિઝનેસમાં પણ આ ગાળા દરમિયાન ઉછાળો નોંધાયો છે.

ડીમાર્ટના સ્ટોર્સ તો સારો બિઝનેસ કરી જ રહ્યા છે, પરંતુ તેની સાથે તેની ઓનલાઈન સર્વિસને પણ સારો રિસ્પોન્સ મળી રહ્યો છે. ડીમાર્ટ ઓનલાઈન કરિયાણું વેચવામાં મોટી-મોટી કંપનીઓને પણ તગડી હરિફાઈ પૂરી પાડી રહી છે તેવું બ્રોકિંગ હાઉસના રિપોર્ટ જણાવી રહ્યા છે. કંપની પોતાના સ્ટોર્સમાં વેચાતી વસ્તુઓની કિંમત નક્કી કરવાનો પણ પાવર ધરાવે છે.

ગોલ્ડમેન સેચ્સના લેટેસ્ટ રિપોર્ટ અનુસાર, એફએમસીજી પ્રોડક્ટ્સના પ્રાઈસિંગ ડેટામાં ડીમાર્ટ અને જિયોમાર્ટ વચ્ચે તગડી સ્પર્ધા છે. બિગ બાસ્કેટની સરખામણીએ ડીમાર્ટ સ્પર્ધાત્મક દરો પર માલ વેચે છે, વળી બંને વચ્ચેનો તફાવત પણ ખૂબ જ વધી ગયો છે.

## શેર માર્કેટ કૌભાંડના મુખ્ય આરોપી હર્ષદ મહેતાના સાથીદારની એટીએસ દ્વારા દિલ્હીથી ધરપકડ

મુંબઈ તા.૧૯

આંતરરાષ્ટ્રીય ડ્રગ કોર્ટેલના મુખ્ય આરોપી અને શેર માર્કેટના કૌભાંડના હર્ષદ મહેતાના સાથીદાર નિરંજન જયંતીલાલ શાહની એન્ટી ટેરરિઝમ સ્કવૉડ (એટીએસ)ના અધિકારીઓએ દિલ્હીથી ધરપકડ કરી હતી. કોર્ટે તેને ૨૫ ઓગસ્ટ સુધી પોલીસ કસ્ટડીમાં રાખવાનો આદેશ આપ્યો હતો.એટીએસની જુહૂ યુનિટે ૧૭ માર્ચ, ૨૦૨૧ના સોહેલ યુસુફ મેમણને પાંચ કિલો ૬૫ ગ્રામ મેફેડ્રોન સાથે પકડયો હતો. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં એની કિંમત અંદાજે અઢી કરોડ રૂપિયા હતી. નિરંજન શાહ પાસેથી આ નશીલો પદાર્થ લીધો હતો. આ ગુનામાં તે ફરાર હતો. મુંબઈ, દિલ્હી પોલીસ, નાર્કોટિકસ કન્ટ્રોલ બ્યુરો, ડીઆરઆઈન ટીમ તેની શોધખોળ કરી રહી હતી.શેર માર્કેટના કૌભાંડનો મુખ્ય આરોપી હર્ષદ મહેતાનો નિરંજન સાથીદાર હતો આર્થિક ગુના શાખામાં તેની સામે છેતરપિંડીનો કેસ દાખલ હતો.મુંબઈની બહાર નાસી ગયા બાદ તે મધ્યપ્રદેશ, હૈદરાબાદ, કર્ણાટકમાં પોતાની ઓળખ બદલીને રહેતો હતો દિલ્હીમાં મુનેરકા ગામમાં એક સિંગલ ભાડાના રૂમમાં નિરંજન ગરીબ વ્યકિતની જેમ રહેતો હતો. આની જાણ થયા બાદ તેની ધરપકડ કરાય હતી.

### મુંબઈમાં પ્રોવિડન્ટ ફંડ કચેરીમાં કરોડોનું કૌભાંડઃ દેશભરની ઓફિસોમાં તપાસ કરવાનો આદેશ

મુંબઈની પ્રોવિડન્ટ ફંડ ઓફીસમાંથી ૨૧ કરોડનું ઉચાપત કૌભાંડનો પર્દાફાશ થયાને પગલે દેશભરની તમામ પીએફ ઓફીસોના નાણાંકીય વ્યવહારો ચકાસવાનો આદેશ કરવામાં આવ્યો છે. ખાસ કરીને કોરોનાકાળમાં ઉપાડ નિયમો હળવા કરાયા હતા અને તેમાં જંગી ઉપાડ પણ થયા હતા. હવે આવા તમામ વ્યવહારો 'ક્રોસ ચેક' કરવાની સૂચના આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે કાંદીવલી ઓફીસના કલાર્કે ૮૧૭ બેંક ખાતાઓનો ઉપયોગ કરીને હિજરતી કામદારોના પીએફના ૨૧ કરોડના નાણાંની ઉચાપત કરી હતી.


**નામ બદલેલ છે**

મારૂ નામ મોહમદઅનશ નુરૂદીન શેખથી બદલીને મોહંમદઅનશ મોહંમદનુરૂદીન શેખ રાખેલ છે. ૩૧, શ્રીબાગ સોસાયટી, દાણીલીમડા, અમદાવાદ

**નામ બદલેલ છે**

મારૂ નામ સબીના નુરૂદીન શેખથી બદલીને સબીના ગુલશન મોહંમદનુરૂદીન શેખ રાખેલ છે. ૩૧, શ્રીબાગ સોસાયટી, દાણીલીમડા, અમદાવાદ

**નામ બદલેલ છે**

મારૂ નામ નુરૂદીન અનવરહુસેન શેખથી બદલીને મોહંમદનુરૂદીન અનોવરહુસૈન શેખ રાખેલ છે. ૩૧, શ્રીબાગ સોસાયટી, દાણીલીમડા, અમદાવાદ

**Neuromed Imaging Centre Private Limited (In Liquidation)**

Liquidator's Address : 304, Shoppers Plaza-V, Opp. Municipal Market, C.G. Road, Navrangpura, Ahmedabad - 380009 Contact : +91-79- 26464153 E-mail ID : umesh@umeshvedcs.com;

**PUBLIC ANNOUNCEMENT FOR E-AUCTION**

Notice is hereby given to the public in general under Insolvency and Bankruptcy Code, 2016 and regulations framed there under, that the properties stated in table herein below, will be sold by E-Auction through the service provider M/s. Linkstar Infosys Private Limited via website: www.eauctions.co.in

| | |
|---|---|
| 1 | Date and Time of Auction : **Saturday, 04.09.2021** between 3:30 P.M. to 5:30 P.M. |
| 2 | Last Date for Submission of EMD : **Wednesday, 01.09.2021** before 3:00 P.M. |
| 3 | Inspection Date & Time : **Saturday, 28.08.2021** between 3:00 P.M to 6:30 P.M. The person to be contacted for inspection is **Mr. Sachin Shah** on his mobile no. **9726179286**. |

| Lot No | Particulars | Reserve Price (In Rs.) | EMD (In Rs.) |
|---|---|---|---|
| 1 | Office Premises situated at 403/A & 403/B, 4th floor, Sakar-1, near Ghandhigram Railway Station, Opposite Nehru Bridge, Navrangpura, Ahmedabad - 380006. | 53,24,000/- | 10% of the reserve price i.e. 5,32,400 |

Any decision of the liquidator with respect to selection of bidder will be final and binding on the bidders.

The EMD (Refundable) shall be payable by interested bidders through NEFT / RTGS **on or before 01.09.2021** in an account of "Neuromed Imaging Centre Private Limited - In Liquidation" having Account No. 344521010000004 and IFSC Code : UBIN0934453, with Union Bank of India or by DD / Pay order having "Neuromed Imaging Centre Private Limited" payable at Ahmedabad. For detailed terms and conditions of E-auction sale refer TENDER DOCUMENTS available at www.eauctions.co.in or you may write Liquidator on his e-mail ID at umesh@umeshvedcs.com.

For any query regarding E-Auction, contact **Mr. Sachin Shah (M. No. 9726179286)** or Liquidator on his e-mail ID at umesh@umeshvedcs.com

Place : Ahmedabad
Date : 19/08/2021

**Umesh Harjivandas Ved**
Liquidator of Neuromed Imaging Centre Private Limited
IP Registration No. IBBI/IPA-002/IP-N00136/2017-18/10376

**જાહેર નિવિદા નં.૧૬ સને ૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઈજનેરશ્રી, (મા. અને મ.) વિભાગ, પાનવાડી કમ્પાઉન્ડ, ભાવનગર (ફોન નં. ૨૫૧૬૮૯૯)ની કચેરીનાં જુદા જુદા કુલ ૬ કામ જેની કુલ અંદાજીત રકમ રૂા.૬૩.૦૪ લાખની છે. આ કામનાં ટેન્ડર તા.૩૧-૦૮-૨૦૨૧ ૧૮.૦૦ કલાક સુધી ઓનલાઈન જોવા મળશે. આ કામનાં ટેન્ડરો website nprocure.com- ઉપર ઓનલાઈન ભરવાનાં રહેશે. આ કામની વધુ વિગત કચેરી સમય દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવાથી આપવામાં આવશે. આ કામો અંગેની વિગતવાર માહિતી નોટીસ બોર્ડ અને માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com પર જોવા મળશે. હવે પછીનાં દરેક સુધારા ફક્ત ઓનલાઈન કરવામાં આવશે.

માહિતી-ભાવ-૩૬૦/૨૧-૨૨

**નામ બદલેલ છે**

મારૂ નામ અન્સારી સાબીયાબાનુ વાહીદઅલીથી બદલીને અન્સારી સાબીયાખાતુન વાહીદઅલી રાખેલ છે. ૧૬, એહમદનગર, દાણીલીમડા, અમદાવાદ

**નામ બદલેલ છે**

મારૂ નામ ઈરફાનથી બદલીને મોહંમદઈરફાન અબ્દુલજબ્બાર કુરેશી રાખેલ છે. ૨૭, ચોથો માળ, રોયલ રેસીડેન્સી, દાણીલીમડા, અમદાવાદ

**નામ બદલેલ છે**

મારૂ જૂનું નામ મોહમ્મદ ઓવેશ ખાન હતુ તે બદલીને મારૂ નવું નામ ઓવેશ નસીબ ખાન રાખેલ છે. ૬૦૧, અકરમ રેસિડેન્સી-૨, જમાલપુર, અમદાવાદ

**શ્રી મહિલા સેવા સહકારી બેંક લિ.**

૧૦૯, સાકાર-૨, ટાઉન હોલની સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૬.

**૪૭મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ**

આથી બેંકના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે બેંકની ૪૭મી વાર્ષિક સાધારણ સભા તા. ૪-૯-૨૦૨૧, શનિવારના રોજ સવારે ૧૧ કલાકે, સાકાર-૨, ટાઉન હોલની સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૬ મુકામે મળશે. જેમાં સમયસર હાજર રહેવા વિનંતી છે.

તા. ૧૯-૦૮-૨૦૨૧
અમદાવાદ.

CA જયશ્રી વ્યાસ
મેનેજીંગ ડિરેકટર
બોર્ડ ઓફ ડિરેકટર્સની સૂચનાથી.

સભાસદો જોગ અગત્યની સુચના : જે સભાસદનું છેલ્લા ત્રણ વર્ષનું ડિવિડન્ડ બાકી હોય તેઓએ બેંકમાં રૂબરૂ આવીને લઈ જવા વિનંતી.

**For Sale**

ઈન્ડસઈન્ડ બેંક દ્વારા નીચે જણાવેલ કબ્જો લીધેલ વાહન વેચવાનું છે

TATA SIGNA 3718 TK CR BSVI, Reg.: JH11Y4969

INDUSIND BANK LTD.
405-406, Arista Business Space, Opp HOF, Pakwan-Sindhubhavan Rd., Bodakdev,
ANAND SHAH
7043332577

**For Sale**

ઈન્ડસઈન્ડ બેંક દ્વારા નીચે જણાવેલ કબ્જો લીધેલ વાહન વેચવાનું છે

ASHOK LEYLAND DOST LS BS IV Reg. No.: GJ06AZ2293
ASHOK LEYLAND DOST LS BS III Reg. No.: GJ06AU1856

INDUSIND BANK LTD.
Nr Race Course Circle, Ellora Park, Vadodara.
AMIT GOSWAMI
7305001466

**For Sale**

ઈન્ડસઈન્ડ બેંક દ્વારા નીચે જણાવેલ કબ્જો લીધેલ વાહન વેચવાનું છે

EICHER PRO 2080XP F HSD 16FT CBR 5S BSVI, Reg.: GJ07TU0345

INDUSIND BANK LTD.
CFD, Office No. 206 & 207, GOLDMINE JEWEL, Nr. D Mart, Sector 26, K Road, Gandhinagar.
CHETAN OZA
7043332700

**For Sale**

ઈન્ડસઈન્ડ બેંક દ્વારા નીચે જણાવેલ કબ્જો લીધેલ વાહન વેચવાનું છે

ASHOK LEYLAND DOST LITE LE FSD. BS VI, Reg.: GJ23AT3605

INDUSIND BANK LTD.
G/F., Maruti Sunay Complex, Amul Dairy Road, Opp,Aryanagar, ANAND.
BHARAT VASAN
7043332265

**દિપ એનર્જી રીસોંસીસ લિમિટેડ**

(Formerly known as Deep Industries Limited)
CIN: L63090GJ1991PLC014833
Regd Office: 12A & 14 Abhishree Corporate Park, Ambli Bopal Road, Ambli, Ahmedabad. 380 058. Ph: 02717-298510 Fax: 02717-298520
E-mail:info@deepenergy.ooo Website: www.deepenergy.ooo

**૩૧મી વાર્ષિક સાધારણ સભાની સુચના- શેર હોલ્ડરર્સ માટે**

આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની ૩૧મી વાર્ષિક સામાન્ય સભા ("એજીએમ") તા. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧ ને શુક્રવાર ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે વિડિયો કૉન્ફરન્સિગ ("વીસી")/ અન્ય ઓડિયો વિઝયુઅલ માધ્યમ ("ઓએવીએમ") દ્વારા કરવામાં આવશે, જે કંપની ધારા, ૨૦૧૩ અને તેના નિયમો હેઠળ અને કોર્પોરેટ ઓફીસ મંત્રાલય ("એમસીએ") પરિપત્રો નંબર ૧૪/૨૦૨૦ તા. ૮મી એપ્રિલ, ૨૦૨૦, નંબર ૧૭/૨૦૨૦ તા. ૧૩મી એપ્રિલ, ૨૦૨૦ અને નંબર ૨૦/૨૦૨૦ તા. ૫મી મે, ૨૦૨૦ અને નંબર ૨/૨૦૨૧ તા. ૧૩મી જાન્યુઆરી,૨૦૨૧ અને સિકયોરીટી અને એક્ષચેન્જ બોર્ડ ("સેબી") ના પરિપત્રો નંબર SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તા. ૧૨મી મે, ૨૦૨૦ તથા પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તા. ૧૫મી જાન્યુઆરી ૨૦૨૧, (સામુહિક રીતે "પરિપત્ર") મુજબ, કોઈ નિશ્ચિત સ્થળે શેર ધારકોની ઉપસ્થિતી વિના, એજીએમની નોટીસમાં દર્શાવવામાં આવ્યા મુજબના કામકાજ હાથ ધરાશે.

ઉપરોકત પરિપત્રોના પાલન મુજબ, જે રજીસ્ટર્ડ સભ્યોના નામ માં ઈમેઈલ આઈડી, કંપની/ડીપોઝીટરી પાસે રજીસ્ટર્ડ હશે તેમને ઈલેકટ્રોનિક પધ્ધતિથી એજીએમની નોટીસ સાથે વાર્ષિક અહેવાલ ૨૦૨૦-૨૧ મોકલવામાં આવશે. એજીએમની નોટીસ અને વાર્ષિક અહેવાલ ૨૦૨૦-૨૧ કંપનીની વેબસાઈટ www.deepenergy.ooo ઉપર તેમજ સ્ટોક એકસચેંન્જ એટલે કે બીએસઈ લીમીટેડ www.bseindia.com તેમજ નેશનલ સ્ટોક એકસચેંન્જ www.nseindia.com ઉપર તેમજ સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com ઉપર મળી શકશે. વાર્ષિક સામાન્ય સભામાં સભ્યો માત્ર વીસી/ઓએવીએમ થકી જ હાજર રહી શકશે. એજીએમમાં જોડાવવા અંગેની સૂચનાઓ એજીએમની નોટીસની દર્શાવવામાં આવી છે. જે શેરધારકો માત્ર વીસી/ઓએવીએમ થકી ભાગ લઈ રહયા હશે તેઓની હાજરી કંપની અધિનિયમ ૨૦૧૩ની કલમ ૧૦૩ મુજબ કોરમની ગણતરી માટે ધ્યાનમાં લેવાશે.

કંપની તેના તમામ શેરધારકો એજીએમની નોટીસમાં દર્શાવેલ સભાના તમામ ઠરાવો ઉપર મત આપવા માટે રીમોટ ઈ-વોટીંગ સુવિધા પૂરી પાડી છે. વધુમાં એજીએમ દરમિયાન ઈવોટીંગ સિસ્ટમ દ્વારા મત આપવાની સુવિધા પૂરી પાડી છે. રીમોટ ઈ-વોટીંગ અને ઈ-વોટીંગ સુવિધાની વિગતવાર જાણકારી એજીએમની નોટીસમાં દર્શાવવામાં આવી છે.

જે સભ્યોએ તેમના ઈ-મેઈલ આઈડી કંપની/ ડીપોઝીટરી/ રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (આરટીએ)પાસે રજીસ્ટ્રર/ અપડેટ ન કરવ્યા હોય તો તેઓને વિનંતી નીચે મુજબની પધ્ધતિથી ઈમેલ આઈડી રજીસ્ટર/ અપડેટ કરાવી શકે છે.

એ. જે સભ્યો ડીમેટ પધ્ધતિથી શેર ધરાવે છે તેઓ તેમનુ રજીસ્ટરડ ઈમેલ એડ્રેસ સંબંધિત ડીપોઝીટરી પાર્ટીસિપેન્ટ સાથે સંપર્ક કરીને અથવા અમારા ઈમેલ એડ્રેસ cs@deepenergy.ooo ઉપર ઈમેલ કરી રજીસ્ટર કરી શકશે.

બી. જે સભ્યો ફીઝીકલ પધ્ધતિથી શેર ધરાવે છે તેઓ કંપનીને એક વિનંતી સાથે તેમની સંપૂર્ણ વિગત જેમકે શેર હોલ્ડરનું નામ, ફોલીઓ નંબર, શેર સર્ટીફીકેટ ની સ્કેન કરેલ કોપી (આગળ- પાછળ), સેલ્ફ એટેસટેડ કરેલ આધાર કાર્ડ તથા પાનકાર્ડની કોપી તેમજ પોતાનો કોન્ટેકટ નંબર અમારા ઈમેલ cs@deepenergy.ooo ઉપર અથવા અમારા રજીસ્ટ્રાર શેર ટ્રાન્સફર એજન્ટ લિંક ઈન ટાઈમ ઈન્ડિયા પ્રા. લી. ahmedabad@linkintime.co.in ઉપર ઈમેલ કરી ઈમેલ એડ્રેસ રજીસ્ટર કરી શકશે.

ઉપરોકત સર્વે માહિતી સભ્યોના હિતને ધ્યાનમાં રાખીને અને એમસીએ સર્કયુલર્સ અને સેબી સર્કયુર્લસના પાલન આધીન આપેલ છે.

બોર્ડના આદેશ અનુસાર
દિપ એનર્જી રીસોંસીસ લિમિટેડ
(અગાઉ જાણિતા દિપ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ)
સહી/-
દિક્ષીતા સોની
કંપની સેક્રેટરી અને કોમ્પલાઈન્સ ઓફિસર

સ્થળ : અમદાવાદ
તારીખ : ૧૯-૮-૨૦૨૧

**તંત્રી સ્થાનેથી...**

# સીબીઆઇ કેવી રીતે મજબૂત બની શકે?

લોકતંત્રમાં સીબીઆઇની મજબૂતાઇ વધુ સ્વતંત્ર રૂપે ઉપસે એવી લાગણી થાય એ સ્વાભાવિક સરકાર હંમેશા પ્રજાહિતને ધ્યાનમાં રાખે છે. દેશમાં સેવારત સરકારી એકમોને પણ મુકત વાતાવરણ મળે તે દિશામાં લોક સમૂહમાંથી જાણવા મળે છે. છેલ્લા ઘણા સમયથી આપણે જોઇ રહ્યા છીએ કે પોલીસ તંત્ર ખાસ કરીને ૨૦૨૦થી રાત દિન ખડે પગે પ્રજાની સેવા કરે છે. લોકડાઉનમાં પોલીસ તંત્રએ ઘણા જ ઉજાગરા કર્યા હતા. સરકારે પોલીસ તંત્રની કામગીરીની પુરેપુરી સરાહના પણ કરી હતી. દેશ પોલીસની સેવાથી ગૌરવ અનુભવે છે. આ ઉપરાંત ૨૦૨૦થી ૨૦૨૧ના લાંબા અંતરાલમાં પણ પોલીસ ઉપરાંત તબીબોએ ખૂબ જ સેવા કરી હતી તે પણ ભૂલી શકાય નહીં. સીબીઆઇ અનેક ઘટનાક્રમોમાં પોતાની સેવા પ્રદાન કરે છે. ભાજપના શાસનમાં પ્રજાહિત તરફ ખૂબ ધ્યાન રખાયું છે. લોકોને સમયસર સારવાર, દવા વિગેરે ઉપલબ્ધ થયા. આટલા મોટા દેશમાં ક્યાંક, કોઇક મુદ્દે અવ્યવસ્થા થઇ હોય તો તેમાં કોઇને દોષ દઇ શકાય નહીં. સરકાર ખૂણેખૂણે હાજર રહી શકે નહીં. પ્રજાની પણ પોતાની ફરજ હોઇ શકે છે. સોશિયલ ડિસ્ટન્સ રાખવું, ઘરમાં સુરક્ષિત રહેવું, તબીબોને મદદ કરવી. માસ્ક ધારણ કરવું વિગેરે. ઘણા લોકો પોલીસ સાથે પણ બિનજરૂરી ટપાટપી કરતા જોવા મળ્યા હતા. આ વલણ ઠીક નહીં. તમે માસ્ક ધારણ ના કર્યું હોય તો પોલીસ દંડ કરે જ એમાં કશું વધારે પડતું નથી. પણ, સમયની સાથે સરકારે પ્રજાલક્ષી સુવિધાઓ પુરી પાડવામાં ધ્યાન આપ્યું જ છે. મફત અનાજ તો હજુયે અપાય છે. એટલું જ નહીં તબીબોને પણ કામમાં મોકળાશ આપી છે. પરંતુ આજકાલ અખબારોમાં સીબીઆઇ ચર્ચાના એરણે છે.

મદ્રાસ હાઇકોર્ટ એક કેસમાં સુનાવણી કરતા સીબીઆઇની બાબતમાં મહત્વપૂર્ણ એક ટીપણી કરી છે. હાઇકોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે, સીબીઆઇને વધુ શક્તિશાળી અને સ્વતંત્ર બનાવવાની જરૂર છે. એના માટે હાઇકોર્ટે ૧૨ સુત્રીય સૂચન પણ સરકારને કર્યું છે. એમાં કહેવાયું છે કે, સીબીઆઇ સંસદ પ્રત્યે ઉત્તરદાયી બને જેમ કે, કેગ અને ચૂંટણી આયોગ જેવી સંસ્થાઓ છે પોતાના સૂચનોમાં હાઇકોર્ટે કહ્યું કે, સીબીઆઇના સમગ્ર સ્ટ્રકચરને સુધારવાની જરૂર છે. એના માટે અલગ બજેટ હોય, સીબીઆઇ નિદેશકને કેન્દ્ર સરકારના સચિવ બરાબર શક્તિ પ્રદાન કરાય.

**હાઇકોર્ટે ૧૨ સુત્રીય સૂચન પણ સરકારને કર્યું છે. એમાં કહેવાયું છે કે, સીબીઆઇ સંસદ પ્રત્યે ઉત્તરદાયી બને જેમ કે, કેગ અને ચૂંટણી આયોગ જેવી સંસ્થાઓ છે**

તપાસ એજન્સીને પુરી ટેકનિકલી સહયોગ મળે અને જરૂર મુજબ ઇન્ફ્રાસ્ટ્રકચર અપાય. વાસ્તવમાં આ ટીપણી એવા સમયે આવી છે જ્યારે સીબીઆઇ પર રાજનીતિક દુરુપયોગના આરોપ લગાતાર લાગી રહ્યા છે. કેન્દ્રમાં કોઇપણ પક્ષની સરકાર આવે, આ કેન્દ્રીય તપાસ એજન્સીનો ઉપયોગ વિરોધીઓને પાઠ શિખવાડવા માટે રાજનીતિક શસ્ત્રના રૂપમાં કરવાનો આરોપ લાગતા રહ્યા છે. સીબીઆઇને સ્વતંત્ર કરવા આજના પ્રમુખ મુદ્દાઓ છે. નિર્દેશકની નિયુક્તિથી લઇને એના બજેટ સુધીને અલગ કરવાની જરૂર છે, જેથી આ સંસ્થા પુરી સ્વતંત્રતાની સાથે કામ કરી શકે. હમણા સંસ્થા ડીઓપીટી મંત્રાલય દ્વારા કામ કરે છે. ખાસ કરી આ મંત્રાલય પ્રધાનમંત્રીને આધીન રહે છે. એવામાં કેટલીકવાર નિર્દેશકની નિયુક્તિથી લઇને એના સંચાલનમાં સીધા રાજનીતિક હસ્તક્ષેપની આશંકાના આરોપ પણ લાગતા રહ્યા છે.

બીજો પક્ષ એ પણ છે કે, રાજ્યોની અંદર ઘટનાર ઘટનાઓમાં સીબીઆઇ તપાસની માંગ કરાય છે, કેમ કે, રાજ્યની એજન્સીઓ પહેલેથી જ પોતાનો ભરોસો ખોઇ ચુકી છે, મુશ્કેલી એ છે કે, સીબીઆઇ કેટલીયેવાર ગંભીર કેસોથી પણ એમ કરીને હાથ ખંખેરે છે કે, તપાસ કરવા માટે એમની પાસે પર્યાપ્ત ઇન્ફ્રાસ્ટ્રકચર નથી. આ પરિસ્થિતિમાં તપાસ એજન્સીઓને શક્તિદાયક બનાવવાની ખૂબ જરૂર છે. જેથી તે ઇમાનદારી અને ઝડપથી તપાસ કરી શકે. આ સ્થિતિમાં સીબીઆઇથી લઇ હાઇકોર્ટની ટિપણી પર ધ્યાન આપવું જોઇએ હાલ, દેશમાં સ્વતંત્ર રીતે કામ કરે તેવી એજન્સીની ખાસ જરૂર છે. આ દેશમાં યોગ્ય પગલાં ભરવા જરૂરી છે.



## કોરોના કાળમાં રૂપિયાના અવમુલ્યન પર બ્રેક મુકવા પગલા જરૂરી

# ડોલરથી રૂપિયાને બચાવવાની જરૂર

## ડોલરની સામે રૂપિયાની કિંમતમાં સતત ઘટાડો થઇ રહ્યો છે:અન્ય કારણો આપીને હાથ ઉંચા કરવાથી ચાલશે નહી:ધ્યાન જરૂરી છે

સમગ્ર વિશ્વમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. દુનિયાની અર્થવ્યવસ્થા પર આની માઠી અસર થઇ છે સુપર પાવર ગણાતા અમેરિકા જેવા દેશની હાલત પણ કોરોનાના કારણે ખરાબ થઇ છે આના કારણ એ છે કે કોરોના કાળમાં લાંબા સમય સુધી લોકડાઉનની સ્થિતી રાખવામાં આવી હતી. કોરોનાના ફેલાવા પર બ્રેક મુકવા માટે લોકડાઉનની જાહેરાત કર્યા બાદ દનિયાના દેશોમાં આર્થિક ગતિવિધી ઠપ્પ થઇ ગઇ હતી. હવે દુનિયાના દેશો અનલોક થયા છે ત્યારે સ્થિતી ધીમે ધીમે સુધરે તેવા સંકેત છે. ભારત પણ આવી જટિલ સ્થિતીમાં પોતાને મજબુત સ્થિતીમાં રાખવામાં સફળ નથી. હવે કારોબાર અને આર્થિક ગતિવિધી શરૂ થઇ છે ત્યારે ડોલરની સામે રૂપિયાના અવમુલ્યનને રોકવા માટે પગલાની જરૂર છે.કોરોના કાળમાં વ્યક્તિ ડોલરની સામે રૂપિયાની ઘટતી જતી કિંમતના કારણે પરેશાન છે તે બાબત હવે દેખાવવા લાગી ગઇ છે. સામાન્ય વ્યક્તિ પરેશાન એટલા માટે છે કે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં સતત વધારો થઇ રહ્યો છે. આ સ્થિતી હાલમાં અકબંધ રહે તેવી શક્યતા છે. રૂપિયાના અવમુલ્યનના કારણે તમામ ચીજોની કિમત પર તેની માઠી અસર થઇ રહી છે. રૂપિયાની કિંમત ઘટી જવાના કારણે ભારતીય આયાતકારોને વધારે નાણાં દરેક બાબતમાં ચુકવી દેવાની ફરજ પડી રહી છે. ભારતીય આયાતકારોને ડોલરના સ્વરૂપમાં રૂપિયાની ચુકવણી કરવાની ફરજ પડી રહી છે. જે હાલમાં ભારે પડે છે. ભારતીય આયાતકારોને ડોલરમાં જંગી નાણાં ચુકવી દેવાની ફરજ પડી રહી છે.અમારા નાણાં પ્રધાન નિર્મલા સીતારામન ડોલરની સામે રૂપિયાના અવમુલ્યન માટે કેટલાક કારણો આપે છે પરંતુ નાણાંપ્રધાન એ વાત કરી રહ્યા નથી કે ડોલરની સામે રૂપિયાના અવમુલ્યનને રોકવા માટે ક્યાં પગલા લેવામાં આવી રહ્યા છે. નાણાં પ્રધાન એમ પણ કહી રહ્યા છે કે ભારતીય રૂપિયાની કિંમત કેટલાક દેશોના ચલણ કરતા હજુ મજબુત છે. આ ચલણની સામે રૂપિયાની કિંમત વધી રહી છે. સામાન્ય રીતે વિદેશી કારોબાર ડોલરમાં થાય છે. જેથી ડોલરની સામે રૂપિયામાં કોઇ પણ ઘટાડો થાય તો ભારતીયોને સીધી રીતે નુકસાન થાય તે સ્વાભાવિક છે. રૂપિયા, ડોલર અને અન્ય કરેન્સીની કિંમત તેની માંગ અને સપ્લાય પર આધારિત હોય છે. ભારતીય રૂપિયાની માંગ માટે સરકારને નિકાસને પ્રોત્સાહન આપવા અને વધારી દેવા માટે કેટલાક નક્કર પગલા લેવાની જરૂર છે. નવેસરથી નવી આક્રમક નિતી બનાવવાની સરકારને જરૂર છે. વિકસિત દેશોના આધુનિક નેટવર્કનો સામનો કરવા માટે નક્કર કાર્યવાહી અને પગલાની જરૂર છે. નિકાસ વધે તે માટે સ્થિતી ઉભી કરવી પડશે. સક્ષમ નિકાસકારોને સંભિવત તમામ મદદ કરવી પડશે. સાથે સાથે અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલી ટ્રેડ વોરની ખેંચતાણનો લાભ લેવાની જરૂર છે. બાંગલાદેશ અને વિયતનનામ જેવા દેશોમાં સસ્તા શ્રમિક મળવાથી ભારતીય પેદાશો માટે બજાર મળવાની બાબત મુશ્કેલ બની રહી છે. આ બાબતને સમજીને નિતી બનાવવાની જરૂર દેખાઇ રહી છે. ડોલર જેવા વિદેશ ચલણને આકર્ષિત કરવા માટે ભારત સરકારને યોગ્ય પાસા પર કામ કરવાની જરૂર છે.

ભારત સરકાર આના માટે વિદેશી ચલણ બોન્ડ જારી કરી શકે છે. બેંકોને સબસિડી આપીને બિનનિવાસી ભારતીયોને વધારે વ્યાજ અપાવી શકે છે. જો મેક ઇન ઇન્ડિયાના નારાને સફળ કરવાની જરૂર છે તો તેના માટે કેટલાક પાસા પર ઝડપથી કામ કરવાની જરૂર છે. વિદેશી લોકો માટે અમારા દેશમાં આવીને કામ કરવાના દ્વારા ખોલી દેવામાં આવે તો સીધો ફાયદો થશે. આનાથી વિદેશી રોકાણ આવશે અને રૂપિયાની કિંમત વધશે. ભારતને પોતાની આયાતને ઘટાડી દેવા માટે પણ પગલા લેવા પડશે. પેટ્રોલિયમ ચીજ વસ્તુઓની સ્થિતીના આધારને ઘટાડી દેવાની જરૂર છે. કોલસા, સોના અને અન્ય ચીજ વસ્તુઓની આયાતને પણ ઘટાડી દેવાની જરૂર દેખાઇ રહી છે. અમારા દેશમાંથી ઉચ્ચ શિક્ષણ મેળવી લેવા માટે વિદ્યાર્થીઓ બહાર જાય છે. આવી બાબતને લઇને પણ ધ્યાન આપવાની જરૂર છે.કોઇ પણ સરકાર માત્ર એમ કહીને હાથ ઉંચા કરી શકે નહીં કે આંતરરાષ્ટ્રીય પરિબળોના કારણે ડોલરની સામે રૂપિયાની કિંમતમાં ઘટાડો થ રહ્યો છે. તેના અવમુલ્યનનને રોકવા માટે તાત્કાલિક રીતે પગલા લેવાની જરૂર છે. ડોલરની માંગ વધી રહી છે જેના કારણે રૂપિયાની માંગ ઘટી રહી છે. નિકાસકારોને વધારે તાકાત આપીને રાહત મેળવી શકાય છે.

**સામાન્ય રીતે વિદેશી કારોબાર ડોલરમાં થાય છે. જેથી ડોલરની સામે રૂપિયામાં કોઇ પણ ઘટાડો થાય તો ભારતીયોને સીધી રીતે નુકસાન થાય તે સ્વાભાવિક છે. રૂપિયા, ડોલર અને અન્ય કરેન્સીની કિંમત તેની માંગ અને સપ્લાય પર આધારિત હોય છે. ભારતીય રૂપિયાની માંગ માટે સરકારને નિકાસને પ્રોત્સાહન આપવા અને વધારી દેવા માટે કેટલાક નક્કર પગલા લેવાની જરૂર છે.**



# પ્રાચીન સંબંધના નાતે ભારતે અફઘાનને બનાવ્યું અર્વાચિન

અફઘાનિસ્તાન શબ્દને ભારત સાથે સીધું કનેક્શન છે. પણ એ માટે ઈતિહાસમાં પંદરસો વર્ષ પાછળ જવું પડશે. ૬ઠ્ઠી સદીમાં થઈ ગયેલા મહાન ભારતીય ગણિતજ્ઞ વરાહમિહિરે રખડતા-ભટકતા કબિલાઓ માટે અવગણ શબ્દ વાપર્યો હતો. અફઘાનિસ્તાનમાં રહેતા લોકો સિરિયાથી રખડતા ભટકતા આવ્યા હતા. સિરિયામાં અવગણના પામેલા એ લોકો શરૃઆતમાં અવગણ તરીકે ઓળખાયા. બાદમાં શબ્દ અપ્રભંશ થતો થતો અફઘાન થયો. સ્તાન એટલે ભૂમિ, અફઘાનિસ્તાન એટલે અફઘાનોની (અવગણોની) ભૂમિ.



૨૦૦૧માં અમેરિકાએ અફઘાનિસ્તાનમાં તાલિબાનો પર આક્રમણ કર્યું, ૨૦૦૪માં ત્યાં સરકાર સ્થાપી એ પછી ભારતે અફઘાનિસ્તાનને ફરી બેઠું કરવામાં ઘણી મદદ કરી. એટલે જ તાલિબાનો કહી ચૂક્યા છે કે અમારા રાજમાં ભારતીય નાગરિકોને કોઈ ખતરો નથી, જો ભારત લશ્કર મોકલશે તો બબાલ થશે. ભારતે કરેલા વિકાસકાર્યોમાં નોંધપાત્ર કામ એક હાઈવેનું છે. અફઘાનિસ્તાનનો રૂટ નંબર ૬૦૬ તરીકે ઓળખાતો હાઈવે ભારતના બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશને બાંધ્યો છે. ૨૧૮ કિલોમીટર લાંબો એ હાઈવે ડેલારામ અને ઝારાંજને જોડે છે. એ હાઈવે નહોતો ત્યારે આ બન્ને શહેરો વચ્ચેનું અંતર કાપતા બાર-ચૌદ કલાક લાગતા હતાં. હવે માત્ર ૩ કલાકમા કાપી શકાય છે. ભારતે ૨૦૦૫મા શરૃ કરીને ૬ અબજ રૃપિયાના ખર્ચે ૨૦૦૯મા એ હાઈવે ખુલ્લો મુકી દીધો હતો. આ હાઈવે પુરો ન થાય એટલા માટે તાલિબાનોએ અનેક વખત હુમલા કર્યા હતા જેમા ૬ ભારતીય સહિત કુલ ૧૩૫ના મોત થયા હતાં. તો પણ ભારતે રસ્તો પુરો કરી બતાવ્યો હતો.

ભારતે અફઘાનિસ્તાનને ડેમ બાંધી આપ્યો છે. સલમા નામનો ડેમ ૨૦૧૬માં વડા પ્રધાન મોદી અફઘાનિસ્તાન ગયા ત્યારે ખુલ્લો મુકાયો હતો. એ બંધનું કામ આમ તો ૧૯૭૬મા શરૃ થયુ હતું પણ પછીથી આંતરીક અશાંતિને કારણે અટકી પડયુ હતું. એ પછી ભારતે ૧૯૮૮મા અને બાદમા ૨૦૦૬મા મદદ પહોંચાડી ડેમનું બાંધકામ ફરી શરૃ કરાવ્યુ હતું. ૧૦૭.૫ મિટર ઊંચો ડેમ બાંધવા માટે ભારતે ૧૭૭૬ કરોડ રૃપિયા ખર્ચ્યા હતા.

લોકશાહીનું પ્રતીક સંસદભવન છે. અફઘાનિસ્તાનનું એ પ્રતીક ભારતે બાંધી આપ્યું છે. આ પહેલી અફઘાની સંસદ દારૃલ અમન મહેલ નામે ઓળખાતા મકાનમા હતી. વીસમી સદીના પ્રારંભે અફઘાનિસ્તાનમા આધુનિકતાનો વાયરો વાયો ત્યારે અમાનુલ્લાખાને યુરોપિયન સ્ટાઈલનો ભવ્ય મહેલ બંધાવ્યો હતો. સંસદ બન્યા પછી ૧૯૬૯મા પેલેસને આગ લગી હતી. એ વખતે રિપેર કરીને તેનો ઉપયોગ સંરક્ષણ મંત્રાલયની ઓફિસ તરીકે થયો હતો. એ પછી વળી ફરી ૧૯૭૮મા આગ લાગી અને મહેલને નુકસાન થયુ હતું. ૧૯૯૦ના દાયકામા રશિયાએ મુઝાહિદ્દીનો પર આક્રમણ કર્યું ત્યારે આ મકાનને ભારે નુકસાન થયુ હતું. ત્યારથી ખંડેર હાલતમા રહેલા એ મહેલની જગ્યાએ નવુ ભવ્ય બાંધકામ કરવાનું ૨૦૦૫મા નક્કી થયુ હતું અને દસ વર્ષ પછી નવું પાર્લામેન્ટ હાઉસ તૈયાર થયુ હતું. એ બાંધકામમાં મોગલ અને આધુનિક આર્કિટેક્ટનો સમન્વય કરાયો હતો.

૨૦૧૫માં જ ભારતે અફઘાનિસ્તાનને ૩ એમઆઈ-૨૫ હેલિકોપ્ટરો આપ્યા હતા, એ પણ વિનામૂલ્યે. અફઘાનિસ્તાની સેના બેઠી થઈ શકે એ માટે તેને શસ્ત્રોની પણ જરૃર હતી. અફઘાન સેના બેઠી ન થઈ શકી એ અલગ વાત છે.અફઘાનિસ્તાન એટલે મુસ્લીમ રાષ્ટ્ર.. એવી આપણી સમજ હોય એમાં કશી નવાઈ નથી. નવાઈ એ વાતની છે કે અફઘાનિસ્તાન એક સમયે ભારતનો ભાગ હતું. સવા બે હજાર વર્ષ પહેલા જગત જીતવા નીકળેલા એલેક્ઝાન્ડરના સેનાપતિ સેલ્યુકસને સૌ પ્રથમવાર ત્યારે ભારતીય શાસનનો ભેટો થયો હતો. ચંદ્રગુપ્ત અને સેલ્યુકસ વચ્ચે જંગ થયો જે ઈતિહાસમાં સેલ્યુકસ-મોર્યન વોર તરીકે ઓળખાય છે.

એ યુદ્ધમાં સેલ્યુકસની પીછેહટ થઈ, તેના તાબાનો પ્રદેશ તેણે ચંદ્રગુપ્ત મૌર્યને લખી આપવા પડ્યા. એ પ્રદેશ એટલે આજના અફઘાનિસ્તાનના કંધહાર (મહાભારતકાળનું ગાંધાર), કાબુલ, હેરાત, બલુચિસ્તાન વગેરે. એ પછી ત્યાં બોદ્ધ ધર્મનો વિકાસ થયો. એટલે જ જગતની સૌથી ઊંચી બોદ્ધ મૂર્તિઓ અફઘાનિસ્તાનના બામિયાન પહાડોમાં બની. તાલિબાનોએ બાદમાં તેને તોડી પાડી હતી. અશોકના શિલાલેખો ભારતમાં જાણીતા છે. એવો એક શિલાલેખ કંધહારમાંથી પણ મળ્યો હતો. અહીંના બજારમાં એ શિલાલેખ એક સામાન્ય પથ્થરની માફક વેચાતો હતો. ઈતિહાસપ્રેમી જર્મન ડોક્ટરે તેને ખરીદી લઈ અભ્યાસ કર્યો. એ પરથી જણાયું કે તેમાં ગ્રીક ભાષામાં ૨૦ આજ્ઞા અથવા સૂચના લખેલી છે. બાદમાં એ ભારતના ચક્રવર્તી સમ્રાટ અશોકનો શિલાલેખ હોવાની પણ જાણ થઈ. અત્યારે એ ઐતિહાસિક અને કિંમતી પથ્થર કાબુલના નેશનલ મ્યુઝિયમમાં છે. જો મ્યુઝિયમ સચવાય તો એ પથ્થર પણ સચવાશે.

**૬ અબજના ખર્ચે હાઈ-વે ૧૭૭૬ કરોડનાં ખર્ચે સલમા ડેમ, નવું સંસદ બનાવી આપી અને લડાકુ હેલિકોપ્ટરો પણ મફતમાં આપ્યા**

# ઓલિમ્પિકના ખેલાડીઓને ભારત જાગરણમાં જોડાવાં હાકલ

**શિક્ષણ ચિંતન**

**- ડૉ. જગદીશ ભાવસાર**

ઓગસ્ટ માસ એટલે સામાજિક, રાષ્ટ્રીય, ધાર્મિક તહેવારો- ઉત્સવોથી છલકાતો માસ. આ માસમાં દેશની આઝાદીનું પર્વ ઉજવાય. આ માસમાં ભાઇ-બહેનના પવિત્ર બંધનનું રક્ષાબંધનપર્વ ઉજવાય. ઓગસ્ટ અને શ્રાવણમાસ લગભગ પાસે પાસે જ હોય છે જેથી શીવ આરાધના કરાય છે તો સાથે જ કૃષ્ણભગવાનનો જન્મોત્સવ પણ મનાવાય છે. કોવિડ-૧૯ની અસર હેઠળ ધીમે ધીમે પ્રસંગોની ઉજવણીમાં ઉત્સાહ આવતો જાય છે. જનજીવન ધબકતું થઇ રહ્યું છે. જો કે, સંયમ સાથે ઉજવણીની સતત ટકોર કરવામાં આવી રહી છે. ઓનલાઇન-ઓફલાઇન મોડ પર શિક્ષણ ચાલી રહ્યું છે. ઓનલાઇન-ઓફલાઇન મોડ પર પરિક્ષાઓ લેવાઇ રહી છે. પરિણામ આવી રહ્યા છે. એમબીપી અને માસપ્રમોશન થકી અભ્યાસના વર્ષ આગળ વધી રહ્યા છે. ૬ થી ૮ની શાળાઓનું ઓફલાઇન શિક્ષણ વાલીની સંમતિ સાથે પ્રારંભ કરવાની સરકાર ગંભીરતાથી વિચારણાં કરી રહી છે. ધંધા-રોજગાર સવારે ૬ કલાકથી રાત્રિ અગિયાર સુધી કાર્યરત રાખવાની માંગ પણ ઉઠી છે. અષાઢ-શ્રાવણ- ભાદરવો અને આસો ચાર માસ નાણાંની તરલતા વધારે પ્રવર્તે છે. નાણાંને અર્થશાસ્ત્રમાં તરલસંપત્તિ કહે છે. નાણું સતત અર્થતંત્રમાં ફરતું રહે તે જરૂરી છે. આ માટે સંયમ સાથે છૂટછાટનો માર્ગ જરૂરી લાગે છે.

**સૌનો સાથ- સૌનો વિકાસ સૌનો વિશ્વાસ- સૌનો પ્રયાસ**

આપણી આઝાદીની ૭૫ મી વર્ષગાંઠે ભારતના (આપણાં) વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલકિલ્લા પરથી લગભગ ૯૦ મીનિટ સુધી પ્રવચન કરી આપણી પ્રગતિ અને ભવ્યતાને રાષ્ટ્ર સમક્ષ ઉજાગર કરી હતી. આ પ્રવચનમાં તેમણે મહત્વનો શબ્દ રાષ્ટ્ર સમક્ષ આપેલાં સૂત્રમાં જોડ્યો હતો. આ શબ્દ હતો સૌનો પ્રયાસ.

એક પ્રખ્યાત પંક્તિ છે 'એક અકેલા થક જાયેગા, મિલકર બૌજ ઉઠાના સાથી હાથ બઢાના' 'વિના સહકાર, વિના સંસ્કાર નહિ ઉધ્ધાર' સૂત્ર પણ પ્રચલિત છે. ઘર-પરિવાર, ગામ, નગર, શહેર, રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વ આ સંદેશ અત્યંત આવશ્યક છે જ. અફઘાનિસ્તાનમાં તાલિબાન અરેરાટી ફેલાવે ત્યારે અફઘાન પ્રજાના ભલાં માટે આખાયે વિશ્વના દેશોએ સહકારની ભૂમિકા ભજવવી જ જોઇએ. વસુધૈવકુટુમ્બકમના સંદેશને પ્રસરાવનારા આપણે છીએ. આપણા માટે ભાઇચારો, એકતા, સહકાર, પ્રેમ અત્યંત મહત્વના છે. આપણે ટીવીના પરદે વર્ષો સુધી પ્રેરણાત્મક ગીત સાંભળતા આવ્યા છીએ જેના શબ્દો છે 'મિલે સુર મેરા તુમ્હારા તો સુર બને હમારા' ૧૫મી ઓગસ્ટનો શબ્દ સૌનો પ્રયાસ આ જ સંદેશ પ્રતિબિંબિત કરે છે.

'સૌનો પ્રયાસ' એટલે ૧૩૯ કરોડ નાગરિકો સ્વહિત અને રાષ્ટ્રહિતમાં એક સંકલ્પ કરે અને સંકલ્પનું પવિત્રતાથી પાલન કરે. દા.ત. પ્રતિવર્ષ એક વૃક્ષ વાવીશ અને તેને ઉછેરીશ. પાણીની બચત કરીશ અને બગાડ અટકાવીશ. વીજળીની બચત કરીશ. સ્વચ્છતા જાળવીશ. વિદ્યાર્થી તરીકે અભ્યાસમગ્ન રહીશ. મોબાઇલનો ઓનલાઇન અભ્યાસમાં ઉપયોગ માત્ર કરીશ. સારો સાત્વિક, તંદુરસ્તી માટે જરૂરી ખોરાક લઇશ. કસરત કરીશ. યોગ- પ્રાણાયમ કરીશ. હરવાં- ફરવાંના સ્થાનોને પ્રદૂષિત કરીશ નહીં. અર્થોપાર્જન માટે જ્યાં જોડાયેલ હોઇશ ત્યાં પવિત્રતાપૂર્વક ફરજ નિભાવીશ. આપણાં માનવોથી ઉભરાતા દેશમાં સંકલ્પ નાના પરંતુ પરિણામ વિરાટ આપવાની ક્ષમતા ધરાવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ઓલિમ્પિકમાં ભાગ લઇને આવેલાં ખેલાડીઓને વિદ્યાર્થીઓ અને યુવાનો વચ્ચે શરીર સૌષ્ઠવ, એકાગ્રતા અને રમત પરત્વે સમર્પણનો ભાવ જગાડવાં રાષ્ટ્રભ્રમણ કરવાં હાકલ કરી છે. સૌનો પ્રયાસ ભવ્ય ભારત બનાવશે.

**અમૃત મહોત્સવ-૭૫ સપ્તાહ**

આઝાદીનો અમૃત મહોત્સવ ૭૫ સપ્તાહ સુધી ઉજવાશે. આ ૭૫ સપ્તાહ દરમિયાન વૈવિધ્યસભર આયોજનો થશે. આપણે ભારતવાસી તરીકે આઝાદીના આ મહાનપર્વમાં સહભાગી થઇએ. અમૃત મહોત્સવ ભારતના ગૌરવના પુનઃ સ્થાપન માટે છે. અમૃત મહોત્સવ મા ભારતીની આઝાદી માટે પણ પ્રાણ ન્યોછાવર કરનારા લડવૈયા, ક્રાંતિવીરની વંદનાનો, સમર્પણનો, યાદગીરીનો છે. અમૃત મહોત્સવ દેશ માટે જીવવાના સંકલ્પનો છે. અમૃત મહોત્સવ આપણી વ્યક્તિગત પ્રગતિના સંકલ્પનો અને રાષ્ટ્રની પ્રગતિમાં સહકારનો છે.

**અમૃત્ત મહોત્સવે દેશ માટે જીવવાંનો સંકલ્પ કરીએ, સ્વપ્રગતિ થકી રાષ્ટ્રની પ્રગતિમાં સહભાગી થઇએ**

:: 3 ::

[illegible]

GL14781267, GL14720856, GL14520868, GL16720550, GL14303798, GL14293715, GL16161586, GL16196310, GL15028266, GL15413118, GL14994207, GL15594545, GL14808222, GL15754295, GL15600156, GL15133753, GL15143973, GL16050816, GL17978561, GL15673390, GL14818051, GL14817907, GL15621574, GL15016574, GL15469503, GL16060839, GL15852199, GL17580099, GL15227287, GL14416111, GL14260955, GL13680154, GL14681066, GL15365353, GL14447205, GL15005083, GL14247120, GL15299026, GL15943328, GL15757370, GL13561964, GL14266056, GL14266047, GL16039228, GL14320040, GL14235186, GL14165923, GL14799411, GL14226000, GL14305441, GL14155056, GL14057926, GL13535653, GL14535238, GL14225198, GL14289857, GL14379525, GL14506827, GL13694408, GL14003152, GL14376275, GL13995542, GL14948630, GL14364702, GL14576982, GL14345819, GL14947734, GL14260694, GL14063496, GL14662701, GL14662880, GL14063418, GL14909953, GL14647900, GL14308350, GL14878660, GL15169845, GL14575953, GL14458819, GL14757213, GL14975930, GL14975942, GL14976495, GL15135224, GL14012820, GL14570765, GL14936882, GL14656514, GL13739014, GL14543827, GL14819882, GL14682178, GL14231321, GL14484655, GL14580925, GL14004965, GL14262126, GL14582254, GL14194191, GL14557431, GL14260975, GL14230165, GL14230200, GL14916628, GL14393581, GL14930319, GL13357675, GL14377355, GL14939715, GL14939854, GL14612845, GL15018744, GL14901502, GL14650757, GL14427849, GL14578515, GL14203181, GL14824918, GL14724866, GL14649081, GL14663529, GL14663507, GL14715359, GL14311275, GL14377263, GL14651235, GL14244168, GL14244249, GL14696972, GL14944568, GL14381981, GL14213085, GL14596997, GL14499539, GL14513579, GL14400619, GL14587367, GL14424891, GL14713398, GL14048540, GL14304202, GL14209143, GL14197691, GL14970225, GL14398043, GL17723328, GL13913825, GL12961672, GL13669200, GL14282732, GL14666551, GL14130897, GL13452411, GL13916000, GL14896782, GL14608883, GL14766405, GL14580389, GL13605186, GL13929923, GL13182417, GL14056887, GL13452258, GL14380884, GL14734049, GL14405349, GL13478617, GL15590696, GL14717774, GL14652692, GL14701492, GL14387222, GL14616825, GL15028265, GL14695410, GL14298783, GL14715876, GL14311734, GL15146760, GL14714031, GL14739065, GL15153478, GL15150535, GL14277590, GL14964628, GL14345538, GL14330486, GL14451879, GL14209057, GL14582476, GL14189316, GL14305770, GL14006607, GL14800419, GL14480708, GL14271211, GL14291041, GL14205868, GL14302298, GL15365250, GL12384208, GL13557204, GL14613713, GL14304907, GL14472515, GL14199402, GL14479976, GL14261107, GL14200280, GL14648558, GL15028264, GL14201322, GL14074876, GL14813913, GL14312758, GL14182700, GL13996770, GL15028263, GL14443846, GL15028134.

અમે સંબંધિત તાલુકા / સેન્ટરોમાં જ્યાંથી આવી લોન લેવામાં આવી છે ત્યાં 23.08.2021ના રોજ અથવા તે પછી સવારે 10.00 વાગ્યાથી ગિરવે મૂકેલા સોનાના દાગીનાની લિલામી હાથ ધરી રહ્યા છીએ. સરનામું આમારી વેબસાઈટ www.iifl.com પર તાલુકા /કેન્દ્ર ખાતે ઉપલબ્ધ છે ત્યાં જાહેર હરાજી કરવામાં આવશે. નિષ્ફળ ગયેલા કરજદરોને આ હરાજી અંગે નોટીસ દ્વારા જાણ કરી દેવામાં આવી છે. નિષ્ફળ ગયેલા કરજદારોની સોનાની દાગીનાની માહિતી તથા નાણાંકીય બાબતો જે તે તાલુકા અને કેન્દ્રો પર ઉપલબ્ધ છે. કરજદારોના લોન એકાઉન્ટમાં લગાવાયેલા વધારાના ચાર્જ તથા બાકી નાણા આ નોટીસ પ્રસિધ્ધ થયા પછી પણ ચૂકવી દેવાનો વિકલ્પ આપવામાં આવે છે પણ અહી દર્શાવવામાં આવેલી હરાજીની તારીખ પહેલા તેમ છતા આ જાહેરાત 20.08.2021ના રોજ પ્રસિધ્ધ થઈ ત્યારબાદ કરજદારની લોન બંધ કરાશે જે ચાર્જ તેમણે ભોગવવાનો રહેશે.

લેનાર વ્યક્તિઓ 21.08.2021ના રોજ સવારે 9.30 થી 6.00 કલાકે સોનાના દાગીના જોઈ શકશે અને તેઓ તેમની દરખાસ્ત આપશે. સોનાના દાગીના જેવા છે. "જે છે તે" સ્થિતીમાં વેચવાના છે. હરાજીના નિયમો અને શરતો એમ/એસ આઈઆઈએફએલ ફાઈનાન્સ લી. દ્વારા નક્કી કરવામાં આવશે. જો લેણદારની પૂરેપૂરી રકમ ભરપાઈ નહી થાય તો બીજા દાગીનાની વધૂ નોટીસ આપ્યા વગર હરાજી કરવામાં આવશે. શરતો અને નિયમો આઈઆઈએફએલ ફાઈનાન્સ લી. દ્વારા ફેરફારને પાત્ર રહેશે, ઉચામાં ઉંચી બોલી બોલનારની દરખાસ્ત સ્વીકારવી કે નહી તે આઈઆઈએફએલ ફાઈનાન્સ લી. ની સત્તાને આધિન રહેશે. આઈઆઈએફએલ ફાઈનાન્સ લી. કોઈપણ ખાતાને હરાજીની યાદીમાંથી અગાઉ જાણ કર્યા વિના દૂર કરી શકે છે. બદલી શકે છે અને અગાઉથી જાણ કર્યા વિના તારીખમાં પણ ફેરફાર કરી શકે છે.

Date: 20.08.2021

અધિકૃત અધિકારી

(આઈઆઈએફએલ ફાઈનાન્સ લીમિટેડ)

વધુ માહિતી માટે કૃપા કરી સંપર્ક કરો:

IIFL FINANCE LTD., 2nd Floor, Above Alfa Bazar, Opp. Thakorbhai Desai Hall, Law Garden, Ahmedabad-380006, Gujarat • Contact: 98256 08928 / 97271 00162 / 70167 45175


## સમાચારો તસવીરોમાં




પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ ગઈ છે ત્યારે ધાર્મિક તહેવારોની વણઝાર શરૂ થઈ છે. વરોડદરા ગ્રામ્યથી 'બોલ મારી અંબે જય જય અંબે'ના નારા લગાવતા અંબાજી પગપાળા સંઘમાં યુવાનો જઈ રહ્યાં છે. (તસ્વીર : સુનીલ બારોટ - નડિયાદ)



'હર હર મહાદેવ'ના નાદ સાથે પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે નડિયાદ શહેરના હાર્દસમા એવા કોલેજ રોડ ખાતેના ચંદ્રમૌલેશ્વર મહાદેવમાં પૂજારી નલીનભાઈ ભટ્ટે રંગબેરંગી ફૂલોથી નીજ મહાદેવમાં સુંદર શણગાર કર્યો હતો. (તસ્વીર : સુનીલ બારોટ - નડિયાદ)




શ્રાવણ માસ એટલે ભાઈ-બહેનના હેતનું પર્વ ગણાતા એવા રક્ષાબંધન પર્વની તળામાર તૈયારીના ભાગરૂપે નડિયાદ શહેરના સંતરામ મંદિર રોડ ખાતે રાખડીઓની ખરીદી કરતા ગ્રાહકો નજરે પડે છે. (તસ્વીર : સુનીલ બારોટ - નડિયાદ)



નડિયાદના જય મહારાજપાર્ક સોસાયટીમાં બેન્ક ઓફ ઈન્ડિયામાં નોકરી કરતા રાજુભાઈ રબારીના ઘરે દશામાં વ્રતના પર્વની ઉજવણી સોસાયટીના રહીશો દ્વારા કરાવવામાં આવી હતી. માતાજીની મૂર્તિ શિવલીંગ ઉપર દશામાં સુંદર શૃંગાર ધરી દ્રશ્યમાન થાય છે. (તસ્વીર : સુનીલ બારોટ - નડિયાદ)

### ઈડર જૈન સમાજના પૂર્વ પ્રમુખનું નિધન થતાં સમાજ અને શહેરમાં શોકની લાગણી



ઈડર તા.૧૯

ઈડર જૈન શ્વેતાંબર સમાજના પૂર્વ પ્રમુખ મહેન્દ્ર પોપટલાલ મહેતાનું આજરોજ ટુંકી માંદગી બાદ અવસાન થયું છે. ઈડર શહેર માટે 'દાનવીર' એવા મહેન્દ્ર મહેતાએ સમાજના અને શહેરના અનેક કાર્યો માટે માતબર દાન કરેલ છે. તાજેતરમાં જ તેઓએ ઈડર શહેરની અને પોતે જ્યાં અભ્યાસ કર્યો છે. એવી સરપ્રતાપ હાઈસ્કૂલમાં નવિનીકરણ માટે મોટી રકમનું દાન કર્યું હતું. ઉપરાંત જૈન ઉપાશ્રય, ઈડર ગઢ, ગોધમજી પંથકમાં તેમજ અનેક નાના-મોટા કાર્યોમાં દાનની ધારા સતત વહાવી હતી. તેઓના નિધનથી જૈન સમાજે ઝળહળતો તારલો અને ઈડર શહેરે પોતાનો પનોતો પુત્ર ગુમાવ્યો છે.

# પ્રાંતિજમાં જન આશીર્વાદ યાત્રાનું સ્વાગત

પ્રાંતિજ તા.૧૯

પ્રાંતિજ ખાતે કેન્દ્રીય મંત્રી દેવુંસિહ ચૌહાણ જન આશીર્વાદ યાત્રા સાથે પધાર્યા ત્યારે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ ખાતે તા.૧૭ મી ઓગસ્ટના રોજ કેન્દ્રીય પ્રસાર મંત્રી દેવુંસિહ ચૌહાણ જન આશીર્વાદ યાત્રા સાથે આવી પહોંચ્યા ત્યારે પ્રાંતિજ હાઈવે ત્રણ રસ્તા ઉપર કાર્યકરોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યુ હતું. ભાજપ યુવા મોરચા તેમજ વિવિધ મોરચાના યુવા કાર્યકરો બાઈક ઉપર સવાર થઈને રેલી સ્વરુપે પ્રાંતિજ નગરમાં વાજતે-ગાજતે મંત્રી સાથે પધરામણી થઈ ત્યારે ભારત માતાકી જયના જયકારાથી સમસ્ત વાતાવરણ ગુંજી ઉઠયું હતું. હાઈવે ત્રણ રસ્તાથી પસાર થઈને રેલી નગરના મુખ્ય માર્ગ પરથી ભાખરીયા બસસ્ટેન્ડ પાસે આવી ત્યારે નગરજનોએ મંત્રીશ્રીને આવકાર્યા હતા. આ બાઈક રેલી સ્ટેશન રોડ ઉપરથી પસાર થઈને ચિત્રિણી નર્સીંગ કોલેજ કેમ્પસમાં પ્રવેશી ત્યારે સાબરકાંઠાના સાંસદ દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વમંત્રી જયસિંહ ચૌહાણ, પૂર્વ કાયદા મંત્રી વીડી ઝાલા વિગેરેઓએ મંત્રીશ્રીનું ભાવભર્યું સ્વાગત કરીને તેઓને મંચ તરફ લઈ ગયા ત્યારે મહિલા મોરચાની બહેનો કે.જે.કેશરીયા સાફો પહેરીને સજ્જ બનીને મંત્રીને કુમકુમ તિલક કરીને તેમનું હૃદયપૂર્વક સ્વાગત કર્યું હતું.



(તસ્વીર : રાજેશ ટેકવાણી, પ્રાંતિજ)

કેન્દ્રીયમંત્રી દેવુસિંહ ચૌહાણ કે જેઓની તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા મંત્રી તરીકે નિયુક્તિ કરી છે. તેઓ ખેડા જીલ્લાના નડીયાદ તાલુકાના નજીકના નાનકડા ગામના વતની છે. તેઓ સતત બીજીવાર સાંસદ બનીને મંત્રી પદે બીરાજમાન થયા છે. મંચ ઉપર મંત્રીજીનું સાંસદ દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર ઉપરાંત પૂર્વ મંત્રીઓએ બુકે તેમજ શાલ ઓઢાડીને સ્વાગત કર્યું હતું. પ્રાંતિજ તેમજ તલોદ તાલુકાના સહકારી આગેવાનો રાજકીય અગ્રણીઓ તેમજ ભાજપના પદાધિકારીઓ ઉપરાંત સાંસદ શ્રીમતી રમીલાબેન વ્યાસ, વિધાનસભા દંડક પંકજ દેસાઈ, રમણલાલ વ્હોરા, હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, પ્રાંતિજ તલોદના વિવિધ મોરચાઓ તેમજ સંગઠનોના આગેવાનો તેમજ ભાજપ શહેર તાલુકાના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**ધર્મપ્રિય મહિલાઓએ દશામાતાના વ્રતનું સમાપન મૂર્તિઓનું કરેલ વિસર્જન**

પ્રાંતિજ નગરમાં શ્રાવણ સુદ દસમના પવિત્ર દિવસે દશામાની વ્રત ધારી મહિલાઓએ વ્રતનું સમાપન કરીને મોડીરાત્રે મૂર્તિઓનું વિસર્જન કર્યું હતું.કોરોનાની મહામારીના કારણે સરકારશ્રીની ગાઈડ લાઈન પ્રમાણે માત્ર બે કે ત્રણ વ્યક્તિઓએ સાથે મળીને માતાજીની મૂર્તિઓનું વિસર્જન કર્યું હતું.

# ચેક રિટર્ન કેસમાં આરોપીને ૧ વર્ષની સજા અને રૂા. ૬ લાખનો દંડ ફટકારવામાં આવ્યો

### દંડની રકમ ન ભરે તો વધુ ૧ માસની સજા

ખેડબ્રહ્મા, તા.૧૯

દેના ગુજરાત ગ્રામિણ બેંક-ખેડબ્રહ્મામાંથી ટ્રેક્ટર માટે લોન લઈ પરત ચૂકવણી માટે આપેલ રૂા.૬ લાખનો ચેક રિટર્ન થતાં ચેક રિટર્ન કેસમાં ખાતેદારને એક વર્ષની સજા અને ૬ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

આ અંગેની વિગત એવી છે કે, જેઠાભાઈ વેલાભાઈ ખાંટ (રહે.બોરડી)નાઓએ દેના ગુજરાત ગ્રામીણ બેંક, ખેડબ્રહ્મા શાખામાંથી રૂા. ૩,૯૫,૦૦૦/- ટ્રેક્ટરની લોન મેળવેલ અને સદરહું લોન સમયસર ભરપાઈ ન કરાતા દેના બ્રાન્ચ મેનેજરે લોન ભરપાઈ કરાવવા વારંવાર જેઠાભાઈને જણાવતા જેઠાભાઈનાઓએ ફરિયાદી બેંકની સાથે હિસાબ સમજી લોન એકાઉન્ટનું તમામ દેવુ ચુકતે કરવા ફરિયાદી બેંકને ચેક રૂા. ૬,૦૦,૦૦૦/-નો આપેલ. તે ચેક ફરિયાદી બેંકે ખાતામાં નાંખતા પૂરતું બેલેન્સ ના હોઈ પરત ફર્યો હતો. જેથી ફરિયાદી બેંકે જેઠાભાઈ વેલાભાઈ ખાંટના વિરૂદ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબની ચેક રિટર્ન કોર્ટમાં ફરીયાદ દાખલ કરી હતી. જે કેસ ખેડબ્રહ્માના એડિશનલ ચીફ જ્યુડિશીયલ કોર્ટ સમક્ષ ચાલી જતા ફરિયાદીના વકીલ વિરલ કે. વોરા અને કમલ આઈ. પંડ્યાની દલીલોને કોર્ટે ગ્રાહ્ય રાખી આ કેસમાં આરોપીને કસૂરવાર ઠરાવી એક વર્ષની સાદી કેદ અને ૬ લાખ રૂપિયા દંડ ચૂકવવાનો હુકમ કર્યો છે અને આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો વધુ ૧ માસની કેદની સજા ભોગવવાનો પણ હુકમ કર્યો છે.

## મહિલાઓને રાખડી બનાવવાની તાલીમ આપવામાં આવી

વડાલી તા.૧૯

શેઠ શ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ વડાલી સીડબલ્યુડીસી અંતર્ગત 'રાખી મેકીંગ' કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં રાખી મેંકીંગ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતી બહેનોને ૩ દિવસ તાલીમ આપવામાં આવી હતી. તા. ૧૯-૮-૨૧ ના રોજ યોજાયેલી સ્પર્ધામાં ૨૦ બહેનોએ ભાગ લીધો હતો. પ્રિન્સીપાલશ્રી અને સ્ટાફની હાજરીમાં પ્રા.ઋષીકેશભાઈ જોશી અને પ્રા.હેપી દેસાઈએ નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને તાલીમ ડૉ. દિવ્યાબેન પટેલ અને આરતીબેન રાઠોડ દ્વારા આપવામાં આવી હતી. પ્રિ.શ્રી ડૉ. એન.આર.પટેલે સ્પર્ધકો અને આયોજકોને અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા હતા.

# સાયબર ક્રાઈમે ઓનલાઈન ચીટીંગમાં ગયેલા ૫.૨૧ લાખ પરત અપાવ્યાં

### અંકલેશ્વર પંથકમાં થયેલ આઠ જેટલા સાઈબર ફ્રોડના ગુના ઉકેલાયા

અંકલેશ્વર, તા.૧૯

અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશન સાયબર ક્રાઈમ સ્કોડ એટીએમ ફ્રોડ, લોન-લોટરી ફ્રોડ, જોબ ફ્રોડ, શોપીંગ ફ્રોડ, આર્મીના નામે ઓએલએક્સ, ફેસબુક એડમાંથી વસ્તુ ખરીદીને લગતા ફ્રોડ જેવા સાયબર ક્રાઈમના બનાવો ઘણા સામે આવી રહ્યાં છે ત્યારે સાઈબર ક્રાઈમ ટીમ સતર્ક બની છે. તેમને અલગ અલગ લાખોની મત્તાના આઠ કેસો શોધી કાઢીને ભોગ બનનારાઓની તેમની રકમ પરત અપાવી છે.

જે બનાવોમાં અરજદાર દ્વારા તાત્કાલિક અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશન સાયબર ક્રાઈમ સ્કોડનો સંપર્ક કરતા સાયબર ક્રાઈમ સ્કોડની ટીમ દ્વારા આ બનાવમાં ભોગ બનનાર અરજદારોને મદદરૂપ થઈ તાત્કાલિક એક્શન લઈ ટેકનીકલ એનાલીસીસના આધારે ભોગ બનનાર આઠ અરજદારોના મળી કુલ રૂા. ૫,૨૧,૯૬૩/- તેમના બેંક એકાઉન્ટોમાં પરત મેળવી આપેલ છે.



જય બાબારીના જય ઘોષ સાથે દિયોદરથી રામદેવરા સેવા માટે જઈ રહેલાં સેવાધારીઓની તસવીર. (તસ્વીર : અનુપ ઠાકોર - દિયોદર)

### બનાસકાંઠાના બેણપ ગામનો બનાવ

# સાળાઓએ છરીના ઘા ઝીંકી બનેવીને પતાવી દીધા

### મૃતકના સગા બે સાળાઓએ બનેવીની હત્યા કરી લાશને ઝાડીમાં ફેકી દીધી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

બનાસકાંઠા,તા.૧૯

બનાસકાંઠાના સરહદી વિસ્તાર બેણપ ગામમાં બે મહિના પહેલા ગુમ થયેલા યુવકની હત્યા કરાઈ હોવાનું બહાર આવ્યું છે. જેમાં સગા બે સાળાઓએ જ બનેવીને છરીના ઘા મારી હત્યા કરાઈ હોવાનું બહાર આવતાં જ થરાદ પોલીસે મૃતકના અસ્થિને પીએમ અર્થે ખસેડી એફ.એસ.એલ.ની મદદથી વધુ તપાસ હાથ ધરી છે. સુઈગામ તાલુકાના બેણપ ગામે દિનેશ હમીરભાઈ ઠાકોર નામના ૨૫ વર્ષીય યુવક ઘરેથી ભાભર જવાનું કહી નીકળ્યા બાદ ગુમ થયો હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. જેમાં થરાદ પોલીસે ઝીણવટભરી તપાસ કરતા મૃતકના સગા બે સાળાઓએ જ બનેવીની હત્યા કરી લાશને ઝાડીમાં ફેકી દીધી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. બેણપ ગામે રહેતા દિનેશ ઠાકોર અને તેમની બહેનના લગ્ન સાટા પદ્ધતિથી થયા હતા. ચાર વર્ષ અગાઉ શિવા ઠાકોરના મોટાભાઈ ખેંગાર ઠાકોર હત્યા થઈ હતી. આ હત્યા શિવા ઠાકોરના બનેવી દિનેશભાઈ ઠાકોર અને તેના પરિવારજનોએ કરી હોવાનો શંકા હતી. આ દરમિયાન બનેવી દિનેશ ઠાકોર બે મહિના અગાઉ તેમના સાળાઓને મળવા માટે બેણપ તેમના ખેતરે આવ્યો હતો. તે સમયે એકલતા જોઈ મોકાનો ગેરફાયદો ઉઠાવી બંને સાળા શિવા ઠાકોર અને હીરા ઠાકોરે બનેવી દિનેશ ઠાકોરને છરી આડેધડ ઘા મારી હત્યા કરી નાંખી હતી. બાદમાં લાશ અને ગુનામાં વપરાયેલી છરીને બાવળની ઝાડીમાં ફેંકી બંને નાસી ગયા હતા.

# દિયોદર બાબા રામદેવ સેવા સમિતિ દ્વારા રાજસ્થાનના સેવનિયાલ ખાતે સેવા કેમ્પ યોજાશે

### રામદેવરા પગપાળા જતા યાત્રાળુઓ માટે દિયોદર સમિતિ સુવિધા પૂરી પાડશે

દિયોદર, તા.૧૯

રાજસ્થાન ખાતે આવેલ રણુજા ખાતે દર ભાદરવા મહિનામાં બાબા રામદેવપીરનો મેળો યોજાય છે. જેમાં લાખો ભક્તો ગુજરાત અને રાજસ્થાનમાંથી પગપાળા દર્શન માટે જાય છે જેમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ દિયોદર બાબા રામદેવ સેવા સમિતિ દ્વારા સેવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજે દિયોદરના સેવાભાવી લોકો રાજસ્થાન જવા રવાના થયા હતાં. દિયોદર બાબા રામદેવ સેવા સમિતિનાં સંયોજક ગોરધનભાઈ પ્રજાપતિ, મહેન્દ્રભાઈ ખત્રીએ જણાવેલ કે, છેલ્લાં ૨૦ વર્ષથી બાબા રામદેવ પીરના આશીર્વાદથી રાજસ્થાનના સેવનીયાલ ખાતે સેવા કેમ્પનું આયોજન કરીએ છે. આ સેવા કેમ્પમાં ગોરધનભાઈ પ્રજાપતિ, ડાયાભાઈ ગોહિલ, મહેન્દ્રભાઈ ખત્રી, હિન્દાભાઈ પટેલ, દલસુગભાઈ ઠાકોર (લુદરા), લક્ષ્મણભાઈ ઠાકોર (લુદરા), વાલાભાઈ પ્રજાપતિ (રાજપુર), અણદાભાઈ પ્રજાપતિ, મનસુંગભાઈ પટેલ (અધગામ) સહિત સેવા આપી રહ્યાં છે. જેમાં ચા-નાસ્તો, ન્હાવા માટે ગરમ પાણી, મેડિકલ સુવિધા ઉપલબ્ધ કરાય છે. જેમાં પગપાળા આવતા ભક્તો આ સેવા કેમ્પનો લાભ લે છે.



(તસ્વીર : મુકુંદ જોષી, ડાકોર)

# ડાકોર આરોગ્ય કેન્દ્ર દ્વારા ઘરે-ઘરે જઈ રસીના ડોઝ અપાયા

ડાકોર તા.૧૯

ડાકોર અર્બન આરોગ્ય કેન્દ્ર દ્વારા લોકોને ઘરે-ઘરે વેક્સિન મૂકવામાં આવી હતી. ઠાસરા તાલુકા હેલ્થ ઓફિસર ડો.આર.એસ.પટેલની રાહબરી હેઠળ ડાકોર શહેરમાં અશક્ત વૃદ્ધો, વિકલાંગ જે આરોગ્ય કેન્દ્ર સુધી ના આવી શકતા લોકોને તેમના વિસ્તારોમાં વડાબજાર, મંડોળા ફળિયું, ભાથીજી ફળિયું, વગેરે વિસ્તારોમાં જઈ કોવિશિલ્ડનાં ૭૦૦ ફર્સ્ટ ડોઝ આપવામાં આવ્યા હતા.



(તસ્વીર : આફતાબ દુરાની, મોડાસા)

# સાયન્સમાં પણ વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

મોડાસા તા.૧૯

શ્રી મ.લા.ગાં.ઉ.કે. સંચાલિત સર પીટી સાયન્સ કોલેજમાં પી.જી.એમ.એસ.સી.સેમ-૧ ના વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર થયું હતું. આ અંતર્ગત એચ.એન.જી.યુ.નું પરિણામ ૯૧ ટકા આવેલ છે. અને સાયન્સ કોલેજનું ૯૫.૫ ટકા આવેલ છે. આથી કોલેજ દ્વારા આઈક્યૂ અંતર્ગત અભિવાદન સંવાદ સમારોહ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રિ.ડૉ. કે.પી.પટેલે, વિદ્યાર્થીઓનું અભિવાદન કરી શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ આ કાર્યક્રમમાં પ્રો.ડો.આર.એચ.પરમાર અને પ્રો.જી.એલ.વેકરીયા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.



(તસ્વીર : કિરણ પટેલ - કલોલ)

# જ્ઞાન જ્યોત શિક્ષણ સમિતિ દ્વારા ગરીબ-વિધવાને રેશન કીટનું વિતરણ

કલોલ, તા.૧૯

કલોલ-પૂર્વમાં આવેલ ડો.બાબા સાહેબ આંબેડકર સંકુલના પટાંગણમાં જ્ઞાન જ્યોત શિક્ષણ સમિતિ દ્વારા ગરીબ અને વિધવા મહિલાઓને અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના મહામંત્રી વિક્રમભાઈ ચૌહાણ, પ્રદેશ ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના મંત્રી નિલેશભાઈ આચાર્ય, કલોલ નગરપાલિકાના પ્રમુખ ઉર્વશીબેન પટેલ, ઉપપ્રમુખ મુકુંદભાઈ પરીખ, કોર્પોરેટરો, સંસ્થાના સંસ્થાપક જયદીપભાઈ વ્યાસ અને સામાજિક કાર્યકર ભાનુભાઈ દવે હાજર રહ્યાં હતા.




(તસ્વીર : આફતાબ દુરાની - મોડાસા)

# ધનસુરા બોરડી ખાતે નિવૃત્ત આચાર્ય અને કર્મચારીનો વિદાય સમારંભ યોજાયો

મોડાસા, તા.૧૯

યોગીકૃપા ખાદી ગ્રામ ઉદ્યોગ વિકાસ સંઘ સંચાલિત દીનબંધુ નિવાસી પ્રાથમિક શાળા શિકા વાવના કર્મચારી છેલ્લા ચાર દાયકાથી સેવા બજાવતા જવાહર રાવળ, યોગીકૃપા હાઈસ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ કિરીટ પટેલ જેઓ છેલ્લા ત્રણ દાયકાથી હાઈસ્કૂલમાં ફરજ બજાવતા તેમનો વિદાય સમારંભ ધનસુરા તાલુકાના બોરડી મુકામે તાલુકાના ધારાસભ્ય રાજેન્દ્ર ઠાકોર, સામાજિક કાર્યકર નિલેશ જોશી, યોગી કૃપા ખાદી ગ્રામના પ્રમુખ ઉષાબેન ત્રિવેદી, ધર્મેન્દ્ર યોગી, જશવંતી યોગી, ખાદી ગ્રામ સંસ્થા સાથે જોડાયેલા સંસ્થાના કર્મચારીઓ પરિવારજનોની હાજરીમાં યોજાયો હતો.આ કાર્યક્રમમાં સંસ્થા માટે સારું યોગદાન આપતા કર્મચારી જવાહર રાવળ, કિરીટ પટેલની કામગીરી બિરદાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રવીણ બારોટ દ્વારા કરવામાં આવ્યું હતું.



અજય દેવગન સાથેની ફિલ્મ 'સિંઘમ'થી બોલીવુડમાં ડેબ્યુ કરીને લોકપ્રિય થયેલી સાઉથની ફિલ્મ એક્ટ્રેસ કાજલ અગ્રવાલ પુલમાં સ્નાનની મજા માણતી પરપોટાની છોળો ઉડાડી રહેલી નજરે પડે છે.

## SRKની દીકરી સાથે ઈબ્રાહિમ-ખુશી ડેબ્યૂ કરશે!

# એકસાથે ત્રણ સ્ટારકિડ્સને ઝોયા અખ્તર લોન્ચ કરશે?

સુહાના ખાન, ઈબ્રાહિમ અલી ખાન અને ખુશી કપૂર, આ ત્રણ સ્ટારકિડ્સના બોલિવુડ ડેબ્યૂની ચર્ચા ઘણાં સમયથી ચાલી રહી છે. દર થોડા દિવસે કોઈને કોઈ ફિલ્મ સાથે આ શાહરૂખની દીકરી સુહાના, સૈફના દીકરા ઈબ્રાહિમ અને સ્વ. શ્રીદેવીની દીકરી ખુશીનું નામ જોડવામાં આવે છે. હવે એવી ચર્ચા જોરશોરથી થઈ રહી છે કે, આ ત્રણેય સ્ટારકિડ્સ અલગ-અલગ ફિલ્મો દ્વારા નહીં પરંતુ એક જ ફિલ્મમાં એકસાથે ડેબ્યૂ કરવાના છે. મીડિયા રિપોર્ટનું માનીએ તો, આ ત્રણેય ઝોયા અખ્તરની ફિલ્મમાં એકસાથે જોવા મળી શકે છે. લાંબા સમયથી આ ત્રણેય સ્ટાકિડ્સના ડેબ્યૂની ચર્ચા હતી અને અંદાજો લગાવાઈ રહ્યો હતો કે કરણ જોહરની અલગ અલગ ફિલ્મો દ્વારા સુહાના, ઈબ્રાહિમ અને ખુશી બોલિવુડમાં પગ મૂકશે. પરંતુ હવે મળી રહેલા અહેવાલ અનુસાર કરણ જોહર નહીં પરંતુ ઝોયા અખ્તર આ ત્રણેયનું બોલિવુડમાં ગ્રાન્ડ લોન્ચિંગ કરવાની છે. ઝોયા અખ્તરે ઈન્ટરનેશનલ કોમિક બુક 'આર્ચી'ના ભારતીય અડોપ્શન માટે ત્રણ નામ ફાઈનલ કર્યા છે. જેમાં સુહાના ઉપરાંત ઈબ્રાહિમ અલી ખાન અને ખુશી કપૂર પણ સામેલ છે. આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા સૂત્રોનું માનીએ તો, સુહાના દેશી બેટીના રોલમાં જોવા મળશે જ્યારે વેરોનિકાના રોલમાં ખુશી કપૂર જોવા મળી શકે છે. મીડિયા રિપોર્ટમાં સૂત્રોના હવાલાથી લખવામાં આવ્યું છે કે, નેટફ્લિક્સ પર પ્રસારિત થનારા આ પ્રોજેક્ટ અંગેની વિગતો હાલ ગુપ્ત રાખવામાં આવી છે. કહેવાઈ રહ્યું છે કે, ઝોયા આ ફિલ્મમાં સૈફ અલી ખાન અને અમૃતા સિંહના દીકરા ઈબ્રાહિમને આર્ચીના રોલમાં કાસ્ટ કરશે. જોકે, આ ત્રણેય સ્ટારકિડ્સના કાસ્ટિંગ અંગે હજી સત્તાવાર રીતે કોઈ જાહેરાત કરવામાં આવી નથી. જણાવી દઈએ કે, 'આર્ચી' એક ઈન્ટરનેશલ કોમિક બુક સીરીઝ છે. જેનું ભારતીય વર્ઝન ઝોયા અખ્તર લાવવાની તૈયારી કરી રહી છે. આ કોમિકની વાર્તા લવ ટ્રાએંગલ પર આધારિત છે. આર્ચી એક નાના શહેરનો ટીનેજર છોકરો છે અને તે તેના માતાપિતાનું એકમાત્ર સંતાન છે. આર્ચીને ધનવાન પિતાની દીકરી વેરોનિકા સાથે પ્રેમ થઈ જાય છે પરંતુ તેને બેટી પણ પસંદ હોય છે. આર્ચી, બેટી અને વેરોનિકાની કોમિક બુકના ઘણાં ભાગ છે.



**સુહાના ખાન ફિલ્મમાં દેશી બેટીના રોલમાં જોવા મળશે જ્યારે વેરોનિકાના રોલમાં ખુશી કપૂર જોવા મળી શકે છે**

## લગ્ન વખતે અર્જુન સાથે કસરત કરી

# અનિલ કપૂર રિસેપ્શનમાં દીકરી સાથે ખૂબ નાચ્યા



અનિલ કપૂરની દીકરી રિયા કપૂરે ૧૪ ઓગસ્ટે કરણ બૂલાની સાથે લગ્ન કર્યા છે. અનિલ કપૂરના ઘરના લિવિંગ રૂમમાં જ રિયા-કરણના લગ્ન થયા હતા. લગ્નમાં વર-વધૂના પરિવારના સભ્યો અને તેમના અંગત મિત્રો હાજર રહ્યા હતા. રિયા-કરણના લગ્ન બાદ અનિલ કપૂરના ઘરે રિસેપ્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પણ પરિવારના સભ્યો ઉપરાંત બોલિવુડના કેટલાક સેલેબ્સને આમંત્રિત કરવામાં આવ્યા હતા. રિયા અને કરણના રિસેપ્શનમાં સૌએ મળીને ખૂબ ધમાલ કરી હતી. જેની ઝલક બતાવતા વિડીયો અને તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. રિયાના રિસેપ્શનમાં અનિલ કપૂરે ખૂબ ડાન્સ કર્યો હતો. દીકરી સાથે મળીને અનિલ કપૂરે સોનમની

**૧૪ ઓગસ્ટે અભિનેતા અનિલ કપૂરની દીકરી રિયાએ લોંગ-ટાઈમ બોયફ્રેન્ડ કરણ બૂલાની સાથે લગ્ન કર્યા હતા**

ફિલ્મ ખૂબસૂરતના ગીત અભી તો પાર્ટી શૂરુ હુઈ હૈ' પર ઠુમકા લગાવ્યા હતા. ૬૪ વર્ષીય અનિલ કપૂર યલો રંગના કુર્તા-પાયજામામાં હેન્ડસમ લાગતા હતા અને તેમનો જુસ્સો જોવાલાયક હતો. તો બીજી તરફ રિયા પફ્ડ સ્લીવવાળા વ્હાઈટ મેક્સી ડ્રેસમાં પપ્પાનો સાથ આપતી જોવા મળી હતી. પિતા-પુત્રીનો ડાન્સ જોઈને સૌ તેમને ચીયર કરી રહ્યા હતા. ફરાહ ખાને આ વિડીયો શેર કરતાં લખ્યું, "આ વ્યક્તિ ખૂબ ગમે છે. પિતા-પુત્રીનો બેસ્ટ ડાન્સ એ પણ અનિલ કપૂર સ્ટાઈલ. રિયા અને સુનિતા આટલી સરસ પરોણાગત માટે આભાર. અભિનંદન કરણ બૂલાની. આ ઉપરાંત ફરહા ખાને રિસેપ્શન દરમિયાન અર્જુન કપૂર અને અનિલ કપૂર સાથે પણ તસવીરો ક્લિક કરાવી હતી. અર્જુન રિયા-કરણના રિસેપ્શનમાં બ્લેક સૂટમાં હેન્ડસમ લાગતો હતો. અનિલ કપૂર ફિટનેસ પ્રત્યે ખૂબ જાગૃત છે અને આ જ કારણ છે કે, ૬૪ વર્ષના થયા હોવા છતાં તેમની ઉંમર લાગતી નથી. ઘરમાં દીકરીના લગ્નનો પ્રસંગ હતો ત્યારે પણ 'જક્કાસ' એક્ટરે કસરત ના મૂકી! રિયાની બેસ્ટફ્રેન્ડ અને ફેશન ડિઝાઈનર મસાબા ગુપ્તા લગ્ન અને રિસેપ્શન બંનેમાં હાજર રહી હતી. ત્યારે તેણે લગ્નના દિવસની એક તસવીર શેર કરી છે જેમાં અર્જુન કપૂર અને અનિલ કપૂર જિમના સાધનોની પાસે જોવા મળી રહ્યા છે. ટ્રેડિશનલ કપડાંમાં કાકા-ભત્રીજાની જોડી હેન્ડસમ લાગે છે. પરંતુ તેમને મસ્તી-મસ્તીમાં કસરત કરતાં જોઈને આશ્ચર્ય ચોક્કસ થશે. આ તસવીર શેર કરતાં મસાબાએ લખ્યું, અનિલ કપૂર અને અર્જુન કપૂર હંમેશાની જેમ ફોકસ કરતાં જોવા મળ્યા.



ભારતીય એક્ટ્રેસ, મોડલ અને સિંગર શેહનાઝ ગિલ ડીપ નેક ફ્લોરસ બ્લુ ડ્રેસમાં વિચાર મગ્ન ગંભીર મુદ્રામાં પોઝ આપી રહી છે.

# જાણીતા શોમાં અનુપમા કિંજલના બોસને પાઠ ભણાવશે

ટેલિવિઝનના પોપ્યુલર શો અનુપમામાં રોજ ઘણાં ઉતાર-ચડાવ જોવા મળે છે. રૂપાલી ગાંગુલી, સુધાંશુ પાંડે અને મદાલસા શર્માના લીડ રોલવાળી આ સીરિયલ પોતાના દર્શકોને મનોરંજન પૂરું પાડવામાં સહેજ પણ કચાશ નથી રાખતી. આ જ કારણ છે કે 'અનુપમા' લાંબા સમયથી ટીઆરપી ચાર્ટમાં ટોપ પર છે. હાલમાં પ્રસારિત થયેલા એપિસોડમાં તમે જોયું હશે કે, કિંજલનો બોસ ઢોલકિયા તેની સાથે ગેરવર્તણૂક કરે છે. ઢોલકિયાના વર્તનથી સ્તબ્ધ થયેલી કિંજલ નોકરી છોડી દે છે. જે બાદ કિંજલની પોસ્ટ ઢોલકિયા બેરોજગાર કાવ્યાને ઓફર કરે છે. કિંજલે જોબ છોડતાં ઢોલકિયા કાવ્યાને પ્રોજેક્ટ હેડ બનાવા માગે છે. જોકે, નોકરીના બદલામાં ઢોલકિયા કાવ્યાને તેની સાથે એક રાત ઊંઘવાનું કહેશે. કાવ્યા આ માટે ના પાડશે ત્યારે ઢોલકિયા તેને યાદ અપાવશે કે તેના બોસ વનરાજ સાથે પણ ચક્કર હતું. આ સાંભળીને કાવ્યા બેચેન થઈ જાય છે. અનુપમાના આગામી એપિસોડની કહાણી રસપ્રદ થવાની છે. કિંજલ સાથે બનેલી ઘટના બાદ અનુપમાએ નક્કી કરી લીધું છે કે, તે ઢોલકિયાને પાઠ ભણાવશે. દુનિયા સામે ઢોલકિયાને ઊઘાડો પાડવા માટે અનુપમાએ જબરદસ્ત પ્લાન તૈયાર કરી લીધો છે. આ પ્લાનમાં શાહ પરિવારની સાથે કાવ્યા પણ અનુપમાનો સાથ આપશે.


## હરાજીથી પ્રાપ્ત થયેલી રકમ ડોનેટ કરી દેશે

# દીપિકા પાદુકોણે પોતાના જૂનાં કપડાંની હરાજી કરી



થોડા સમયમાં દીપિકા પાદુકોણની અનેક મોટી ફિલ્મો રીલીઝ થવાની છે. દિપીકા ફિલ્મ ફાઈટરમાં ઋતિક રોશન સાથે અને ફિલ્મ 'પઠાન'માં શાહરૂખ ખાન સાથે દમદાર અવતારમાં જોવા મળશે. હાલમાં દીપિકા પાદુકોણ ફિલ્મોની સાથે અન્ય એક કારણસર ખૂબ જ ચર્ચામાં છે. દીપિકા પાદુકોણ પોતાના જૂના કપડાની હરાજી કરી રહી છે. દીપિકા પાદુકોણ આ હરાજીથી પ્રાપ્ત થયેલ રકમ Live Love Laugh Foundtaionમાં ડોનેટ કરી દેશે. આ સારા કાર્ય અંગે દીપિકા પાદુકોણ ખૂબ જ વિવાદોમાં આવી ગઈ છે. સોશિયલ મીડિયા પર અભિનેત્રીને ટ્રોલ કરવામાં આવી રહી છે. કેટલાક યૂઝર્સ દીપિકા પાદુકોણને ચીપ કહી રહ્યા છે. સોશિયલ મીડિયા પર એક યૂઝરે દાવો કર્યો છે, કે જે કપડાની હરાજી કરવામાં આવી છે, તે કપડા દીપિકાએ જિયા ખાન અને પ્રિયંકા ચોપડાના પિતા અશોક ચોપડાના અંતિમ સંસ્કારમાં પહેર્યા હતા. આ અંગે શરણ્યા શેટ્ટી નામની ટ્વિટર યૂઝરે એક ટ્વિટ કર્યું છે. શરણ્યાએ ટ્વિટમાં લખ્યું છે કે, હું ખૂબ જ હેરાન છું. મારી ફેવરિટ અભિનેત્રી દીપિકા પાદુકોણે ૨૦૧૩ના કપડાની હરાજી કરી છે. તેમના આ કપડા ડિઝાઈનર નથી. તેમણે વર્ષ ૨૦૧૩માં આ કપડા બે અલગ અલગ અંતિમ સંસ્કાર દરમિયાન પહેર્યા હતા. આ ટ્વિટ જોયા બાદ યૂઝર્સ દીપિકા પાદુકોણથી નારાજ છે. દીપિકા પાદુકોણ પ્રત્યે અનેક યૂઝર્સે ગુસ્સો વ્યક્ત કર્યો છે. એક યૂઝરે ટ્વિટ પર કમેન્ટ કરી છે, કે 'ચેરિટી માટે છે તેવું કહીને જસ્ટિફાય કરવાની કોશિશ ના કરો. તમે આ ડ્રેસ પણ દાન કરી શકતા હતા.' એક અન્ય યૂઝરે કમેન્ટ કરી છે, કે ૧૪-૧૫ વર્ષ જૂના જૂતા અને કપડાની હરાજી કરવાનો શું મતલબ? તમે કોઈ સર્વન્ટ અથવા જરૂરિયાતમંદ વ્યક્તિને આપી શકતા હતા. આ અંગે ટ્વિટર પર અનેક યૂઝરે પ્રતિક્રિયા આપીને દીપિકા અંગે નારાજગી વ્યક્ત કરી છે.

# ભારતીને પડતી મૂકી નોરા પાછળ ફોટોગ્રાફર્સ દોડ્યા



પોપ્યુલર કોમેડિયન ભારતી સિંહને હવે કદાચ કોઈ ઓળખાણની જરૂર નથી, કારણ કે તે પોતાના શ્રેષ્ઠ કામ માટે જાણીતી છે. ભારતી સિંહ હંમેશાથી પોતાના કોમિક ટાઈમિંગથી લોકોના દિલ જીતતી આવી છે. ભારતી સિંહનું સેન્સ ઓફ હ્યુમર માત્ર તેના ફેન્સ કે શો માટે જ પૂરતું નથી, પરંતુ જ્યારે ફોટોગ્રાફર્સ તેની આસપાસ હોય છે ત્યારે પણ તે તેમની સાથે મજાક-મસ્તી કરતી રહે છે. ભારતી સિંહ હાલ પતિ હર્ષ લિંબાચિયા સાથે ડાન્સ રિયાલિટી શો 'ડાન્સ દીવાને' હોસ્ટ કરી રહી છે. શોના સેટ બહારનો તેનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે, જે તમને પેટ પકડીને હસવા માટે મજબૂર કરી દેશે. વાત એમ છે કે, ભારતી સિંહ જ્યારે પોતાની વેનિટી વેનમાં જઈ રહી હતી ત્યારે ફોટોગ્રાફર્સ તેને ઘેરી વળ્યા હતા, તો કોમેડિયન પણ ફ્લાઈંગ કિસ આપીને પોઝ આપવા લાગી હતી. જો કે, આ દરમિયાન કંઈક એવું થયું કે તે ગુસ્સે થઈ ગઈ હતી. ભારતી સિંહનો વીડિયો બોલિવુડ સેલિબ્રિટી ફોટોગ્રાફર વિરલ ભાયાણીએ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કર્યો છે. જેમાં જોઈ શકાય છે, ભારતી સિંહે બ્લેક કલરનું ગાઉન પહેર્યું છે અને તે વેનિટી વેનમાં જવાનો પ્રયાસ કરી રહી છે. આ દરમિયાન એક ફોટોગ્રાફર 'નોરા આવી નોરા આવી' તેમ બૂમો પાડવા લાગે છે. અચાનક બૂમ સાંભળીને પહેલા તો ભારતી થોડી ડઘાઈ જાય છે અને પડતા પડતા બચી જાય છે. વીડિયોમાં કેટલાક ફોટોગ્રાફરને ભારતી સિંહને પડતી મૂકીને નોરા ફતેહી પાછળ ભાગતા પણ જોઈ શકાય છે.

**ભારતી સિંહનો વીડિયો બોલિવૂડ સેલિબ્રિટી ફોટોગ્રાફર વિરલ ભાયાણીએ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કર્યો છે**

આમ જોઈને એક ફોટોગ્રાફર જોર-જોરથી હસે છે. તેને જોઈને ભારતી ગુસ્સે થાય છે અને કહે છે 'જાઓ અહીયાથી'. બાદમાં તે રડવા જેવો ચહેરો બનાવે છે અને વેનમાં જતી રહે છે.

# અસલ જીંદગીમાં પણ હું પરિવારની ખૂબ જ નિકટ રહી છું:ઈશીતા દત્તા

અમદાવાદ,તા.૧૯

આ શોમાં મારું પાત્ર વાસ્તવિક સ્વભાવિક છે અસલ જીંદગીમાં પણ હું પરિવારની ખૂબ જ નીકટ છું તેમ અભિનેત્રી ઈશીતા દત્તાએ જણાવ્યું હતું.

જ્યારે અભિનેત્રી સુરભી દાસે કહ્યું હતું કે, આ ચેનલનો હિસ્સો બનવું તે મારા માટે સપનું સાકાર થવા જેવું છે.

'કલર્સ' ચેનલ પ્રેરણાત્મક મહિલાની બે મંત્રમુગ્ધ વાર્તા રજુ કરી રહ્યું છે. 'નિમા ડેન ઝોંગપા' અને 'થોડાસા બાદલ, થોડાસા પાની' નામના બે શો ટૂંકમાં આ ચેનલ ઉપર આવી રહ્યા છે.

'થોડાસા બાદલ, થોડાસા પાની'માં કાજોલનું પાત્ર ભજવી રહેલી ઈશિતા દત્તાએ કહ્યું હતું કે, હું આ શો સાથે પરત આવી રહી છું ખૂબ જ જ રોમાંચિત છું કાજોલ સાદા સપના સાથેની સાદી છોકરી છે કાજોલની જેમ હું પણ મારા પરિવારની બહુ નિકટ છું અને આ પાત્ર વાસ્તવિક અને સ્વભાવિક લાગે છે.



'નિમા ડેન ઝોંગપા'માં નિમામું પાત્ર ભજવતી સુરભિ દાસે કહ્યું હતું કે, કલર્સ પરિવારનો હિસ્સો બનવું તે મારા માટે સપનું સાકાર થવા જેવું છે. મંચ પર મારો સમુદાય દેશભરમાં પહોંચશે તેથી તેનું પ્રતિનિધિત્વ કરવાનું ગૌરવજનક લાગે છે. તેનું માત્ર મને શ્રધ્ધા તરફ લઈ જવા અને હું હકદાર છું તેને માટે લડવા પ્રેરિત કરે છે.

**'કલર્સ' પરિવારનો હિસ્સો બનવાથી મારું સપનું સાકાર થયું:સુરભિદાસ**

વાયકોમ-૧૮ના હિંદી માસ એન્ટરટેઈન્ટમેન્ટ અને કિડ્સ ટીવી નેટવર્કના હેડ નિના ઈલોવયા જયપુરિયાએ જણાવ્યું હતું કે, મજબૂત મહિલાની પ્રેરણાત્મક વાર્તાઓ પ્રસ્તુત કરવાના ચેનલના નિર્ધારને વળગી રહેતા અમને આ બે શો રજુ કરવાની ખુશી છે.



ઈરાકના કરબલા શહેરમાં આવેલ ઈમામ અબ્બાસ મસ્જિદ આગળ શહીદીના પર્વ મહોરમ નિમિત્તે નિકળેલા જુલુસ દરમિયાન મોટી સંખ્યામાં શિયા મુસ્લિમ શ્રધ્ધાળુઓ એકત્ર થયેલા નજરે પડે છે.

# દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૩૬,૪૦૧ નવા કેસ, ૫૩૦ના મોત

નવી દિલ્હી,તા.૧૯

દેશમાં કોરોના સંક્રમણનો કહેર ફરીથી વધી રહ્યો હોય એવા સંકેત મળી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં મૃત્યુઆંક ૫૦૦ને પાર કરી ગયો છે. પાંચ દિવસ બાદ મૃત્યુનો આંકડો ૫૦૦ને પાર ગયો છે. ભારતમાં કોવિડ સામે લડતાં અત્યાર સુધીમાં ૪ લાખ ૩૩ હજાર લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે અને આ આંકડામાં સતત વૃદ્ધિ થવી તે ચિંતાનું કારણ છે. બીજી તરફ, કોરોના વેક્સીનેશન અભિયાન પણ વેગવંતુ બન્યું છે બુધવારના ૨૪ કલાકમાં વધુ ૫૬,૩૬,૩૩૬ લોકોને રસી આપવામાં આવી છે. ગુજરાતમાં પણ સંક્રમણના કેસોમાં આંશિક વધારો નોંધાયો છે, અને આંકડો ૨૦ને પાર કરી ગયો છે. ગુરુવાર સવારે સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩૬,૪૦૧ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૫૩૦ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૨૩,૨૨,૨૫૮ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૫૬,૬૪,૮૮,૪૩૩ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. બુધવારના ૨૪ કલાકમાં ૫૬,૩૬,૩૩૬ કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. કોવિડ-૧૯ મહામારી સામે લડીને ભારતમાં ૩ કરોડ ૧૫ લાખ ૨૫ હજાર ૮૦ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૩૯,૧૫૭ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ભારતમાં હાલ રિકવરી રેટ ૯૭.૫૦ ટકા છે. હાલમાં ૩,૬૪,૧૨૯ એક્ટિવ કેસ છે. બીજી તરફ, અત્યાર સુધીમાં કુલ ૪,૩૩,૦૪૯ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૧૮ ઓગસ્ટ, ૨૦૨૧ સુધીમાં કુલ ૫૦,૦૩,૦૦,૮૪૦ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. બુધવારના ૨૪ કલાકમાં ૧૮,૭૩,૭૫૭ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૨૩ કેસ નોંધાયા છે. જેની સામે ૧૬ દર્દીઓ સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે એકપણ દર્દીનું મોત થયું નથી. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૧૦૦૭૮ છે. રાજ્યમાં સાજા થવાનો દર ૯૮.૭૬ ટકા છે. અત્યાર સુધીમાં ૪,૧૬,૧૫,૮૫૩ ડોઝ કોરોના વેક્સીનના આપવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૩,૮૪,૨૪૬ વ્યક્તિઓનું રસીકરણ થયું છે. ગુજરાતમાં નવા કોરોના વાયરસ કેસમાં અમદાવાદમાં ૪, સુરતમાં ૨, વડોદરામાં ૯, આણંદમાં ૨, અરવલ્લી, ભરુચ, ભાવનગર, દાહોદ, પોરબંદર, રાજકોટમાં ૧-૧ સહિત કુલ ૨૩ કેસ નોંધાયા છે. બીજી તરફ અમદાવાદમાં ૪, સુરતમાં ૨, વડોદરામાં ૪, જામનગર, ખેડામાં ૨-૨, જૂનાગઢ, આણંદમાં ૧-૧ સહિત કુલ ૧૬ દર્દીઓએ કોરોના વાયરસને મ્હાત આપી છે.



**કોરોનાથી મૃત્યુ આંક વધીને ૪.૩૩ લાખ ઉપર પહોંચ્યો**

### બહવાન નગરમાં શિયા સમુદાયના સરઘસ પર હુમલો

# પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં બોમ્બ બ્લાસ્ટ, ૩ના મોત, ૪૦ ઘાયલ

ઈસ્લામાબાદ તા.૧૯

અફઘાનિસ્તાનમાં કટ્ટરપંથી તાલિબાનના કબજા બાદ તેની આડઅસર પાકિસ્તાનમાં પણ દેખાવા લાગી છે. પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં ગુરુવારે વિસ્ફોટ થયો હતો, જેમાં શિયા સમુદાયના ૩ લોકો માર્યા ગયા હતા. અફઘાનિસ્તાનમાં કટ્ટરપંથી તાલિબાનના કબજા બાદ તેની આડઅસર પાકિસ્તાનમાં પણ દેખાવા લાગી છે. પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં ગુરુવારે વિસ્ફોટ થયો હતો, જેમાં શિયા સમુદાયના ૩ લોકો માર્યા ગયા હતા. હંમેશાથી પાકિસ્તાન આતંકવાદને પોષતુ આવ્યું છે. પણ કહેવાય છેકે, જે બીજાના માટે ખાડો ખોદે છે એક દિવસ તે પોતે જ તેમાં પડે છે. નાપાક પાકિસ્તાન સાથે પણ કંઈક આવું જ થઈ રહ્યું છે. હંમેશાથી પાકિસ્તાન ભારત સાથે કોઈકને કોઈક વાતે અવળચંડાઈ કરતું આવ્યું છે. એજ કારણ છેકે, તેના ભાગ રૂપે પાકિસ્તાનમાં અવાર નવાર હુમલા થતા રહે છે અને પોતાના જ કરેલાં પોતાના હૈયે વાગે છે.

મળતી માહિતી મુજબ, પાકિસ્તાનના સિંધ પ્રાંતના બહવાન નગરમાં શિયા સમુદાયના લોકો તેમનું સરઘસ કાઢી રહ્યા હતા. તે દરમિયાન સરઘસ પર હુમલો થયો હતો. આ હુમલામાં ૩ લોકોના મોત થયા. જ્યારે લગભગ ૪૦ લોકો ઘાયલ થયા હતા. હુમલા બાદ ઘટનાસ્થળે ભાગદોડ મચી ગઈ હતી. જેની આડમાં હુમલાખોરો ત્યાંથી ભાગી ગયા હતા.

મુસ્લિમ દેશમાં શિયાઓનું જીવન જોખમમાં છે:

જણાવી દઈએ કે ભલે પાકિસ્તાન એક ઈસ્લામિક દેશ છે. પરંતુ ત્યાં શિયા, અહમદી અને કાદિયાની મુસ્લિમો હંમેશા કટ્ટરવાદીઓના નિશાન રહ્યા છે. કટ્ટરવાદીઓના દબાણ હેઠળ પાકિસ્તાન સરકારે કાયદો બનાવીને અહમદીઓને બિન-મુસ્લિમ જાહેર કર્યા છે. એટલું જ નહી સમયાંતરે કટ્ટરવાદીઓ શિયા મુસ્લિમો પર હુમલા કરતા રહે છે.

જ્યારે શિયાઓ મોહરમની આસપાસ તેમના શોક સરઘસ કાઢે છે, ત્યારે કટ્ટરવાદીઓ તેમના પર હુમલો કરવામાં અચકાતા નથી

# મહારાષ્ટ્રમાં કોરોનાની વિદાય: રિકવર રેટ વધીને ૯૬.૯૩ ટકા

મુંબઈ તા.૧૯

મહારાષ્ટ્રમાં કોરોનાની બીજી લહેર લગભગ વિદાય લીધી એવું ચર્ચાઈ રહ્યું છે. પરંતુ હજી સંકટ ટળ્યું નથી. શનિવાર પછી આજે ફરી મુંબઈ સહિત રાજ્યમાં કોરોનાના નવા દરદીની સંખ્યામાં નજીવો વધારો થયો હોવાનું નોંધાયું છે. મૃત્યુઆંક પણ વધી ગયો છે. સાથોસાથ દરદી સ્વસ્થ થવાનું પ્રમાણ વધીને ૯૬.૯૩ ટકા થયું છે. રાજ્યમાં આજે કોરોનાના નવા ૫૧૩૨ કેસ નોંધાયા છે અને ૧૫૮ દરદીના મોત થયા હતા. જ્યારે૮૧૯૬ દરદી સ્વસ્થ થતાં તેઓને હોસ્પિટલથી ડિસ્ચાર્જ કરાયા છે અને કોરોનાથી ૮૦૬૯ દરદી રાજ્યની વિવિધ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.મુંબઈમાં આજે કોરોના વાઈરસના નવા કેસમાં છેલ્લા બે દિવસની સરખામણીમાં થોડોક વધારો થયો છે. આજે કોરોનાના નવા ૨૮૩ કેસ નોંધાયા છે અને પાંચ દરદીએ જીવ ગુમાવ્યો હતો. આથી કોરોનાગ્રસ્તોની સંખ્યા વધીને ૭૪૦૦૦૭ થઈ છે અને મરણાંકની સંખ્યા વધીને ૧૫૯૩૦ થઈ છે. એમ પાલિકાના આરોગ્ય વિભાગે જણાવ્યું હતું.



તાલિબાનના કબ્જામાં આવેલા અફઘાનિસ્તાનમાં અરાજકતાને કારણે હિજરત કરીને તુર્કી પહોંચેલા અફઘાની અને પાકિસ્તાની હિજરતીઓ બિટલીસ પ્રોવિન્સના તત્વાન ગ્રામ્ય વિસ્તારમાં બેસીને વિશ્રામ કરી રહ્યા છે.

# અશરફ ગની પાસે હેલિકોપ્ટર, ચાર કાર અને કરોડોનો ખજાનો હોવાનો આરોપ

કાબુલ તા.૧૯

તાજિકિસ્તાનના અફઘાન દૂતાવાસે ઈન્ટરપોલને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અશરફ ગનીની ધરપકડ કરવાની અપીલ કરી છે.

તાલિબાને ૧૫ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ અફઘાનિસ્તાન પર કબજો જમાવ્યો હતો. પરિણામે ખજાનો અને કરોડો રૂપિયા લઈને દેશ છોડીને ભાગી ગયા હોવાનો અશરફ પર આરોપ મુકવામાં આવ્યો છે.

અફઘાનિસ્તાનથી ભાગી છુટયાના પહેલા અશરફે ફેસબુક પર એક લાંબી પોસ્ટ મુકી હતી. જેમાં અશરફ ગનીએ કહ્યું હતું કે, તેઓ દેશમાં ખૂનખરાબીને રોકવા માટે દેશ છોડી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતં કે, તેઓ જો અહીં રહેશે તો તેમના સમર્થકો પણ સડકો પર આવી જશે અને તોફાનો અને હિંસાઓ થશે. અફઘાન દૂતાવાસે ઈન્ટરપોલને પાઠવેલા સંદેશામાં જણાવ્યું હતું કે, અશરફ ગની, હમદલ્લાહ મોહિબ અને ફઝલ મહમૂદ ફઝલીની જાહેર સંપત્તિની ચોરીના આરોપમાં ધરપકડ કરવી જેથી આ ભંડોળને અફઘાનિસ્તાનને પરત કરી શકાય.આરોપ છે કે અશરફ ચાર કાર અને એક હેલિકોપ્ટરમાં ઠાંસીઠાંસીને રૂપિયા લઈને ભાગી છૂટયા છે. આ વાતની પુષ્ટિ રશિયાના પ્રવકતાએ કરી હતી.પરિણામે તેમના પર ચોરીનો આરોપ મુકીને તેમની ધરપકડ કરવાની માંગણી કરવામાં આવી રહી છે.

**અશરફ દેશનો ખજાનો લૂંટી ભાગ્યા, ઈન્ટરપોલ ધરપકડ કરે : અફઘાનિસ્તાન દૂતાવાસ**

### જમ્મુ-કાશ્મીરમાં કુલગામમાં

# અપની પાર્ટીના નેતાની આતંકીઓએ હત્યા કરી

શ્રીનગર તા.૧૯

જમ્મુ-કાશ્મીરના કુલગામમાં આજે સાંજે વધુ એક રાજકીય નેતા પીડીપીના ભૂતપૂર્વ બ્લોક પ્રમુખ અને હાલ 'અપની પાર્ટી'ના અગ્રણી ગુલામ હસન લોનની આતંકીઓએ ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટના કુલગામના દેવસર વિસ્તારમાં બની હતી.

આતંકવાદીઓ સતત કાશ્મીર ઘાટીના નેતાઓને નિશાન બનાવી રહ્યા છે. જેમાં તાજેતરમાં કલમ ૩૭૦ હટાવ્યા બાદ આતંકવાદીઓએ સૌથી વધુ ભાજપના ૨૩ નેતાઓની હત્યા કરી છે.

એકલા કુલ ગામમાં એક વર્ષમાં આતંકી હુમલામાં ૯ નેતાઓના મોત થયા છે.

### તાલિબાનના કબજા બાદ અફઘાની મહિલાઓમાં ડર

# મહિલાઓ દ્વારા સોશિયલ મીડિયાના એકાઉન્ટ ડિલિટ

કાબુલ, તા.૧૯

તાલિબાન દ્વારા અફઘાનિસ્તાન પર કરાયેલા કબ્જાના ચાર જ દિવસમાં અફઘાન મહિલાઓની જીંદગીમાં ઉથલ પાથલ મચી ગઈ છે. તાલિબાનોના ડરથી હવે અફઘાન મહિલાઓએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ ડિલિટ કરવા માંડ્યા છે.પોતાનુ કામકાજ પણ આટોપવા માંડ્યુ છે. મહિલા પત્રકારો કોમ્પ્યુટરમાંથી પોતાની ફાઈલો ડિલિટ કરી રહી છે તો મહિલા બ્યુટિશિયનોએ સલૂન બહારથી પોસ્ટરો હટાવવા માંડ્યા છે.મહિલા ડોકટરો હવે પુરુષ દર્દીઓને તપાસવા માટે આનાકાની કરી રહી છે. એક એવોર્ડ વિજેતા મહિલા પત્રકારનુ કહેવુ છે કે, મારી ઘરની બહાર નિકળવાની હિંમત થઈ રહી નથી.આ મહિલા પત્રકારે તાલિબાનના વર્તાવ અંગે અગાઉ ખુલાસા કર્યા હતા.મહિલા પત્રકારનુ કહેવુ છે કે, મેં મને મળેલા એવોર્ડ પણ સંતાડી દીધા છે.

કાબુલમાં ભણાવતી શિક્ષિકાનુ કહેવુ છે કે, મને ખબર નથી કે મારી નોકરી ચાલુ રહેશે કે નહીં.કારણકે તાલિબાને પ્રાથમિક સ્કૂલો સિવાય ગર્લ્સને ભણાવવા પર પ્રતિબંધ મુકી દીધો છે.હું ઈચ્છતી હતી કે મારી મોટી દીકરીઓ દેશ છોડી દે પણ તેમની પાસે પાસપોર્ટ નથી.

બીજી તરફ અમેરિકા, બ્રિટન અને કેનેડા સહિત દુનિયાના ૨૧ દેશોએ તાલિબાન સરકાર પાસે મહિલાઓની સુરક્ષાની ગેરંટી માંગી છે.

આ દેશોએ સંયુક્ત નિવેદનમાં કહ્યુ છે કે, છેલ્લા ૨૦ વર્ષથી મહિલાઓને જે અધિકાર મળ્યા છે તે સુરક્ષિત રહેશે તેવી ગેરંટી તાલિબાન સરકારે આપવી જોઈએ.

### અફઘાનિસ્તાન સહિત વિશ્વમાં બદલાતી સ્થિતિને લઈ

# ભારત સામે રાષ્ટ્રીય સુરક્ષાના પડકારો વધી રહ્યા છે : રક્ષામંત્રી

નવી દિલ્હી તા.૧૯

રક્ષામંત્રી રાજનાથસિંહે ગુરુવારે એક નિવેદન આપીને દેશને એક મજબૂત, સક્ષમ અને આત્મનિર્ભર સંરક્ષણ ઉદ્યોગની જરૂરિયાત પર ભાર મૂકયો છે. તેમણે કહ્યું કે વિશ્વમાં બદલાતી ભૌગોલિક રાજકીય પરિસ્થિતિને કારણે ભારત માટે રાષ્ટ્રીય સુરક્ષાના પડકારો વધી ગયા છે અને જટીલ બન્યા છે. સંરક્ષણ મંત્રીએ આ બાબતો એવા સમયે કહી છે જયારે અફઘાનિસ્તાનમાં તાલિબાનના કબજા બાદ ભારત સહિત ઘણા દેશોમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

તાલિબાન અથવા અફઘાન કટોકટીનો ઉલ્લેખ કર્યા વિના સંરક્ષણ મંત્રીએ કહ્યું કે, આજે વિશ્વભરમાં સુરક્ષાની સ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. આને કારણે, આપણી રાષ્ટ્રીય સુરક્ષા સામે પડકારો વધી રહ્યા છે અને જટિલ બની રહ્યા છે. વૈશ્વિક ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ સતત બદલાતી રહે છે. સિંહે કોઈ સ્પષ્ટ સંદર્ભ આપ્યા વિના કહ્યું, આજે સમગ્ર વિશ્વમાં સુરક્ષાનો માહોલ ખૂબ ઝડપથી બદલાઈ રહ્યો છે. આ કારણે, આપણી રાષ્ટ્રીય સુરક્ષા સામે પડકારો વધી રહ્યા છે. અને વધુ જટિલ બની રહ્યા છે. વૈશ્વિક ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ સતત બદલાતી રહે છે.

તેઓ ડિફેન્સ ઈન્ડિયા સ્ટાર્ટઅપ ચેલેન્જ ૫.૦ નું ઉદ્‌ઘાટન કર્યા બાદ બોલી રહ્યા હતા. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે સુરક્ષા પડકારોમાં ઝડપી પરિવર્તનને ધ્યાનમાં રાખીને, ભારતે સશસ્ત્રદળોની જરુરિયાતોને પહોંચી વળવા માટે એક મજબૂત, સક્ષમ અને આત્મનિર્ભર સંરક્ષણ ઉદ્યોગ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. તેમણે આગળ કહ્યું, તે જરુરી છે કે આપણે માત્ર મજબૂત, આધૂનિક અને સુસજ્જ દળો જ નહીં બનાવીએ, પણ આપણા સંરક્ષણ ઉદ્યોગનો પણ વિકાસ કરીએ, જે મજબૂત સક્ષમ અને તમામ ઉપર સંપૂર્ણપણે આત્મનિર્ભર હોય.

**ભારતે આત્મનિર્ભર સંરક્ષણ ઉદ્યોગ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે : રાજનાથસિંહ**

# તાલિબાન પર પાક. મહેરબાન: ખુંખાર આતંકી રસુલને જેલમાંથી મુક્ત કર્યો

ઈસ્લામાબાદ તા.૧૯

અફઘાનિસ્તાનમાં તાલિબાનના કબ્જા બાદ પાકિસ્તાન તેના પર મહેરબાન છે. પાકિસ્તાનની ઈમરાન સરકારે બુધવારે તાલિબાનના ખુંખાર આતંકી મુલ્લા મોહમ્મદ રસુલને મુક્ત કરી દીધો છે.

ઉલ્લેખનીય છે કે મુલ્લા છેલ્લા પાંચ વર્ષથી પાકિસ્તાનની જેલમાં કેદ હતો. મુલ્લા રસુદને ૨૦૧૬ માર્ચમાં પાકિસ્તાન અને અફઘાનીસ્તાનની સીમા પર બ્લુચિસ્તાન પ્રાંતમાંથી પકડયો હતો.

મીડિયા રિપોર્ટ મુજબ મુલ્લા મોહમ્મદ રસુલ તાલિબાનમાં એક જાણીતું નામ હતો.

પરંતુ મુલ્લા અખ્તર મસૂરના તાલિબાન પ્રમુખ બનવાના વિરોધમાં પોતાનું અલગ સંગઠન બનાવી લીધું હતું. ત્યારબાદ પાકિસ્તાને તેને પકડીને જેલમાં નાખ્યો હતો. ત્યારથી તે જેલમાં હતો. નવેમ્બર ૨૦૧૫માં પશ્ચિમી ફરાહ પ્રાંતમાં તાલિબાની લડાયકોની એક બેઠકમાં રસુલને એક અલગ સમૂહના નેતા ચૂંટવામાં આવ્યો હતો. રસુલનું સમર્થન કરનાર લડાયકો એ મંસૂર પર વ્યક્તિગત લાલચ માટે આંદોલનને હાઈજેક કરવાનો અને પાકિસ્તાનના ઈશારે કામ કરવાનો આરોપ લગાવ્યો હતો. તાલિબાનના સંસ્થાપક મુલ્લા ઉમરની મોત બાદ રસુલ અને મંસુર બન્નેએ તાલિબાનના નેતૃત્વનો દાવો કર્યો હતો.

### યુએઈએ ૨૪ ઓગસ્ટ સુધી ઈન્ડિગોના તમામ વિમાનો પર પ્રતિબંધ મૂકાયો

અબુધાબી તા.૧૯

સંયુક્ત આરબ અમિરાત (યુએઈ) એ એક સપ્તાહ માટે એટલે કે આગામી ૨૪ ઓગસ્ટ સુધી ઈન્ડિગોની તમામ ફલાઈટ્સના સંચાલન પર પ્રતિબંધ મુકી દીધો છે. મળતી માહિતી અનુસાર ઈન્ડિગોએ તેની ફલાઈટમાં આરટીપીસીઆર ટેસ્ટ વિનાના યાત્રીઓને મુસાફરીની છુટ આપતા આ નિર્ણય લીધો છે. જયારે એર લાઈને જણાવ્યું કે, ઓપરેશનલ ઈસ્યુને કારણે યુએઈની તમામ ફલાઈટ્સ રદ કરવામાં આવી છે.

# જયાં સુધી બધા અમેરિકનો નહીં આવે ત્યાં સુધી... અમારા સૈનિકો અફઘાનીસ્તાનમાં રહેશે: બાઈડન

વોશિંગ્ટન તા.૧૯

રાષ્ટ્રપતિ જો બાઈડને સંકેત આપ્યો છે કે અફઘાનીસ્તાનમાં અમેરિકી સૈનિક નકકી સમય પછી પણ રોકાઈ શકે છે, જયાં સુધી દરેક અમેરિકીને અફઘાનીસ્તાનમાંથી બહાર નહીં કાઢવામાં આવે ત્યાં સુધી અમેરિકી સેના ત્યાં રહેશે.

બાઈડને વધુમાં જણાવ્યું હતું કે અમેરિકા દરેક અમેરિકીને અફઘાનીસ્તાનની બહાર કાઢવા માટે પ્રતિબધ્ધ છે. ભલે પછી તેના માટે મિશનને ૩૧ ઓગષ્ટની સમય સીમાથી આગળ વધારવામાં આવે.

બાઈડનનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જયારે કાબુલ વિમાન મથકેથી ૫૦૦૦ લોકોને કાઢવામાં આવી ચૂકયા છે.

સંયુકત ચીફ ઓફ સ્ટાફના અમેરિકી અધ્યક્ષ જનરલ માર્ક મિલએ અફઘાનીસ્તાનની ખતરનાક સ્થિતિને રેખાંકીત કરતા જણાવ્યું હતું કે અમેરિકી સૈનિક ત્યાં જોખમમાં છે અને દેશે તેના પર ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે. વિમાન મથકે સુરક્ષાની સ્થિતિ સ્થિર છે તેમ છતાં ખતરો છે, તેના પર નજર રખાઈ રહી છે.

**નિશ્ચિત સમય પુરો થયા પછી પણ અમેરિકન સૈનિકો અફઘાનીસ્તાનમાં રહેવાનો બાઈડનનો સંકેત**

# શ્રી ખોડલધામ મંદિર ખાતે માંડવિયાનું સન્માન અને રજતતુલા કરવામાં આવી

રાજકોટ, તા.૧૯

**ભારત સરકારના કેબિનેટ મંત્રી મનસુખ માંડવિયા વિશ્વપ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિરે દર્શનાર્થે પધાર્યા હતા. કેબિનેટ મંત્રી બન્યા બાદ માંડવિયા પ્રથમ વખત ગુજરાતની મુલાકાતે પધાર્યા છે. ત્યારે તેમની આ પ્રથમ ગુજરાત મુલાકાત દરમિયાન તેમણે કાગવડ ગામ પાસે આવેલા સુપ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિરની મુલાકાત લઈને માં ખોડલના આશીર્વાદ લીધા હતા.**

## તમામ ચાંદી ખોડલધામના વિકાસની પ્રવૃત્તિમાં અર્પણ કરું છું:કેન્દ્રિય મંત્રી

મનસુખ માંડવિયા શ્રી ખોડલધામ મંદિરે આવી પહોંચ્યા હતા. જ્યાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ - કાગવડના ચેરમેન નરેશ પટેલ અને ટ્રસ્ટી મંડળ દ્વારા મનસુખ માંડવિયાનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. બાદમાં મંડળ દ્વારા ખેસ પહેરાવી સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ માંડવિયા દ્વારા શ્રી ખોડલધામ મંદિરના શિખર પર ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. બાદમાં શ્રી ખોડલધામ સમિતિ - રાજકોટ, અમદાવાદ



અને ભાવનગર દ્વારા મનસુખભાઈની રજતતુલા કરવામાં આવી હતી. તેમના વજન બરાબરની ચાંદીથી તુલા કરીને મનસુખ માંડવિયાને સન્માનિત કરવામાં આવ્યાં હતા. સન્માન અને રજતતુલા બાદ પોતાના સંબોધનમાં મનુસુખ માંડવિયાએ કહ્યું કે, 'મારી યાત્રાના પ્રથમ દિવસે મા ખોડલના દર્શન અને ધ્વજારોહણનો લ્હાવો મળ્યો એ મારા માટે સૌભાગ્યની વાત છે. સૌએ રજતતુલા દ્વારા મારું અભિવાદન કર્યું એ બદલ આભાર. આ રજતતુલાને લાયક બનવાની મા ખોડલ મને શક્તિ આપે તેવી પ્રાર્થના. તમામ ચાંદી હું ખોડલધામના વિકાસની પ્રવૃત્તિમાં અર્પણ કરું છું. આ ધરતી પર ત્રિરંગો લહેરાઈ રહ્યો છે, ત્યારે આ પાવન ધરતીને નમન કરું છું.' મનસુખભાઈ માંડવિયાએ પોતાના સંબોધનમાં અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કર્યા હતા. માંડવિયાએ મા ખોડલના ચરણોમાં શીશ ઝૂકાવી આશીર્વાદ લીધા હતા. ટ્રસ્ટી

## વસ્ત્રાલમાં તમંચો અને કારતુસો સાથે ઝડપાયો

અમદાવાદ,તા.૧૯

શહેરના વસ્ત્રાલ ચોપાટી પાસે ચાની કિટલીમાંથી પોલીસે તમંચો અને પાંચ કારતુસો કબજે કર્યા હતા.

જાણવા મળતી માહિતી અનુસાર ડીસીબીના વડા પ્રેમવિરસીંગ, ડીસીબી ચૈતન્ય મંડલીકની સુચના અને એસીપી ડીપી ચુડાસમાના માર્ગદર્શન હેઠળ પીઆઇ પીબી દેસાઇ, પીએસઆઇ આઇએસ રબારી, જેવાય પઠાણની ટીમે વસ્ત્રાલ ચોપાટી પાસેની રામુસીંગ ઉર્ફે રામુ સિકરવાર (ઉ.વ.૨૫, રહે. ક્રિષ્નાનગર, ઓઢવ)ની ચાની કીટલીના કાઉન્ટરમાંથી તમંચો અને પાંચ કારતુસો કબજે કર્યા હતા. તેની પૂછપરછમાં ખુલ્યું હતું કે, તેના વતનમાં રહેતો આકાશ સિકરવાર દોઢ મહિનાથી આવ્યો છે તે આ હથિયાર લઇને આવ્યો છે. ભાડેથી દિવસે રિક્ષા ચલાવી રાત્રે કીટલી પાસે પાર્ક કરી તેમાં સૂઇ જાય છે તેણે કીટલીના કાઉન્ટરમાં તમંચો-કારતુસો છુપાવ્યા હતા.




## શહેરમાં જાવેદ હબીબના પ્રીમિયમ સલૂનનો શુભારંભ

અમદાવાદ, તા.૧૯

જાણીતા સેલિબ્રિટી હેર સ્ટાઈલિસ્ટ જાવેદ હબીબ, જેમની અસાધારણ કુશળતાએ વાળ કાપવા અને સ્ટાઈલ વ્યવસાયને નવો આયામ આપ્યો, અને તેમની બ્રાન્ડને દેશમાં સૌથી વધુ ઓળખી શકાય તેવી એક બનાવી છે તેઓ દ્વારા નવા દેખાવ અને અસાધારણ સેવાઓ સાથે માસ્ટર ફ્રેન્ચાઈઝ માલિક રિયા શર્મા દવે અને તીર્થ દવે સાયન્સ સિટી રોડ પર તેમના દ્વારા અમદાવાદનું પ્રથમ પ્રીમિયમ ધ જાવેદ હબીબ સલૂન શરૂ થવા જઈ રહ્યું છે.

આ પ્રસંગે ઉપસ્થિત મુખ્ય મહેમાન પુરષોત્તમ રૂપાલા (કેન્દ્રીય મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી) અને અતિથિ વિશેષ કિરીટભાઈ પરમાર (મેયર,

### કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાના હસ્તે સલૂનનું ઉદ્‌ઘાટન કરાયું

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન), ભૂપેન્દ્રભાઈ પટેલ (ધારાસભ્ય, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન) અને હિતેષભાઈ બારોટ (ચેરમેન), સ્ટેન્ડિંગ કમિટી, એએમસી ઉપસ્થિત રહ્યાં હતા.

ધ જાવેદ હબીબ સલૂનના માસ્ટર ફ્રેન્ચાઈઝ ઓનર રિયા શર્મા દવે દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, 'અમે હંમેશા અમદાવાદ માટે કંઈક નવું અને અનોખું લાવવાનું લક્ષ્ય રાખ્યું છે અને હવે તમામ સપોર્ટ સાથે અમે અમદાવાદમાં સાયન્સ સિટી રોડ પર આ આઈકોનિક બ્રાન્ડ સલૂન શરૂ કરીને અત્યંત આનંદિત છીએ. હું અમદાવાદની ભીડ અને ઉભરતા લોકો સાથે મારું નોલેજ અને સૌંદર્ય બ્રાન્ડની કુશળતા શેર કરવા માટે રાહ જોઈ શકતી નથી.




## ધંધાકીય તમામ એકટરો માટે એક બજાર ડોટ કોમની શરૂઆત

અમદાવાદ તા.૧૯

**દેશ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે વેપારને વેગ આપવા માટે વન નેશન વન માર્કેટને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. આવી તમામ ઉપલબ્ધિઓને લઈને વ્યાપાર ધંધા કરતા વેપારીઓને સરળ બને તે માટે એક બજાર ડોટ કોમ દ્વારા આની પહેલ કરવામાં આવી રહી છે.**

### એક મહિનામાં ૩૦ હજારથી વધુ ટ્રેડર્સ જોડાય તેવી સંભાવના

એક બજાર ડોટ કોમ વિશે વધુ માહિતી આપતા કંપનીના સીઈઓ ઉષાનંદકુમારજીએ પત્રકારો સાથેની વાતચીત દરમ્યાનમાં જણાવ્યું હતું કે, આ પ્લેટફોર્મ દ્વારા ટ્રેડર્સ, ખેડૂતો, એ ર ા એ મ ઈ , એમ.એસ.એમ.ઈને એક જુથ હેઠળ લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જેના દ્વારા માત્ર દેશમાં જ નહી પરંતુ વિદેશ પણ ટ્રેડર્સ પોતાની પ્રોડકટ વેચી શકશે અને ખરીદી શકશે. આમ, તમામ સેકટરને એક જુથ હેઠળ લાવી વૈશ્વિક સ્તરે વેપાર વૃદ્ધિ માટે દેશમાં આ પહેલું પગલું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં આ પ્લેટફોર્મ દ્વારા અત્યાર સુધીમાં ૧૦૦૦ થી વધુ ટ્રેડર્સ રજીસ્ટર્ડ થઇ ચૂકયા છે. આગામી એક માસમાં ૩૦ હજારથી વધુ ટ્રેડર્સ જોડાય તેવી સંભાવના છે. ગુજરાતમાં પ્રથમ શરૂઆત કરવા અંગે તેમણે જણાવ્યું હતું કે ગુજરાત એ બિઝનેસનું ગ્રોથ એન્જીન છે. આગામી છ માસનાં તામિલનાડું, મહારાષ્ટ્ર,મધ્યપ્રદેશ અને કર્ણાટકમાં લોન્ચ કરાશે.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના લેડીઝ ચેરપર્સન શિલ્પાબેન ભટ્ટ તથા એક બજારના એમડી ઉષા નંદાકુમાર દ્વારા બિઝનેસ વુમન કમિટિ સાથે એક સેમિનાર યોજાયો હતો. જેમના અંદાજે ૧૫૦ થી વધુ મહિલા ઉદ્યોગ સાહસિકતા ઉપસ્થિત રહી હતી. જેમાં લેડીઝ ઘરેબેઠા પોતાના સમયમાં આવક મેળવી છે.

### ન્યુ સિવિલ હૉસ્પિટલને ડસ્ટબીન ફાળવાયા

અમદાવાદ તા.૧૯

ન્યુ સિવિલ હોસ્પિટલમાં અસારવાના માજી.મ્યુ. કાઉન્સિલર સુમનબેન રાજપૂત દ્વારા 'ડસ્ટબીન' (કચરો નાખવાના ડબ્બા) આપવામાં આવેલ. આ પ્રસંગે માજી. મ્યુનિ.કાઉન્સિલર સુમનબેન રાજપૂત, સેનેટરી ઈન્સ્પેકટર જયમીનભાઇ બારોટ, પ્રવિણસીહ આર.દરબાર, પી.આર.ઓ. ભૂપેન્દ્રસિંહ કૂંપાવત, તારક ભટ્ટ, ગીરીશ વણઝારા વિગેરે ઉપસ્થિત રહી આ ડસ્ટબીન સ્વીકારવામાં આવતા હતા.



## ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન ૨.૦નું આયોજન

અમદાવાદ,તા.૧૯

**આઝાદીનાં ૭૫ વર્ષ નિમિત્તે દેશભરમાં આઝાદીનો અમૃત મહોત્સવ મનાવવામાં આવી રહ્યો છે. તેમજ સાથે-સાથે ફિટ ઈન્ડિયા અભિયાન પણ ચાલી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હેઠળ આ બંને ઝુંબેશને સાંકળી લઈને ૧૩મી ઓગસ્ટે ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન ૨.૦ના દેશવ્યાપી કાર્યક્રમનો શુભારંભ થયો હતો અને ત્યારબાદ દેશભરમાં ફિટ ઈન્ડિયા ફ્રીડમ રનના આયોજનો થઈ રહ્યા છે.**

### સાબરમતી આશ્રમથી લઈ વલ્લભ સદન સુધી દોડ યોજાઈ

આ અંતર્ગત ગુજરાતના અમદાવાદમાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયના રિજિયોનલ આઉટરીચ બ્યુરો (આર.ઓ.બી.) અને પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો (પી.આઇ.બી.) ગુજરાત રિજિયન દ્વારા ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન ૨.૦નું આયોજન કરવામાં આવ્યું હતું. આમાં નહેરુ યુવા કેન્દ્ર, એન.એસ.એસ.ના સ્વયંસેવકો તેમજ આર.ઓ.બી. અને પીઆઈબીના અધિકારીઓ તથા કર્મચારીઓએ ભાગ લીધો હતો. સાબરમતી આશ્રમ રિવરફ્રન્ટથી લઈને વલ્લભ સદન સુધી ફિટ ઈન્ડિયા દોડનું આયોજન થયું હતું, જેમાં લગભગ સાડા ત્રણ કિલોમીટર સુધીના રૂટ પર હાથમાં રાષ્ટ્રભક્તિના પ્લેકાર્ડસ અને ત્રિરંગા સાથે સૌએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો તથા રિજિયોનલ આઉટરીચ બ્યુરોના ગુજરાત રિજિયનના અપર મહાનિર્દેશક ડો. ધીરજ કાકડિયાએ જણાવ્યું હતું કે, આઝાદીના અમૃત મહોત્સવ અને ફિટ ઈન્ડિયા ઝૂંબેશના ભાગ રૂપે આ ફિટ ઈન્ડિયા રનનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન પાછળનો ઉદ્દેશ રાષ્ટ્રભાવના જગાવવાની સાથે નવી પેઢી આપણા આઝાદીના ઈતિહાસથી પરિચિત થાય અને સાથે-સાથે તંદુરસ્તીના મામલે પણ જાગૃત થાય એ છે.

## નવી શિક્ષણ નીતિ આત્મનિર્ભર ભારત તરફની ગતી હશે:સંજય વકીલ

અમદાવાદ,તા.૧૯

ગુજરાત લો સોસાયટી સંચાલિત એચ.એ. કોલેજ ઓફ કોમર્સના પ્રિન્સીપાલ સંજય વકીલે ગાંધીનગર સ્થિત ગવર્મેન્ટ કોમર્સ કોલેજ આયોજીત 'નવી



શિક્ષણ નીતિ-૨૦૨૦' વિષય ઉપર મુખ્ય વકતા તરીકે વકતવ્ય આપ્યુ હતું. પ્રિ. વકીલે કહ્યું હતું કે, ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આવી રહેલી નવી શિક્ષણ નીતિ આત્મનિર્ભર ભારત તરફથી ગતી હશે. સ્કીલ બેઝડ એજ્યુકેશન થવાથી રોજગારીની તકો ઉભી થશે. સરકાર તરફથી વિદ્યાર્થીઓને આર્થિક મદદ મળી રહે તેવી વ્યવસ્થા ઉભી થશે. વિદ્યાર્થીઓનું પાર્ટીશીપેશન વધશે. ભારતીય ભાષાઓ જે લુપ્ત રહી છે તેનું પુનઃસ્થાપન થશે. વિદ્યાર્થીઓનું સતત મૂલ્યાંકન પધ્ધતી અપનાવાશે જેથી ઓવરઓલ ડેવલપમેન્ટ થઈ શકે.

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ઓછામાં ઓછી રાજકીય ખલેલ હશે. યુનિ.ના કુલપતિની નિમણૂંક બોર્ડ ઓફ ગવર્નન્સ કરશે. ડીગ્રી ઓવોર્ડીંગ કોલેજોની સ્થાપના

### સ્કીલ બેઝડ એજ્યુકેશન થવાથી રોજગારીની તકો ઉભી થશે

કરવામાં આવશે એટલે કે, કોલેજોને ઓટોનોમસ સ્ટેટસ આપીને સ્વાયત્તતા આપવામાં આવશે. જેથી પોતાનો સીલેબસ, એકઝામ પેટર્ન, એસેસમેન્ટ પધ્ધતી તથા પ્લેસમેન્ટનું માળખું પોતાની રીતે ઉભું કરી શકશે. ભારતના ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ દર વર્ષે પરદેશમાં ભણવા જાય છે. જેથી ભારતમાંથી ૨ થી ૩ અબજ ડોલર પરદેશમાં જાય છે. નવી શિક્ષણ નીતિને કારણે ઉચ્ચ શિક્ષણમાં કવોલીટી શિક્ષણ આપવાથી આવા વિદ્યાર્થીઓ ભારતમાં જ ભણશે.

### રિક્ષામાં બેસાડી મુસાફરોની

## રોકડ અને મોબાઈલ ફોનની ચોરી કરતી ત્રિપુટી પકડાઈ

અમદાવાદ તા.૧૯

શહેરમાં રિક્ષામાં મુસાફરોને બેસાડી રોકડ અને મોબાઇલ ફોનની ચોરી કરનારી ત્રિપુટીને પોલીસે ઝડપી પાડી હતી.

જાણવા મળતી માહિતી

### રૂા.૨૧ હજાર રિક્ષા અને ત્રણ મોબાઈલ કબ્જે કર્યા

અનુસાર ડીસીબીના એસીપી ડીપી ચુડાસમાના માર્ગદર્શન હેઠળ પીઆઇ સીબી ટંડેલ, પીએસઆઇ ગુર્જર, ગઢવીની ટીમ કાલુપુર રેલ્વે સ્ટેશન પાસેથી સમીર સલીમખાન ચૌહાણ (ઉ.વ.૨૦ રહે.માઝ-૨, ફતેવાડી કેનાલ) નજીક ઉર્ફે બાબુ ઉર્ફે બાટલો મણીયાર (ઉ.વ.૨૬ રહે. સિદ્દીકાબાદ કોલોની, જુહાપુરા) અને સદ્દામ ઉર્ફે કાલુ સૈયદ (ઉ.વ. ૨૮ રહે. અલ રક્ષા રો હાઉસ, ફતેવાડી, કેનાલ પાછળ) ને ઓટોરીક્ષા સાથે ઝડપી પાડયા હતા.

પોલીસે તેઓની પાસેથી રૂા. ૨૧ હજાર, ૩ મોબાઈલ ફોન કબજે કર્યા હતા. આ ત્રિપુટીએ નવ દિવસ અગાઉ વૃધ્ધ મુસાફરને રિક્ષામાં બેસાડી તેઓની નજર ચૂકવી ખિસ્સામાંથી રૂા. ૫૦ હજારની ચોરી કરી હતી. રિક્ષામાં મુસાફર તરીકે બેસાડી ત્રણ મુસાફરના મોબાઈલ ફોનની ચોરી તેઓએ કરી હોવાનું કબુલ્યું હતું.

### ભાવનગર માટે ઉડ્ડયન ક્ષેત્રે નવો અધ્યાય

## ભાવનગરથી આજથી દિલ્હી, સુરત-મુંબઈની વિમાની સેવા

(સંપૂર્ણ સમાચાર સેવા) ભાવનગર, તા.૧૯

**ભાવનગર માટે નવો અધ્યાય લખાવા જઈ રહ્યો છે. જે અંતર્ગત ભાવનગરથી આવતીકાલથી દિલ્હી, સુરત અને મુંબઈની સ્પાઈસ જેટની નવી સીધી વિમાની સેવાની શરૂઆત થવા જઈ રહી છે. આવતીકાલે બપોરે ભાવનગર એરપોર્ટ ખાતેથી સ્પાઈસ જેટની ફલાઈટને મુખ્યમંત્રી વિજય રૂપાણી અને કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા વર્ચ્યુઅલી ફલેગ ઓફ કરી આ નવી ફલાઈટ સેવાનો શુભારંભ કરાવશે.**

### દિલ્હી-મુંબઈ ફલાઈટ મંગળ અને શનિવાર સિવાયના બધા દિવસો, સુરતની ફલાઈટ ગુરુ, શનિ અને રવિવારે

કેન્દ્ર સરકારે ઉડે દેશ કા આમ આદમી, ઉડાન યોજના હેઠળ દેશમાં નાના શહેરોને પણ એર કનેક્ટિવિટીથી જોડવાનું જે અભિયાન ઉપાડ્યું છે તેમાં ભાવનગરના હવાઇ ઉડ્ડયન ક્ષેત્રનું આ નવું સોનેરી સોપાન બની રહેશે.

ભાવનગર ગુજરાતનું વિકસતું અને મોટું શહેર છે. ભાવનગર વ્યાપાર ઉદ્યોગનું મહત્વનું કેન્દ્ર હોવા સાથે ઘણાં બધાં મધ્યમ અને નાના ઉદ્યોગો ધરાવતું કેન્દ્ર છે. વિશ્વભરમાં ખ્યાતિ ધરાવતો જહાજ ભાગવાનો વાડો ભાવનગરના અલંગમાં આવેલો છે. ભારત સરકારની નવી સ્ક્રેપ પોલિસી અંતર્ગત પણ અલંગમાં જુના વાહનો ભંગાવવા માટે આવવાના છે.

તો જૈનોનું પવિત્ર તિર્થસ્થાન પાલીતાણા સહિત અનેક પવિત્ર મંદિરો ભાવનગરમાં આવેલા છે. કાળિયાર માટેનો જ પ્રખ્યાત અભયારણ્ય એવું વેળાવદર પણ ભાવનગરમાં આવેલું છે.

આમ, અનેક ગતિવિધિ સાથે સંકળાયેલા ભાવનગરને નવી એર કનેક્ટિવિટી મળતાં ભાવનગરવાસીઓને આંતરરાજ્ય સાથે આંતરરાષ્ટ્રીય મુસાફરી માટેનો નવો દ્વાર ખુલશે. આવતીકાલથી દિલ્હી અને મુંબઈ વિમાની સેવાનો શુભારંભ થશે ત્યારબાદ તા. ૨૧ ઓગસ્ટના રોજ સુરત માટેની પણ વિમાની સેવાની શરૂઆત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ભાવનગર થી દિલ્હી અને મુંબઈની ફલાઈટ મંગળવાર અને શનિવાર સિવાયના બધા દિવસો દરમિયાન ચાલશે. આ ઉપરાંત ભાવનગર થી સુરતની ફલાઈટ ગુરુવાર, શનિવાર અને રવિવારના દિવસોએ ચાલશે.

### તાડકેશ્વર મંદિર ૮૦૦ વર્ષ જુનું છે

## તાડકેશ્વર શિવમંદિરમાં સૂર્યના કિરણોથી અભિષેક થાય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૧૯

ગુજરાતના એવા મંદિર આવ્યા છે, જેના બાંધકામનો કોઈ જવાબ નથી. દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં વાંકી નદીના કિનારે અબ્રામા ગામ વસેલું છે. અહી આવેલું છે પ્રાચીન તાડકેશ્વર મંદિર. ભોલેનાથના આ મંદિર પર શિખરનું નિર્માણ શક્ય નથી. તેથી સૂર્યની કિરણો સીધા શિવલિંગ પર અભિષેક કરે છે. ૧૯૯૪ માં મંદિરનું જીર્ણોદ્ધાર કરીને ૨૦ ફૂટના ગોળાકાર આકૃતિમાં ખુલ્લા શિખરનું નિર્માણ કરવામાં આવ્યું. સમગ્ર શ્રાવણ મહિના દરમિયાન તથા મહાશિવરાત્રિ પર અહી વિશાળ મેળો ભરાયેલો હોય છે. ૮૦૦ વર્ષ જૂના આ અલૌકિક મંદિર વિશે પુરાણોમાં ઉલ્લેખ કરાયો છે કે, એક ગોવાળિયાએ જોયું કે, તેના ગાય ઝુંડમાંથી અલગ થઈને રોજ જંગલમાં જાય છે. ત્યાં તે એક જ જગ્યા પર ઉભી રહીને પોતાના દૂધની ધારા પ્રવાહિત કરે છે. ગોવાળિયાએ અબ્રામા ગામ પરત ફરીને ગામ લોકોને સમગ્ર ઘટના વિશે જાણ કરી કે, આ ગાય એક જ સ્થળ પર દૂધ અભિષેક કરે છે. શિવભક્ત ગ્રામીણોએ ત્યાં જઈને જોયુ તો તેમને આશ્ચર્ય થયુ. ગાય જે જગ્યાએ ઉભી રહેતી હતી ત્યાં તેની જમીન નીચે એક શિવલિંગ હતું. આ બાદ ગામ લોકોએ રોજ જંગલમાં જઈને તે સ્થળે અભિષેક કરવાનું શરૂ કરી દીધું. ગોવાળિયાની અતૂટ શ્રદ્ધા પર શિવજી પ્રસન્ન થયા હતા.

### અમદાવાદ જિલ્લામાં એક દિવસમાં

## ૧૫૩૦૧ વ્યક્તિઓએ કોરોનાની રસી લીધી

અમદાવાદ તા.૧૯

અમદાવાદ જિલ્લાના ૧૦૫ સ્થળોએ વેક્સિનેશન કેન્દ્રો કાર્યરત કરીને આજે ૧૫૩૦૧ લોકોને કોરોનાની રસીનો ડોઝ આપવામાં આવ્યો છે. જે આજના નિર્ધારીત કરેલા લક્ષ્યથી વધુ રહ્યો. જેમાંથી ૬૦ ગામો એવા પણ છે. જેમાં ૧૦૦ ટકા કોરોનાની રસીનું રસીકરણ પૂર્ણ કરવામાં આવ્યું છે. અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં અત્યાર સુધીમાં ૧૧ લાખ ૬૫ હજારથી વધુ લોકોના કોરોના રસીકરણની કામગીરી સુપેરે પૂર્ણ કરવામાં આવી છે.

તદઅનુસાર જિલ્લાના ૯૩૧૪૦૪ નાગરિકોને કોરોના સામે રક્ષણ આપતી રસીનો પ્રથમ ડોઝ જયારે ૨૧૭૯૬૮ નાગરિકોને કોરોનાની રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શૈલેષકુમાર પરમારના મતે, ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા નાગરિકોમાં કોરોના રસીકરણ અંગે ભારે જાગૃતિ જોવા મળી રહી છે.

### ઘાટલોડિયામાં મહિલાએ ફાંસો ખાધો

અમદાવાદ,તા.૧૯

શહેરના ઘાટલોડિયાના ચાણક્યપુરી ખાતેના સનડીવાઇન-૫માં રહેતી રૂચીરાજસુજીતાકુમારે (ઉ.વ.૩૫) બપોરના ૪-૩૦ વાગ્યાના સુમારે તેઓના ઘેર પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ફાંસો ખાઇ લેતા સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

### શહેર કોટડાના પીએસઆઇ ઉપર હુમલો

અમદાવાદ તા.૧૯

અત્રેના શહેર કોટડા પોલીસ મથકની હદના પોટલીયા વિસ્તારમાં કંટ્રોલ રૂમના મેસેજના આધારે શહેર કોટડા પોલીસની ટીમ આરોપીઓને પકડવા ગઇ હતી. ત્યારે પકડાયેલા એક યુવાને પીએસઆઇ ઉપર ચપ્પુથી હુમલો કરતા નાસભાગ મચી ગઇ હતી. બનાવની જાણ થતા પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. અને હુમલાખોરને પકડવા કામગીરી હાથ ધરી હતી.

### ચેઈનસ્નેચીંગ, વાહનો અને

## મોબાઈલ ફોનની ચોરી કરનાર યુવાન ઝડપાયો

અમદાવાદ,તા.૧૯

અમદાવાદ અને ગાંધીનગર વિસ્તારમાં ચેઇનસ્નેચીંગ, વાહન અને મોબાઇલ ચોરીમાં સંડોવાયેલ યુવાનને પોલીસે ઝડપી પાડ્યો હતો.

જાણવા મળતી માહિતી અનુસાર ડીસીબીના એસીપી ડીપી ચુડાસમાના માર્ગદર્શન હેઠળ પીઆઇ બલોચ, એએસઆઇ રમેશભાઇએ અજય ઉર્ફે અચ્ચુ ભોજૈયા (ઉ.વ.૨૩, રહે. વણઝારાવાસ, ભાટગામ)ને સીએનજી ઓટો રિક્ષા, સોનાની ચેઇનના ૩ ટુકડા, બે મોબાઇલ ફોન સાથે ઝડપી પાડ્યો હતો.

તેણે નાના ચિલોડા સર્કલ પાસે તેના સાગરિતો મુકેશ, સુનીલની મદદથી ટ્રક ડ્રાઇયવર સાથે ઝપાઝપી કરી સોનાની ચેઇન તોડી લીધી હતી. ગાંધીનગરના શાહપુર ખાતે રિક્ષામાં બેસેલા મુસાફરોનો મોબાઇલ ફોન કાઢી લીધો હતો. તેઓએ કોબા સર્કલ પાસેની કેનાલ પાસેથી બે દ્વિચક્રી વાહનોની ચોરી કરી હતી.

### નવી ગાડી અપાવવાનું કહી

## વડોદરાના રહીશના ૯૦ હજાર લઈ પલાયન

અમદાવાદ,તા.૧૯

વડોદરાના યુવાનને નવી અર્ટીકા ગાડી અપાવવાનું કહી રૂા.૯૦ હજાર ઓનલાઇન મેળવી ગોતામાં ઓફિસ બંધ કરી યુવાન પલાયન થઇ ગયો હતો.

જાણવા મળતી માહિતી અનુસાર વડોદરાના શ્રી ગોપીનાથજી ટેનામેન્ટમાં રહેતા ૪૬ વર્ષના અલ્પેશભાઇ ઠક્કરે સોલા હાઇકોર્ટ પોલીસ મથકમાં આનંદભાઇ ઉપાધ્યાય સામે ચીટીંગની ફરિયાદ નોંધાવી હતી. તેમાં જણાવ્યા મુજબ ગોતાના સેવન્થ પરીસર કોમ્પલેકસમાં ફેમીલી મોટર્સવાળા નામની ઓફીસ ખોલી ગત તા.૫ જુલાઇથી આજદીન સુધીમાં નવી અર્ટીકા ગાડી મને અપાવવાનું જણાવી રૂા.૯૦ હજાર ઓનલાઇન ટ્રાન્સફર કરાવી મેળવી લઇ ઓફિસ બંધ કરી ચીટીંગ કર્યું હતું.

# અક્ષર પટેલને ઉંચકીને રિષભ પંતે જોરદાર કસરત કરી

નવી દિલ્હી,તા.૧૯

ભારતીય ક્રિકેટ ટીમે લોર્ડ્સ ખાતે ઐતિહાસિક વિજય હાંસલ કરીને ટેસ્ટ શ્રેણીમાં ઈંગ્લેન્ડ સામે ૧-૦ની લીડ મેળવી લીધી છે. હવે ભારતીય ટીમે ૨૫ ઓગસ્ટથી શરૂ થનારી ટેસ્ટની તૈયારીઓ શરૂ કરી દીધી છે. તમામ ખેલાડીઓ ફરી એક વખત પોતાની ફિટનેસ પર કામ કરી રહ્યા છે.

ટીમ ઈન્ડિયાના વિકેટકીપર રિષભ પંતે પણ વર્કઆઉટ કર્યું અને તેણે પગના સ્નાયુઓ પર ધ્યાન આપ્યું. આશ્ચર્યજનક બાબત એ છે કે, રિષભ પંતે તેના સાથી ખેલાડી અક્ષર પટેલને ઉંચો કર્યા પછી વર્કઆઉટ કરવાનું શરૂ કર્યું. પંતે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર વીડિયો સ્ટોરી શેર કરી છે જેમાં તે અક્ષર પટેલને ખોળામાં ઉભો રાખીને કસરત કરી રહ્યો છે.

રિષભ પંત વર્કઆઉટ એક બેન્ચ પર બેઠેલા જોવા મળ્યા હતા અને તેમણે પોતાના ખોળામાં વજનની પ્લેટ રાખી હતી. આ પછી, તેણે તે વજનની ઉપર અક્ષર પટેલને ઉભાભા



રાખીને પગને મજબૂત કરવાની કસરત કરી. આ સિવાય પંતે તેના પગના અન્ય સ્નાયુઓ પર પણ કામ કર્યું. પંતનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. તમને જણાવી દઈએ કે પંતના પગના સ્નાયુઓ ધોની જેવા ખૂબ જ મજબૂત છે, જેના કારણે તે ખૂબ જ શક્તિશાળી શોટ રમે છે. ઈંગ્લેન્ડ સામેની પ્રથમ બે ટેસ્ટ મેચમાં ભારતીય ક્રિકેટ ટીમે સારું પ્રદર્શન કર્યું હોવા છતાં રિષભ પંતે તેના ચાહકોને નિરાશ કર્યા છે. પંતે અત્યાર સુધી રમેલી દરેક ઈનિંગ્સમાં સારી શરૂઆત કરી હતી પરંતુ તે ક્રિઝ પર સ્થિર થયા બાદ આઉટ થયો હતો. પંતે ૩ ઈનિંગ્સમાં ૨૮ ની સરેરાશથી ૮૪ રન બનાવ્યા છે અને તેનો શ્રેષ્ઠ સ્કોર ૩૭ રન છે. પ્રવાસ પહેલા રિષભ પંત વિશે ઈંગ્લેન્ડમાં ઘણી ચર્ચા થઈ હતી, પરંતુ ડાબા હાથના વિસ્ફોટક બેટ્સમેન અત્યાર સુધી મોટી ઈનિંગ રમી શક્યા નથી. ટીમ ઈન્ડિયા અપેક્ષા રાખશે કે પંત લીડ્ઝ ટેસ્ટમાં વાપસી કરશે. માત્ર પંત જ નહીં, ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલી પણ અત્યાર સુધી શ્રેણીમાં મોટી ઈનિંગ્સ રમી શક્યા નથી. કોહલીએ ૩ ઈનિંગ્સમાં ૨૦.૬૬ ની સરેરાશથી માત્ર ૬૨ રન બનાવ્યા છે. આ સિવાય પુજારા અને રહાણેની એવરેજ પણ ૨૫ થી ઓછી છે પરંતુ આ બંને ખેલાડીઓએ લોર્ડ્સ ટેસ્ટની બીજી ઈનિંગમાં મહત્વની ઈનિંગ રમીને પોતાના ફોર્મમાં પરત ફરવાના સંકેતો દર્શાવ્યા છે.

## રિષભ પંતે જીમમાં પુષ્કળ પરસેવો પાડ્યો અને તેણે અક્ષર પટેલને ઉપાડ્યો અને વર્કઆઉટ કરવાનું શરૂ કર્યું




ઈસ્ટ આફ્રિકન રાષ્ટ્ર કેન્યાના પાટનગર નૈરોબીમાં યોજાયેલી વર્લ્ડ એથ્લેટિકસ અંડર ૨૦માં ૪x૪૦૦ મીટર મિકસ્ડ રિલે દોડની ફાઈનલમાં ૩ મિનિટ અને ૨૦.૬૦ સેકન્ડમાં પુરી કરીને બ્રોન્ઝ મેડલ વિજેતા બનેલી ભારતીય ટીમના એથ્લેટસ યુવક-યુવતિઓ હાથમાં તિરંગા લઈને આનંદ મનાવી રહ્યા છે.

# ટી-૨૦ વર્લ્ડકપ માટે ટીમ ઓસ્ટ્રેલિયાની જાહેરાત: ૨૬ વર્ષીય ઈંગ્લીસને સ્થાન; અનેક થયા બહાર

**નવીદિલ્હી, તા.૧૯**

**ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ટી-૨૦ વર્લ્ડકપ માટે ૧૫ ખેલાડીઓની ટીમ જાહેર કરી દીધી છે. થોડા દિવસ પહેલાં ઘૂંટણની સર્જરી કરાવનારા એરોન ફિન્ચને જ ટીમની કમાન સોંપવામાં આવી છે. ઓસ્ટ્રેલિયાની ટીમે અત્યાર સુધીમાં એક પણ વખત ટી-૨૦ વર્લ્ડકપ જિત્યો નથી. આવામાં ટીમે ચોંકાવતાં જોસ ઈંગ્લીશને ટીમમાં જગ્યા આપી છે. ૨૬ વર્ષીય વિકેટકિપર-બેટસમેન ઈંગ્લીશે ટી-૨૦ બિગબેશ લીગ અને ઈંગ્લેન્ડમાં ટી-૨૦ ટૂર્નામેન્ટમાં સારું પ્રદર્શન કર્યું છે. વર્લ્ડકપના મુકાબલા ૧૭ ઓક્ટોબરથી ૧૪ નવેમ્બર સુધી યુએઈ અને ઓમાનમાં રમાશે.**

## સ્મિથ, વોર્નર, ફિન્ચ, મેક્સવેલની વાપસી: કેરી, હેનરીકેસ સહિતનાને સ્થાન ન મળ્યું

ટી-૨૦ આંતરરાષ્ટ્રીમાં ઓસ્ટ્રેલિયાની ટીમનું પ્રદર્શન સારું રહ્યું નથી. પાછલા દિવસોમાં તેને બાંગ્લાદેશ અને વેસ્ટ ઈન્ડિઝ સામે હાર મળી હતી. ટીમ સતત પાંચ શ્રેણી હારી ચૂકી છે જેના કારણે ઝાય રિચર્ડસન, એન્ડ્રુ ટાય, જેસન બેહરનડોર્ફ, એલેક્સ કેરી, મોઈસેસ હેનરિકેસ, જોસ ફિલિપ અને એસ્ટન ટર્નરને ટીમમાં સામેલ કરવામાં આવ્યા નથી. આ તમામ ટીમમાં જગ્યા બનાવવા માટે પ્રબળ દાવેદાર હતા.




જે ખેલાડીને ટીમમાં સામેલ કરીને સૌની આશ્ચર્યમાં મુકી દેવાયા છે તે જોસ ઈંગ્લીશ અત્યાર સુધી એક પણ આંતરરાષ્ટ્રય મેચ રમ્યો નથી પરંતુ ટી-૨૦માં તેનું પ્રદર્શન શાનદાર રહ્યું નથી. તે ૬૩ મેચમાં ૩૩ રનની સરેરાશથી ૧૬૪૫ રન બનાવી ચૂક્યા છે અને તેમાં તેણે બે સદી અને ૧૧ અર્ધસદી બનાવી છે.

**ટીમ ઓસ્ટ્રેલિયા**

એરોન ફિન્ચ (કેપ્ટન), એસ્ટન એગર, પેટ કમિન્સ, જોશ હેઝલવૂડ, જોસ ઈંગ્લીશ, મિચેલ માર્શ, ગ્લેન મેક્સવેલ, કેન રિચર્ડસન, સ્ટીવ સ્મિથ, મિચેલ સ્ટાર્ક, માર્કસ સ્ટોઈનિસ, મિચેલ સ્વીપ્સન, મેથ્યુ વેડ, ડેવિડ વોર્નર અને એડમ ઝેમ્પા, ડેન ક્રિસ્ટન, નાથન એલિસ, ડેવિયન સેમ્સ.

# પાકિસ્તાનમાં ક્રિકેટ સ્ટેડિયમનું ખેતર બનાવી લોકો આદુ-મરચાની ખેતી કરવા લાગ્યા

ઈસ્લામાબાદ, ૧૯

પાકિસ્તાનમાં છેલ્લા કેટલાક વર્ષોથી ક્રિકેટનું સ્તર ગગડી ગયું છે. જેના પરિણામે ત્યાંના સ્થાનિક લોકો હવે સ્ટેડિયમમાં આદુ-મરચાની ખેતી કરવા લાગ્યા છે. અત્યારે સોશિયલ મીડિયામાં સ્ટેડિયમના ચોંકવાનારા વીડિયો વાઈરલ થતા પૂર્વ ક્રિકેટર શોએબ અખ્તર પણ ગુસ્સે થયો હતો. ઉલ્લેખનીય છે કે મોટાભાગની વિદેશી ટીમ આંતકવાદીઓના ભયથી પાકિસ્તાન જવા માટે તૈયાર થતી નથી. આના સિવાય પાકિસ્તાન સુપર લીગ પણ દેશની બહાર યુએઈમાં આયોજિત થતી હોવાથી સ્થાનિક સ્ટેડિયમોની હાલત દયનીય બની જવા પામી છે. જ્યાં ક્રિકેટના મહાસંગ્રામ રમાવાના હોય ત્યાં લોકોએ હવે ખેતી કરવાનું શરૂ કરી દીધું છે.

પાકિસ્તાનના એઆરવાય ન્યૂઝે ઘટસ્ફોટ કર્યો છે કે પંજાબ પ્રાંતમાં સ્થિત ખાનેવાલ સ્ટેડિયમની હાલત દયનીય બની ગઈ છે. ચોંકાવનારી વાત એ રહી કે જે ક્રિકેટ સ્ટેડિયમનું નિર્માણ કરોડો રૂપિયાના રોકાણ બાદ કરાયું હતું, ત્યાં પ્રેક્ટિસ મેચ તથા ડોમેસ્ટિક ગેમ રમવાને બદલે સ્થાનિકો આદુ-મરચાની ખેતી કરતા નજરે પડ્યા છે. અત્યારે પાકિસ્તાન સહિત મોટાભાગના દેશોમાં આ સ્ટેડિયમનો વીડિયોની વાઈરલ થઈ રહ્યો છે.

ખેતરમાં પરિવર્તિત થયેલા આ ખાનેવાલ સ્ટેડિયમમાં પ્રેક્ટિસ એરિયા, પેવેલિયન સહિત ઘણી સુવિધાઓ ઉપલબ્ધ છે. તેમ છતાં અહીં ક્રિકેટર્સને ડોમેસ્ટિક લેવલ પર પ્રેક્ટિસ કરાવવાની જગ્યાએ કરોડોના ખર્ચે બનેલા ક્રિકેટ સ્ટેડિયમનો ઉપયોગ એક ખેતર તરીકે કરાઈ રહ્યો છે.

વાઈરલ વીડિયો જોયા પછી ભૂતપૂર્વ પાકિસ્તાની ફાસ્ટ બોલર શોએબ અખ્તર પણ રોષે ભરાયો હતો. એણે કહ્યું હતું કે આ સ્ટેડિયમનો ઉપયોગ નેશનલ અને ઈન્ટરનેશનલ લેવલની મેચ રમવા માટે કરવાનો હતો. પરંતુ આ શું થઈ રહ્યું છે? મેનેજમેન્ટની આટલી મોટી બેદરકારીના પગલે હું ઘણો નિરાશ થયો છું. ૨૦૦૯માં શ્રીલંકન ટીમની બસ પર આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. જેના પરિણામે મોટભાગની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટીમે પાકિસ્તાનમાં રમવા જવાની ના પાડી દીધી હતી. જેથી કરીને પાકિસ્તાનમાં આતંરરાષ્ટ્રીય ક્રિકેટ ઠપ થઈ જવા પામ્યું છે. જોકે આગામી સપ્ટેમ્બર મહિનામાં ન્યૂઝીલેન્ડની ટીમ પાકિસ્તાન પ્રવાસે જશે અને ત્યાર પછી ઈંગ્લેન્ડ તથા ઓસ્ટ્રેલિયન ટીમ પણ પાકિસ્તાન મેચ રમવા માટે જવાની છે.



૧૭ ઓક્ટોબરથી ટી-૨૦ વર્લ્ડ કપની શરૂઆત થવા જઈ રહી છે. આ ટૂર્નામેન્ટની હાઈવોલ્ટેજ એલ-ક્લાસિકો મેચ ૨૪ ઓક્ટોબરના દિવસે દુબઈમાં રમાશે. પાકિસ્તાની ટીમ વર્લ્ડ કપમાં ઈન્ડિયાને ક્યારેય હરાવી શકી નથી. બંને ટીમ ટી-૨૦ન કપમાં ૫ વાર સામ-સામે આવી ચૂકી છે અને આ તમામ મેચમાં ઈન્ડિયાએ પાકિસ્તાનને હરાવ્યું હતું.

જોકે આ વખતે વર્લ્ડ કપ યુએઈમાં રમાશે. ઈન્ડિયન ટીમ છેલ્લા ૧૫ વર્ષમાં અહીં એકપણ ટી-૨૦ મેચ રમી નથી, જ્યારે પાકિસ્તાની ટીમ યુએઈમાં ૩૬ મેચ રમી ચૂકી છે. પાકિસ્તાનના રેકોર્ડ્સની વાત કરીએ તો એણે ૩૬માંથી ૨૧ મેચ જીતી છે જ્યારે ૧૩ મેચમાં પાકિસ્તાની ટીમને હારનો સામનો કરવો પડ્યો છે. આ તમામ સ્ટેટ્સને વધુ વિગતવાર જોઈએ તો યુએઈમા છેલ્લા પાંચ વર્ષની અંદર પાકિસ્તાને ૧૧ મેચ રમી છે અને તે તમામ મેચમાં એણે જીત પ્રાપ્ત કરી છે.

# અમે ડખ્ખાથી બિલકુલ ડરતાં નથી, ટીમ ઈન્ડિયા ધક્કો આપશે તો અમને જવાબ આપતાં આવડે છે



**ઈંગ્લેન્ડના કોચ બડાઈ હાંકી: ઝઘડાની શરૂઆત ભારતના ખેલાડીઓએ કરી હતી**

નવીદિલ્હી, તા.૧૯

ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે બીજા ટેસ્ટ મેચ દરમિયાન બન્ને ટીમના ખેલાડીઓ વચ્ચે મેદાન ઉપર જોરદાર માથાકૂટ થતી જોવા મળી હતી. જો કે તેનાથી ઈંગ્લેન્ડ ટીમ બિલકુલ પણ વિચલિત થઈ નથી. ટીમના કોચ ક્રિસ સિલ્વરવુડે જણાવ્યું કે અમે લોકો ઝઘડાથી બિલકુલ ડરતાં નથી અને જો ટીમ ઈન્ડિયા તેને તોડવાની કોશિશ કરશે તો તેનો જવાબ આપતાં પણ આવડે છે. ભારતે લોર્ડસમાં રમાયેલા બીજા ટેસ્ટ મેચમાં જીત હાંસલ કરી પાંચ મેચની શ્રેણીમાં ૧-૦ની લીડ બનાવી લીધી છે. ત્રીજો ટેસ્ટ ૨૫ ઓગસ્ટથી હેડિંગ્લેમાં રમાશે. ક્રિસ સિલ્વરવુડે કહ્યું કે જરૂરી વાત એ છે કે અમે લડાઈથી બિલકુલ ડરતાં નથી. જો તેઓ અમને ધક્કો આપશે તો અમને પણ આકરો જવાબ આપતાં આવડે છે. આ એક શાનદાર ટેસ્ટ હતો પણ તેનું પરિણામ અમારા માટે નિરાશાજનક રહ્યું છે. મેદાન ઉપર મતભેદ પણ થયા હતા. મારા ખ્યાલથી આ મતભેદ સારા છે. ખેલાડી અંદરોઅંદર ટકરાયા અને મેં પણ તેનો આનંદ ઉઠાવ્યો હતો. મેચના ચોથા દિવસે બુમરાહે જેમ્સ એન્ડરસનને બાઉન્સર ફેંક્યો હતો પરંતુ તે એન્ડરસનને પસંદ પડ્યો નહોતો અને પરત ફરતી વખતે તેણે બુમરાહને કશુંક કહ્યું હતું. આ પછી વિવાદ શરૂ થઈ ગયો હતો.

કેપ્ટન કોહલીએ પણ જવાબ આપ્યો હતો. અંતિમ દિવસે જ્યારે મોહમ્મદ શમી અને જસપ્રીત બુમરાહ બેટિંગ કરી રહ્યા હતા ત્યારે આખી ઈંગ્લીશ ટીમ બુમરાહ ઉપર હુમલા કરી રહી હતી. ક્રિસ સિલ્વરવુડે કહ્યું કે જો અમે બીજી વખત આ સ્થિતિમાં પહોંચીએ છીએ તો અમારે પ્લાન બનાવવાની જરૂર પડશે. મને આક્રમક વલણથી બિલકુલ વાંધો નથી. ભારતે આ ઝઘડાથી શરૂઆત કરી હતી અને અમે તો માત્ર જવાબ આપવાની કોશિશ કરી રહ્યા હતા. જીતનો શ્રેય ભારતને આપવાની જરૂર છે.



**અફઘાન સેનાએ પીછેહટ કરતા તાલિબાનોને લાભ**

# તાલિબાનોએ અત્યાધુનિક હથિયારો પર કબજો જમાવ્યો

કાબુલ, તા.૧૯

અમેરિકન સૈનિકોની ઘર વાપસી બાદ તાલિબાને માત્ર દસ દિવસમાં અફઘાનિસ્તાન પર કબ્જો જમાવી દીધો છે.

વધારે ચોંકાવનારી વાત એ છે કે, અફઘાન સેનાની પીછેહઠના કારણે તાલિબાનને અમેરિકા અને રશિયા જેવા દેશોના ઘાતક હથિયારો પણ કબ્જો કરવાનો મોકો મળી ગયો છે.આ હથિયારોમાં રશિયન બનાવટના એમઆઈ-૨૪ એટે હેલિકોપ્ટર, અમેરિકાના યુએચ-૬૦ બ્લેક હોક હેલિકોપ્ટર, રશિયન બનાવટના એમઆઈ ૮ પ્રકારના હેલિકોપ્ટર તેમજ બ્રાઝિલમાં બનેલા હળવા વજનના લડાકુ વિમાનોનો સમાવેશ થાય છે.

**આ હથિયારોમાં રશિયન એમઆઈ-૨૪ એટે હેલિકોપ્ટર, યુએસના યુએચ-૬૦ બ્લેક હોક હેલિકોપ્ટરનો સમાવેશ**

સાથે સાથે તાલિબાનને બખ્તરબંધ વાહનો પણ મળી ગયા છે.જેમાં અમેરિકન હમવી પ્રકારના વાહનોનો સમાવેશ થાય છે.સેંકડોની સંખ્યામાં લશ્કરી ટ્રકો પણ તાલિબાનને મળી ગઈ છે.જેનો ઉપયોગ હથિયારો અને સૈનિકની હેરફેરમાં થતો હોય છે.

અફઘાન સેના મોટી સંખ્યામાં હજારો ગ્રેનેડ, રોકેટ, બંદુકો અને લાખો કારતૂસો તેમજ મોટી સંખ્યામાં દારુગોળો છોડી ગઈ છે.અમેરિકાનુ સ્કેન ઈગલ ડ્રોન પણ તાલિબાનના હાથમાં આવી ગયુ છે.રશિયામાં બનાવાયેલા ટી-૫૫ ટેક્ન તેમજ અમેરિકાના ૫૦થી વધારે એમ-૧૧૧૭ ટેક્ન તાલિબાનના કબ્જામાં છે.આ હથિયારો અફઘાન સેનાને આપવામાં આવ્યા હતા.

જોકે કયા હથિયાર કેટલી માત્રામાં તાલિબાન પાસે છે તે તો ખબર નથી પડી પણ અફઘાન સેનાની પીછેહઠથી તાલિબાન શસ્ત્ર સરંજામની રીતે વધારે મજબૂત બની ચુકયુ છે.તાલિબાન સામે હવે વિરોધી સંગઠનોની લડાઈ આ હથિયારોના કારણે વધારે મુશ્કેલ બનશે.

**અફઘાનિસ્તાની સત્તા હડપવા**

# અબ્દુલ ગની જૂથ અનસ હક્કાની જૂથમાં ગળાકાપ હરિફાઈ

(જી.એન.એસ.)

કાબુલ તા.૧૯

અફઘાનિસ્તાનના નેવુ ટકા પ્રદેશો ઉપર કબજો જમાવ્યા બાદ હવે એવું લાગી રહ્યું છે કે, તાલિબાનો પોતાની સરકાર બનાવશે, પરંતુ તેઓ સરકારની રચના કરશે જ એમ કોઈ સત્તાવાર જાહેરાત થાય તે પહેલા જે ઘટનાક્રમ અને તસ્વીરો મીડિયામાં પ્રસિદ્ધ થઈ છે તે અનેક પ્રશ્નાર્થ ઉભા કરે છે.




સૌથી પહેલો અને અત્યંત મહત્ત્વનો એવો એક પ્રશ્ન ઉભો થયો છે કે, શું અફઘાનિસ્તાની સત્તા હડપવા તાલિબાન નેતાઓમાં અંદરોઅંદર ભાગલા પડી ગયા છે ? આંતરરાષ્ટ્રીય રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા થઈ રહી છે કે તાલિબાની નેતાઓ બે જૂથમાં વહેંચાઈ ગયા છે.૨૦ વર્ષ પહેલાં અફઘાનિસ્તાનમાં જ્યારે તાલિબાનોની હાર થઈ ત્યારે હમિદ કરજાઈ ત્યાંના રાષ્ટ્રપતિ હતા, હવે આજે જે તસ્વીરો મીડિયામાં પ્રસિદ્ધ થઈ તેમાં હમિદ કરજાઈ તાલિબાન નેતાઓ સાથે સરકાર રચવાના મુદ્દે પરામર્શ કરતા દેખાયા હતા.

હમિદ કરજાઈ ઉપરાંત તેમની સરકારમાં મંત્રી રહી ચૂકેલા અબ્દુલ્લા અબ્દુલ્લા પણ તાલિબાન નેતાઓ સાથે ચર્ચામાં જોડાયા હતા અને તાલિબાનોના અગ્રણી ગણાતા નેતા અનસ હક્કાનીની મુલાકાત કરી હતી.આ ઘટનાક્રમ બાદ જાતજાતની શંકા- કુશંકા અને અટકળો વહેતી થઈ ગઈ હતી. કેટલાક રાજકીય વર્તુળોમાં એવી ચર્ચાએ જોર પકડયું હતું કે તાલિબાન નેતાઓ બે જૂથમાં વહેંચાઈ ગયા છે. એક જૂથ અબ્દુલ ગની બરાદરનું છે જે ૨૦ વર્ષ બાદ અફઘાનિસ્તાન પરત ફર્યું છે, જ્યારે બજેં જૂથ અનસ હક્કાનીનું છે. આ બંને નેતાઓ વચ્ચે અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ બનવાની સ્પર્ધા જામી છે તેથી આ નેતાઓ વધુ ને વધુ તાલિબાનોનો ટેકો મેળવવામાં પ્રવૃત્ત થઈ ગયા છે. દરમ્યાન અમરૂલ્લાહ સાલેહે પોતાને જ દેશના રાષ્ટ્રપતિ જાહેર કરી દીધા છે. મંગળવારે તેમણે આ મુજબની ઘોષણા કરી હતી. તાલિબાનોના વિજય પહેલા અશરફ ગનીની સરકારમાં અમરૂલ્લા ઉપરાષ્ટ્રપતિ હતા.

**પશ્ચિમ રેલવે**

**સુરત -મહુવા વચ્ચે સુપરફાસ્ટ સ્પેશિયલ એક્સપ્રેસ ટ્રેન દોડાવશે**

| ટ્રેન નં. | પ્રારંભનું સ્ટેશન અને ગંતવ્ય | શરૂ કરવાની તારીખ | સેવાના દિવસો | ઉપડશે | પહોંચશે |
|---|---|---|---|---|---|
| ૦૯૦૪૯ | સુરત - મહુવા (અઠવાડીયામાં પાંચ દિવસ) | ૨૧.૦૮.૨૦૨૧ | બુધવાર અને શુક્રવાર સિવાય | ૨૨.૦૦ કલાકે | ૦૯.૦૫ કલાકે (બીજા દિવસે) |
| ૦૯૦૫૦ | મહુવા - સુરત (અઠવાડીયામાં પાંચ દિવસ) | ૨૦.૦૮.૨૦૨૧ | ગુરુવાર અને શનિવાર સિવાય | ૧૯.૩૫ કલાકે | ૦૬.૩૫ કલાકે (બીજા દિવસે) |

**રોકાણના સ્ટેશનો** : વડોદરા, અમદાવાદ, વિરમગામ, સુરેન્દ્રનગર ગેટ, બોટાદ જં., ધોળા જં., ઢસા જં., સાવરકુંડલા અને રાજુલા જં., સ્ટેશનો પર બંને તરફથી રોકાશે.

**સંયોજન** : એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લિપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ સીટીંગ કોચિસ.

ટ્રેન સંબંધિત વિગતવાર સમય અને સ્ટોપેજ માટે કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો

કન્ફર્મ ટિકિટ હોય તે જ મુસાફરો આ ખાસ ટ્રેનોમાં પ્રવાસ કરી શકશે

મુસાફરોને બોર્ડિંગ દરમિયાન, મુસાફરી દરમિયાન અને મુકામ પર કોવિડ-૧૯થી સંબંધિત તમામ ધોરણો એસઓપી અને સુચનાઓનું પાલન કરવાની સલાહ આપવામાં આવે છે.

ટ્રેન નં.૦૯૦૪૯ અને ૦૯૦૫૦ માટે બુકિંગ નોમિનેટેડ પીઆરએસ કાઉન્ટર્સ અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર ખુલ્લું છે. આ ટ્રેન સ્પેશિયલ ભાડા પર સંપૂર્ણપણે આરક્ષિત સ્પેશિયલ ટ્રેન તરીકે ચાલશે.

પશ્ચિમ રેલ્વે
www.wr.indianrailways.gov.in
અમને પસંદ કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: twitter.com/WesternRly

બધી આરક્ષિત ટિકીટો માટે ઓળખપત્ર સાથે રાખો

### લવજેહાદ કાયદાને પડકારતી અરજીમાં હાઈકોર્ટનો વચગાળાનો આદેશ

# લોભલાલચ, છળકપટ કે બળજબરીથી લગ્ન કર્યાનું પુરવાર થશે તો જ ફરિયાદ થઈ શકશે

અમદાવાદ,તા.૧૯

રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવાયેલા લવ જેહાદના કાયદાને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. આ અરજી સંદર્ભે હાઈકોર્ટે લવ જેહાદ કાયદાની કેટલીક કલમોની અમલવારી પર મનાઈ હુકમ ફરમાવ્યો છે. આ સાથે હાઈકોર્ટે એવું અવલોકન કર્યું છે કે, લોભલાલચ, છળકપટ કે પછી બળજબરી વિનાના બે જુદા જુદા ધર્મની વ્યક્તિના લગ્નને લવ જેહાદ કાયદા હેઠળ ધર્માંતરણનો ગુનો ગણી શકાય નહીં, વિધર્મી યુગલ જો લગ્ન કરે તો તેમને બિનજરૂરી હાલાકી ન થાય એ માટે તેમને રાહત આપતો હાઈકોર્ટે વચગાળાનો આદેશ કર્યો છે.

હાઈકોર્ટે નોંધ્યું હતું કે, આંતરધર્મીય લગ્ન બળજબરી કે લોભ લાલચમાં થયું હોય તે પુરવાર કર્યા વગર ફરિયાદ દાખલ થઈ શકશે નહીં. તેમજ લવ જેહાદના કાયદામાં કલમ ત્રણ, ચાર, પાંચ અને છના સુધારા અંગે મનાઈ હુકમ આપ્યો છે. રાજ્ય સરકાર દ્વારા વિધાનસભામાં ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) બિલ ૨૦૨૧ (લવ જેહાદ વિરોધી કાયદો) પસાર કરી તેનો અમલ શરૂ કર્યો છે. આ કાયદાને હાઈકોર્ટમાં પડકારતી અરજી કરવામાં આવી હતી. આ અરજીને લઈ સરકારે હાઈકોર્ટમાં જવાબ રજૂ કર્યો હતો કે આંતરધર્મીય લગ્ન પર પ્રતિબંધ નથી મુકાયો પરંતુ તેમાં બળજબરી, લાલચ અને છેતરપીંડીથી થતા ધર્માંતરણ



કરવા લગ્નનો એક માધ્યમની જેમ ઉપયોગ ન થાય તે માટે આ સુધારો કરવામાં આવ્યો છે. હાઈકોર્ટે આ પિટિશનની સુનાવણી ૧૯ ઓગસ્ટના રોજ નિયત કરી હતી.

ચીફ જસ્ટીસ વિક્રમનાથ અને જસ્ટીસ બિરેન વૈષ્ણવની ખંડપીઠ સમક્ષ એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ રજૂઆત કરી હતી કે, આ કાયદા દ્વારા લગ્ન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો જ નથી. લગ્નના માધ્યમથી બળજબરી, લાલચ કે છેતરપીંડીથી થતા ધર્માંતરણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. અને તેની સામે કાયદાકીય પગલાંઓની જોગવાઈ કરવામાં આવી છે. આ ગુનાઓમાં પૂર્વ મંજુરી વિના પ્રોસિક્યુશન પણ શરૂ કરવામાં આવશે નહીં. સામાન્ય આઈ.પી.સી. ગુનાઓની જેમ પોલીસ ફરિયાદ નોંધાયા બાદ તરત પ્રોસિક્યુશન શરૂ નહીં થાય.

અરજદાર તરફથી એવી રજૂઆત કરાઈ હતી કે, નવા સુધારા પ્રમાણે લગ્ન પર પ્રતિબંધ ન હોય અને બળજબરીથી ધર્માંતરણ પર પ્રતિબંધ હોય તો બળજબરીથી ધર્માંતરણ સામેની જોગવાઈ પહેલા પણ હતી જ તો પછી આ સુધારો કરવાની શું જરૂર હતી. જેની સામે સરકારે જવાબ આપતા કહ્યું હતું કે, આ મુદ્દે ઘણી બધી બાબતોનું ધ્યાન રાખવાનું હોય છે ધારો કે, લગ્ન પહેલા ધર્માંતરણ થાય લગ્ન પછી ધર્માંતરણ થાય અને ધર્માંતરણ થાય પરંતુ ત્યારબાદ લગ્ન જ ન થાય. લોકોના હિતને ધ્યાનમાં રાખીને જ આ સુધારો કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે આ કાયદામાં પાંચ વર્ષની સજા અને ૨ લાખ રૂપિયા દંડ, જ્યારે સગીર સાથેના ગુનામાં ૭ વર્ષ સુધીની સજા અને ૩ લાખનો દંડ કરાશે. જ્યારે અનુસૂચિત જાતિ, જનજાતિની સ્ત્રી સાથેના ગુનામાં ૭ વર્ષની સજાની જોગવાઈ કરાઈ છે.

### કાયદાની કલમ ૩,૪,૫ અને ૬ લગ્નની બાબતના સુધારા પર હાઈકોર્ટનો મનાઈ હુકમ

# શાળાઓમાં ૫૦ ટકા ફી માફીની માંગ સાથે હાઈકોર્ટમાં અરજી

અમદાવાદ,તા.૧૯

રાજ્યની શાળાઓમાં ચાલુ શૈક્ષણિક વર્ષ ફીમાં ૫૦ ટકા ઘટાડો કરવાની માંગ સાથે ઓલ ગુજરાત વાલી મંડળ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે આ અરજી સંદર્ભે આગામી દિવસોમાં વધુ સુનાવણી હાથ ધરાશે.

અરજદાર વાલી મંડળ દ્વારા કરાયેલી અરજીમાં રજૂઆત કરવામાં આવી છે કે, કોરોના મહામારીના કારણે લોકોના વેપાર- ધંધાને મોટો ફટકો પડ્યો છે. આ ઉપરાંત લોકડાઉન અને રાત્રિ કરફ્યુના લીધે પણ લોકોના ધંધા-રોજગાર પર અસર થઈ છે. જેના કારણે લોકોની આવકમાં મોટો ઘટાડો થયો છે. આ સંજોગોમાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં શાળાઓમાં ૫૦ ટકા ફી માફી આપવામાં આવે. રાજ્ય સરકારે ચાલુ વર્ષે શૈક્ષણિક વર્ષ દરમિયાન શાળાઓની ફી માફી મુદ્દે કોઈ નિર્ણય કર્યો નથી જો કે, ગત વર્ષ ૨૦૨૦-૨૧માં સરકાર દ્વારા શાળાઓમાં ૨૫ ટકા ફી માફી આપવામાં આવી હતી. ચાલુ શૈક્ષણિક વર્ષમાં હજુ સુધી કોઈ નિર્ણય નહીં લેવાતા હાઈકોર્ટમાં



અરજી કરવામાં આવી છે. જેમાં ફી ઘટાડા અંગે સરકારને જરૂરી નિર્ણય લેવા નિર્દેશ આપવા માંગ કરાઈ છે.

આ અંગે અરજી કરનાર ઓલ ગુજરાત વાલી મંડળના પ્રમુખ નરેશ શાહે જણાવ્યું હતું કે, મે અન્ય વાલીઓના હિતમાં હાઈકોર્ટમાં ૫૦ ટકા ફી માફી માટે જાહેર હિતની અરજી કરી છે. અત્યારે ઓનલાઈન અને ઓફલાઈન શિક્ષણ ચાલી રહ્યું છે. સ્કૂલોના ખર્ચા પણ નથી થઈ રહ્યા અને વાલીઓની આર્થિક પરિસ્થિતિ પર પણ અસર પડી છે જેના કારણે સ્કૂલો ૫૦ ટકા ફી માફી કરે તો વાલીઓને રાહત મળશે રાજ્ય સરકારે પણ વાલીઓના હિતમાં નિર્ણય લઈને ફી માફી કરવી જોઈએ.

### કોરોનાના પગલે વેપાર-ધંધા પર અસર થઈ હોવાની અરજદારની રજૂઆત





# દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ

અમદાવાદ,તા.૧૯

**દક્ષિણ ગુજરાતમાં વરસાદની ધમાકેદાર શરૂઆત થઈ છે, આજે સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે સુરત, નવસારી, વાપી અને વલસાડ જિલ્લામાં વરસાદ વરસી રહ્યો છે. મેઘરાજા મહેરબાન થતા વલસાડ અને પારડી પંથકમાં ધોધમાર ૫-૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો. ભારે વરસાદથી અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા વાપી અને ધરમપુરમાં ૪-૪ ઈંચ વરસાદ વરસ્યો હતો ઉમરગામ, ખેરગામ અને ઉમરપાડામાં અઢી ઈંચ આકાશી પાણી પડ્યું હતું આ ઉપરાંત વઘઈ, કપરાડા, દાહોદ, અંકલેશ્વરમાં ૨-૨ ઈંચ વરસાદ નોંધાયો હતો.**

## વલસાડ અને પારડીમાં ૫-૫ ઈંચ, વાપી- ધરમપુરમાં ૪-૪ ઈંચ વરસાદ:અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

રાજ્યના ૯૬ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં ૧૫ તાલુકાઓમાં ૧ થી ૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ વરસાદની આગાહી કરી છે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડી શકે છે. જ્યારે મધ્ય અને અત્તર ગુજરાતના ભાગોમાં મધ્યમ વરસાદની સંભાવના વ્યકત કરી છે. રાજ્યમાં હજુ ૪૮ ટકા વરસાદની ઘટ છે.

ઘણાં લાંબા સમય બાદ દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાનું ધમાકેદાર આગમન થતાં ખેડૂતોમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે. વરસાદના કારણે મકાઈ, બાજરી, તુવેર, ડાંગર સહિતના પાકને જીવતતાન મળ્યું છે. વલસાડ જિલ્લામાં

### વરસાદના પગલે પાકને જીવનદાન:ખેડૂતોમાં ખુશી

ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે. વલસાડ અને પારડીમાં સાડા ચાર ઈંચ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારોની સોસાયટીઓમાં પાણી ઘૂસી ગયા હતા અન્ય તાલુકાઓમાં દોઢથી ત્રણ ઈંચ વરસાદ વરસ્યો છે. રાજ્યમાં વરસાદ ખેંચાતા પાક સુકાવવાની તૈયારીમાં હતો જો કે, વલસાડ જિલ્લામાં વાવણીલાયક વરસાદ થતા ખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો છે. વલસાડના ભાગ ડાવડા અને કોસંબાને જોડતા માર્ગ પર પાણી ફરી વળ્યા હતા. જેના કારણે વાહન ચાલકોને મુશ્કેલી પડી હતી. સુરતમાં અઠવા, પારલે પોઈન્ટ, પાલ, અડાજણ, વેસુ, વીઆઈપી રોડ, ઉધના સહિતના વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે.

આ ઉપરાંત નવસારી જિલ્લામાં જલાલપોર, ગણદેવી, વાંસદા, ઘેરગામ ચીખલી સહિત આસપાસના વિસ્તારોમાં વરસાદ વરસ્યો હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. સૌરાષ્ટ્રમાં પણ છૂટાછવાયા સ્થળોએ વરસાદ પડ્યો હતો.

### મણિનગરની સુમનસજની સોસાયટીની ભેદી ઘટના

# મર્ડર કર્યા બાદ કાકાના મિત્રને હત્યારાએ હત્યા તેમજ આપઘાત બાબતે ફોન કર્યો હતો

અમદાવાદ,તા.૧૯

શહેરના મણિનગર વિસ્તારમાં માતા અને કાકાની હત્યા કરી ત્રણવાર આપઘાતનો પ્રયાસ કરવાની ઘટનાનું રહસ્ય ઘેરૂ બની ગયું છે. ગંભીર હાલતમાં રહેલા યુવાનની પૂછપરછ બાદ જ આ ઘટનાનો ભેદ ઉકેલાઈ શકે તેમ પોલીસ જણાવી રહી છે.

જાણવા મળતી માહિતી અનુસાર શહેરના મણિનગર વિસ્તારની સુમનસજની સોસાયટીમાં રહેતા રજનીભાઈ પંડ્યાનું થોડા વર્ષો અગાઉ મૃત્યુ થયું હતું ત્યાં તેમના પત્ની વંદનાબહેન, ભાઈ અમૂલભાઈ અને પુત્ર વરૂણ રહેતા હતા.

જો કે, બેકાર અને અલગ માનસિકતા ધરાવતા વરૂણે તેના કાકા અને માતાની ફાંસો આપી ત્રણ દિવસ અગાઉ હત્યા કરી હતી બન્નેને ફાંસો આપ્યા બાદ તેણે પંખે લટકીને તેમજ ચપ્પુ મારી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

બે દિવસ માતા-કાકાની લાશ પાસે રહ્યા બાદ તેણે મ્યુ. કોર્પો.માં અમૂલભાઈ સાથે અગાઉ કામ કરતાં કર્મીને ફોન કર્યો હતો વરૂણે ફોન કરીને જણાવ્યું હતું કે, મેં તા.૧૬ના રોજ માતા અને કાકાની હત્યા કરી છે તેમજ હું આપઘાત કરૂ છું.

### પોલીસે મોબાઈલ, ચપ્પુ, દોરડું કબજે કર્યું: પરિવાર કોઈની સાથે સંપર્કમાં રહેતો ન હતો

તેથી અમૂલભાઈના મિત્રએ વરૂણના સંબંધીને ફોન કરીને કહ્યું હતું કે, હું બિમાર છું તેમજ વરૂણનો આ પ્રકારનો ફોન હતો તેથી ધર્મીલ નામના વરૂણના સંબંધી પોલીસ કંટ્રોલ રૂમને ફોન કરતાં ઈસનપુર પીઆઈ જેવી રાણા તથા સ્ટાફ તેઓના ઘેર પહોંચ્યા હતા અને ચોંકી ઉઠ્યા હતા એક જ રૂમમાં વંદનાબહેન અને અમૂલભાઈના મૃતદેહ પડ્યા હતા તેજ રૂમમાં ગંભીર હાલતમાં વરૂણ જોવા મળતા તુરત જ તેને ૧૦૮ મારફતે હોસ્પિટલમાં ખસેડાયો હતો.

વંદનાબહેનની લાશ શેટી ઉપર અને અમૂલભાઈની લાશ જમીન ઉપર પડી હતી. આ હત્યારાને કોઈની સાથે સંબધ ન હોવાનું તેમજ પરિવારને પણ પાડોશીઓ સાથે બોલવા-ચાલવાનો વ્યવહાર ન હોવાનું ખુલવા પામ્યું હતું.

ધર્મીલને ૧૫ મહિના પછી આ પરિવાર બાબતે ફોન ગયો હોવાનું જાણવા મળ્યું હતું આ પરિવાર કોઈના સંપર્કમાં રહેતો ન હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે. પોલીસે ચપ્પુ અને દોરડુ કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

પીઆઈના જણાવ્યા અનુસાર વરૂણના નિવેદન બાદ સાચી માહિતી મળી શકે તેમ છે. તેનો મોબાઈલ ફોન કબજે કર્યો છે. હત્યા કર્યા બાદ બે દિવસથી તે ભૂખ્યો- તરસ્યો મૃતદેહો જોડે રહ્યો હોવાનું મનાઈ રહ્યું છે.



**ભારતમાં છેલ્લા બે વર્ષથી કોરોનાની અસરના પગલે દેશ સહિત ગુજરાતમાં તમામ તહેવારો ઉપર સરકારે કડક અંકુશો મુકેલા છે. છેલ્લા ઘણાં સમયથી ગુજરાતમાં કોરોનાના કેસમાં ઘટાડો નોંધાતા ગુજરાત સરકારે તહેવારો માટે એસઓપીના પાલન સાથે તહેવારોની ઉજવણી કરવાની છુટછાટો આપી છે ત્યારે ગણેશોત્સવ માટે પીઓપીની મૂર્તિ ઉપર પ્રતિબંધ મુકતા માટી અને ઈકો ફ્રેન્ડલી ગણેશની પ્રતિમાની માંગ વધી છે. શહેરનો એક વેપારી ઈકો ફ્રેન્ડલી ગણેશની મૂર્તિ સાથે દૃશ્યમાન થાય છે.*****

# જામનગર પંથકમાં ભૂકંપથી દોડધામ

રાજકોટ,તા.૧૯

ગુજરાતના સૌરાષ્ટ્રમાં આજે મોડી સાંજે ભૂકંપના ભારે આંચકા અનુભવાયા છે. રિકટર સ્કેલ પર આંચકો ૪.૩નો




હોવાની સત્તાવાર માહિતી આવી છે. લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. લોકો રીતસરના ઘરની બહાર નીકળી આવ્યા હતા. હાલમાં સમગ્ર સૌરાષ્ટ્રમાં ભૂકંપ અંગેની ચર્ચા ચાલી રહી છે. ભૂકંપના કેન્દ્રબિંદુ અંગે તંત્ર વિગતો મેળવી રહ્યું છે. જે જામનગરથી માત્ર ૧૪ કિ.મી. દૂર નોંધાયું છે જામનગર, રાજકોટ અને પોરબંદર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં આંચકો અનુભવાયો છે. ગામડાઓમાં પણ લોકો હચમચ્યા છે. સૌરાષ્ટ્રમાં ૩ ભૂકંપના આંચકા આવ્યા હોવાના સમાચાર છે. જામનગરના કાલાવડ શહેર અને તાલુકાના ગામોમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. આ ભૂકંપનો આંચકો બેથી ત્રણ સેકન્ડ માટે અનુભવાયો હતો. જામનગરમાં ભૂકંપનો આંચકો અનુભવાતા લોકોમાં ભારે ભયનો માહોલ જોવા મળ્યો હતો.

જામનગર સહીત આસપાસના વિસ્તારોમાં આંચકો અનુભવાયો છે. જામનગર ૧૪ કી.મી. દૂર એપી સેન્ટર આવેલું હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે. સાંજે ૭.૧૩ વાગે આંચકો નોંધાયો છે. આ આંચકાની તિવ્રતા ૪.૩ નોંધાઈ છે. જામનગર તેમજ આસપાસના ગામમાં ભૂકંપનો આંચકો અનુભવ્યો હતો. સિક્કા, વસઈ સહિતના ગામમાં લોકોમાં ફફડાટ વ્યાપ્યો હતો. કાલાવડ શહેર અને તાલુકાના હરિપર, ખંઢેરા, માટલી, ખાંનકોતડા, બેરાજા સહિતના અનેક ગામોમાં અસર થઈ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં લોકો ભૂકંપનો આંચકો અનુભવ્યો છે.

### ૪.૩ તિવ્રતાનો આંચકો: સૌરાષ્ટ્રના કેટલાંક વિસ્તારોમાં આંચકો અનુભવાયો; એપી સેન્ટર જામનગરથી ૧૩ કિ.મી. દૂર

# અમદાવાદમાં રોગચાળો વકર્યો

અમદાવાદ,તા.૧૯

શહેરમાં ઓગસ્ટ મહિનામાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો વકરી રહ્યો છે. તા.૧૪ ઓગસ્ટ સુધીમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો માથું ઉંચકી રહ્યો છે. આગામી દિવસોમાં ઝાડા-ઉલટી, ટાઈફોઈડ, કમળાના કેસોમાં વધારો થવાની શક્યતા હોવાનું માનવામાં આવે છે. તંત્ર દ્વારા સાવચેતીરૂપે



